
'પુષ્પા' હિટ થતા રશ્મિકાએ કહ્યું, વધારે જોઈશે પત્રપુષ્પમ....

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

info@gujaratvandan.com | www.gujaratvandan.com સાપ્તાહિક

RNI No.GUJGUJ/2016/68288


તમને રસ્તામાં ઘાયલ પક્ષી જોવા મળે તો તાત્કાલિક 1962 નંબર પર કરો કોલ

કરૂણા અભિયાનનો પ્રારંભ - વોટ્સએપમાં 8320002000 ઉપર 'Karuna'મેસેજ કરો ટાઇપ




તંત્રી : નિકુંજ એસ. પટેલ ● મેનેજિંગ તંત્રી : દિનેશ એલ. રાજપુત ● સહ તંત્રી : પ્રવીણ આર. ઘમંડે ● ટે.નં. ૦૭૯-૪૮૯૮૭૧૧૧ વિક્રમ સંવત : 2078 ● પોષ સુદ - 11 ● કુલ પાનાં 12 ● કિંમત ૫ ● ગુરુવાર 13, જાન્યુઆરી, 2022 ● Vol - 5 , Issue No - 3

વડાપ્રધાનના ખાસ વિશ્વાસુ ઉત્તરપ્રદેશના નવા સીએમ...!!

# યુપીમાં ફરી ભગવો, પણ સીએમપદે ભગવાધારી નહીં..!

**ગુજરાત વંદન**

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ જાહેક થતાં જ આયા રામ ગયા રામનો ખેલ શરૂ થયો છે. જેને ગુજરાતમાં 2017માં થયેલી રાજકીય ઘટનાઓ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. 2017માં ચૂંટણીઓ પહેલા વિપક્ષ-કોંગ્રેસના 14 ધારાસભ્યોએ રાજીનામાં આપીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ઉત્તર પ્રદેશમાં ઉલટી ગંગાની જેમ સત્તા પક્ષમાંથી વિપક્ષમાં જવાનું વલણ જોવા મળી રહ્યું છે. યોગી સરકારના કેબિનેટ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્ય અને અન્ય ત્રણ ધારાસભ્યો ભાજપનો ખેસ એક બાજુ મૂકીને સપામાં જોડાઇ લાલ ટોપી પહેરવાનું પસંદ કર્યું છે. કહેવાય છે કે, સ્વામી પ્રસાદ મૌર્ય મુખ્યમંત્રી યોગીની કાર્યશૈલીથી નારાજ હતા. અને જો ફરીથી ભાજપની સરકાર બને તો તેમણે મંત્રી મંડળમાં સ્થાન નહી મળે અથવા હવે યુપીમાં ભાજપની નહીં પણ સપાનું જોર જણાય છે. એવી રાજકીય ગણતરીઓ સાથે મૌર્ય અને ત્રણ ધારાસભ્યોએ અખિલેશ યાદવ સાથે સાઇકલ સવારી પસંદ કરી છે. મરાઠા કિંગ શરદ પવાર ત્યાં સુધી કહે છે કે, યુપી ભાજપમાં હજુ ઘણા ધારાસભ્યો પક્ષ છોડશે. કેમકે, ભાજપની સરકાર ફરી બની રહી નથી. આ તમામ રાજકિય ઘટનાઓ, પવારની આગાહી, સપાની તરફેણમાં લહેર અને યોગીની કાર્યશૈલી સામે નારાજગી તેમ છતાં યુપીમાં ફરીથી ભાજપનો ભગવો લહેરાય તેવા સ્પષ્ટ રાજકીય એંધાણો મળી રહ્યા છે. અલબત્ત, નાવ સીએમ પદે યોગી ન પણ હોય...!

આઇપીએલ-ઇન્ડિયન પ્રિમિયર લીગ-ના

**રાજકીય હવામાન વર્તારો**

સ્પોન્સરશીપમાંથી ચઇનીઝ વિવો કંપની હટી ઘઇ છે અને દેશ કા "રતન" ટાટાની એન્ટ્રી થઇ છે. દેશમાં પણ આઇપીએલ-ઇન્ડિયન પોલીટીકલ લીગ-પાંચ રાજ્યોમાં શરૂ થઇ ગઇ છે. પાંચ રાજ્યો યુપી, પંજાબ, ઉતરાખંડ,ગોવા અને મણીપુરમાંથી ભાજપની નજર યુપીમાં ફરી સત્તા જાળવી રાખીને 2024નો રસ્તો સરળ કરવાનો છે. કેમ કે દિલ્હી સર કરવાનો રસ્તો વાયા લખનૌ થઇને જાય છે.દિલ્હીમાં પાવર કોરિડોરમાં ચાલતી ચર્ચા મુજબ, ભાજપની નેતાગીરીએ ચૂંટણીઓના 6 મહિના પહેલાં યુપીમાં નેતૃત્વ પરિવર્તન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ ઉપ-યોગી યોગીએ મચક આપી નથી. ખુદ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને તેમના ખભે હાથ મૂકીને સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ યોગી અડગ રહ્યાં.5 જૂન 2022ના રોજ 50 વર્ષ પૂરા કરનાર ઠાકૂર જ્ઞાતિના યોગી આદિત્યનાથને ભાજપે 26 માર્ચ, 2017ના રોજ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપરદેશની જવાબદારી સોંપી. પણ પાંચ વર્ષ પૂરા થતાં થતાં જે તમામ ઘટનાઓ આકાર લીધી તેના કારણે આખો મામલો વડાપ્રધાન અને ચૂંટણી વ્યૂહરચનના સારાજાણકાર અમિતભાઇ શાહે પોતાના હાથમાં લઇને રણનીતિ અમલમાં મૂકી છે.



ભાજપે યુપીની ચૂંટણીઓમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં બીજા રાજ્યોમાંથી પોતાના વિશ્વાસુ

- ચૂંટણીઓ જાહેર થતાં જ ભાજપમાં ભડકો
- મંત્રી સહિત ધારાસભ્યોએ પહેરી 'લાલ ટોપી' અને ચલાવી સાયકલ
- એ.કે શર્માના માદરે વતન મઉમાં જાહેરાત- શર્માજી બનશે નવા યુપીના કર્ણધાર
- પંજાબમાં પંજો જીતે તો ચમત્કાર
- ઉત્તરાખંડમાં પરિણામ ઉડતી પતંગ સમાન
- ગોવામાં ફિર એક બાર મીલીજુલી....
- મણીપુરમાં ૫૦-૫૦

**ખાસ અહેવાલ - પ્રવીણ ઘમંડે**

ધારાસભ્યોને બોલાવીને જવાબદારી સોંપી પણ જો કે અહેવાલ એવી છે કે યોગીને તે પસંદ પડ્યુ નથી, યોગી પર નિયંત્રણ રાખવા કેન્દ્રીય સેવામાંથી વિશ્વાસુ સનદી અધિકારી એ.કે. શર્માને રાજીનામુ અપાવીને યુપી મંત્રીમંડળમાં મૂકવા મોકલવામાં આવ્યાં હતા. પરંતુ તેમાં યોગીએ સાથ ન આપતાં શર્માને યુપી ભાજપના ઉપ્પ્રમુખ બનાવવા પડ્યા અને ચૂંટણીઓ જાહેર થઇ ગઇ છે ત્યારે શર્માને ચૂંટણીમાં ઉભા રાખવામાં આવે તેમ છે. તેમના માટે સલામત બેઠક પસંદ કરાય તેમ છે. પાવર કોરિડોરની ચર્ચા કહે છે કે ચૂંટણીઓ જાહેર 7 જાન્યુ.ના રોજ યુપીના મઉમાં ભાજપના પૂર્વ સાંસદ હરિનારાયણ રાજભરે એ.કે. શર્માની હાજરીમાં જાહેર કરી દીધુ કે, શર્મા ભવિષ્યના મુખ્યમંત્રી છે, અમે શર્માજીને મુખ્યમંત્રી બનાવવા માટે કમ કરીશું. આ અંગેનો વિડિયો ખૂબ વાઇરલ થયો છે. રાજકીય બાબતોના અભ્યાસુઓ તેને એ રીતે જોઇ રહ્યાં છે કે વડાપ્રધાનના ખાસ વિશ્વાસુની હાજરીમાં ભાજપના પૂર્વ સાંસદની આ જાહેરાત સીધો યોગીની તરફ ઇશારો હોવાનું મનાય છે. યુપીનો 1985 પછીનો રાજકિય ઇતિહાસ દર્શાવે છે કે 1985 બાદ યુપીમાં બીજીવાર કોઇ મુખ્યમંત્રીપદે આવ્યાં નથી. ગોરખપુરમાં નાથ સંપ્રદાયના મઠપૂજારી યોગી આ રાજકીય માન્યતા તોડવા માંગે છે યુપીની ચૂંટણીઓ બાદ પોતે જ સીએમ છે એમ માનીને પ્રચારના પોસ્ટરમાં લખ્યુ છે-રાજતિલક કી કરો તૈયારી, આ રહે હૈ ભગવાધારી. પરંતુ હરિનારાયણ રાજભરનો ઇશારો જોઇએ તો ભાજપ જે રાજ્યમાં 2024ની લોકસભા ચૂંટણીઓમાં 80માંથી 75 બેઠકો જીતવાનો લક્ષ્યાંક રાખી રહી છે તે યુપીમાં આગામી મુખ્યમંત્રી ભગવાધારી (યોગી) નહીં પણ આ રહે હૈ અધિકારી(શર્મા)....એ રીતે સમજાઇ રહ્યું છે. પંજાબમાં કોંગ્રેસે ફરીથી સત્તા મેળવવા લોઢાના ચણા ચાવવા પડે તેમ છે. જો ફરીથી પંજાબમાં પંજાની સરકાર બને તો તે ચમત્કાર કહેવાશે. ઉત્તરાખંડમાં 50-50 ચાલી રહ્યું છે. ફરીથી ભાજપ અથવા કોંગ્રેસ મેદાન મારી જાય તેમ હાલના વર્તુળો જણાવી રહ્યા છે. જો કે ઉત્તરાખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપની તરફેણમાં સઢ ફેરવી નાખે તો નવાઇ નહીં. પ્રવાસીઓ માટે સ્વર્ગ સમાન ગોવામાં મીલીજુલી સરકાર બને તેમ રાજકિય હવામાનનો વર્તાવો જણાવે છે. ગોવામાં ટીએમસી અને મમતા દીદીએ પણ પ્રવેશ કર્યો છે. જો કે, કોંગ્રેસે ભાજપને આ વખતે સત્તાથી દુર રાખવા ટીએમસીને સાથ આપવા માનસિક તૈયારી રાખી છે. ગઇ વખતે કોંગ્રેસની બેઠકો વધારે હોવા છતાં



સરકાર રચવામાં થયેલા વિલંબથી ભાજપે સોગઠી મારી અને સરકાર બનાવી લીધી હતી. આ વખેતે ત્યાં પણ આયારામ ગયારામ જેવું બન્યું છે. ભારે ઉલટફેર અને ઉથલ પાથલ મચી છે. પૂર્વોત્તરના મણીપુરમાં ભાજપ કોંગ્રેસે જોર લગાવ્યું છે. પણ ભાજપ મેદાન મારી જાય તેમ હવામાનનો વર્તાવો કહી રહ્યો છે.

સંસ્કારી નગરીનું માથુ શરમથી ઝૂક્યું

## ન્યુ વી.આઈ.પી રોડ પાસેના પાર્કિંગમાં બસમાં સગીરા સાથે દુષ્કર્મ

**પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી**

ACP ભરત રાઠોડે જણાવ્યું હતું કે, શહેરમાં મજૂરી કામ કરતા દાહોદ-મધ્યપ્રદેશ બોર્ડરના ગામના આદિવાસી પરિવારના એક યુવાને તેના બે મિત્રોની મદદ લઇ તેની જ જ્ઞાતિની સગીરાને ન્યુ VIP રોડ ઉપર પાર્ક કરાતી લક્ઝરી બસો પૈકી એક બસમાં લઇ જઇ દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ હરણી પોલીસ મથકમાં નોંધાઇ છે. 10 દિવસ પહેલાં બનેલા આ બનાવ અંગેની ફરિયાદ હરણી પોલીસ સ્ટેશનમાંમાં પીડિતાના પિતાએ નોંધાવતા પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી કરી દીધી હતી. પરંતુ, આરોપીઓ મળી આવ્યા ન હતા.

**ગુજરાત વંદન**

વડોદરાના ન્યુ. વી.આઇ પી રોડ પાસેના પાર્કિંગના બસમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હોવાનુ સામે આવ્યુ છે. હજી તો વડોદરામાં કથિત દુષ્કર્મ બાદ ટ્રેનમાં આપઘાતની ઘટનાનું કોકડું ઉકેલાયુ નથી તેવામાં હવસખોરોએ સગીરાને નિશાન બનાવી. આ શખ્સો સગીરાને ન્યુ.વી.આઇ.પી રોડ પાસેના પાર્કિંગમાં લઇ ગયા અને ત્યાં પડેલી બસમાં સગીરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યુ આચર્યું. ઘટનાને પગલે સગીરાએ પરિવારને જાણ કરતા 3 શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.હરણી પોલીસે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધીને આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

પોલીસે શરૂઆતમાં 4 દિવસ સુધી ફરિયાદ નોંધી ન હતી. પીડિતા અને તેના પરિવારને પોલીસ સ્ટેશનના ધક્કા ખવડાવ્યા હતા. પીડિતા અને તેના કાકા હરણી અને વારસિયા પોલીસ સ્ટેશનના ધક્કા ખાતા રહ્યા હતા. પણ પોલીસે આ ઘટનાને ગંભીર ગણવાની તસ્દી સુદ્ધા લીધી ન હતી. આમ, વડોદરા પોલીસની કામગીરી પર ફરી એકવાર સવાલો ઉઠ્યા છે. આ અગાઉ પણ વડોદરા પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. જે બતાવે છે સંસ્કારી નગરીમાં હવે મહિલાઓ સલામત નથી.

# ઉત્તરાયણના દિવસે પતંગબાજો વચ્ચે 'અવકાશી યુદ્ધ' જામશે



**પંતગ ઉડાડવાની સાથે ગોળ ચિક્કી- અને ઉંધીયાની લહેજત માણવાની મજા જ કંઈક ઓર છે**

**ગુજરાત વંદન**

આસ્થા અને ઉલ્લાસના સરવાળા સમાન ઉત્તરાયણનું પર્વ ગુજરાતભરમાં ઉજવાશે. ઉત્તરાયણના પર્વ નિમિત્તે સવારથી પતંગબાજો વચ્ચે 'અવકાશી યુદ્ધ' જામશે અને 'એ કાયપો છે....' , 'ચલ ચલ લપેટ...'ના ગગનભેદી નાદથી માહોલ ગૂંજી ઉઠશે. આ ઉપરાંત ઉંધીયું-જલેબીની જ્યાફત જાણે સોનામાં સુગંધ ઉમેરવાનું કામ કરશે. અમદાવાદમાં ઉત્તરાયણ જેટલું જ મહત્ત્વ વાસી ઉત્તરાયણનું હોય છે અને તેની પણ મંગળવારે ઉલ્લાસપૂર્વક ઉજવણી થશે.

અમદાવાદમાં દિલ્હી ચકલા, કાલુપુર ટંકશાલ, રાયપુર, પાલડી, મણીનગર, સેટેલાઇટ, એસજી હાઇ વે સહિતના વિસ્તારોમાં પતંગ-ફિરકીની છેલ્લી ઘડીની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. આ વખતે ઉત્તરાયણ શુક્રવાર અને વાસી ઉત્તરાયણ શનિવારે હોવાથી સળંગ ૩ દિવસ રજા મળશે. અમદાવાદની પોળમાં ઉત્તરાયણનો રોમાંચ અનેરો જ હોય છે. ખાસ પોળમાં ઉત્તરાયણ કરવા માટે દેશ-વિદેશથી લોકો આવતા હોય છે. અમદાવાદની અનેક ક્લબમાં પણ ડીજેના તાલ સાથે પતંગ ચગાવવાના આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત હવે અમદાવાદીઓ માટે કોઇ પણ તહેવાર ઉજવવા રીવરફ્રન્ટ નવું 'હોટ સ્પોટ' બની ગયું છે. આવતીકાલે શાહીબાગથી લઇને એનઆઇડી પાલડી સુધીના રીવરફ્રન્ટમાં મોટી સંખ્યામાં પતંગરસિયાઓ ઉમટી પડશે.

આવતીકાલે ફક્ત અમદાવાદમાંથી હજારો કિલોગ્રામ ઉંધીયા-જલેબીનું વેચાણ થશે. જેના માટે અમદાવાદમાં ઠેકઠેકાણે કાઉન્ટર પણ બનાવવામાં આવ્યા છે. ઉંધીયું-જલેબી ઉપરાંત, બોર, શેરડી, ચીકી, તલના લાડુનો સ્વાદ પણ લોકો માણશે. અનેક સોસાયટી, એપાર્ટમેન્ટમાં સાંજે 'ધાબા પાર્ટી'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે તુકલ ચગાવવા સાથે આતશબાજી પણ થશે. આમ, આવતીકાલે સવારે ઉત્તરાયણ અને સાંજે દિવાળી જેવો માહોલ જોવા મળશે.


**ગુજરાત વંદન**



**એજન્સી આવકાર્ય**

ગુજરાત વંદન અખબાર માટે ગુજરાતમાં દરેક ગામ અને શહેરમાં એજન્સી લેવા માટે નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

**બિઝનેસ ઓફિસઃ**

820, 8મો માળ લોબી-2, સાકાર-9
જૂની આરબીઆઈની બાજુમાં, આશ્રમ રોડ,
અમદાવાદ-380009.

મો.નં. 98795 94604




## મકરસંક્રાંતિ નિમિત્તે દાન-દક્ષિણાનું મહત્ત્વ

આવતીકાલે મકરસંક્રાંતિ સાથે ધનુર્માસની પણ પૂર્ણાહૂતિ થશે. મકર સંક્રાંતિએ દાન-દક્ષિણાનું પણ વિશિષ્ટ મહત્વ છે. આ તહેવારમાં શેરડી, પીળા રંગના વસ્ત્રોને દાન આપવાનું મહત્વ છે. આ પ્રસંગે અમદાવાદના મંદિરોમાં પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. હિંદુ સંસ્કૃતિમાં મૃત્યુને પણ ઉત્તરાયણના સૂર્યમાં જ પવિત્ર માન્યું છે. બાણ શય્યા પર પોઢેલા ભીષ્મ પિત્તામહે ઉત્તરાયણની પ્રતિક્ષામાં જ મૃત્યુને રોકી રાખ્યું હોવાની કથા છે. શાસ્ત્રવિદોના મતે મકરસંક્રાંતિ પર્વ સૂર્ય આધારીત છે. સૂર્ય મકર સંક્રાંતિમાં પ્રવેશ કરે ત્યારે તેને મકર સંક્રાંતિ કહેવામાં આવે છે. મકરસંક્રાંતિએ કરેલા દાન કાર્યથી સામાન્ય કરતાં અનેકઘણા ફળની પ્રાપ્તિ થાય છે. પવિત્ર નદીઓમાં મકરસંક્રાંતિ સ્નાન કરવાથી રોગ-શોક દૂર થાય છે, પાપ હણાય છે અને ઋણમુક્ત થવાય છે. આ વખતે ૧૪ જાન્યુઆરીએ સૂર્ય સાંજે ૭:૫૨ના ધન રાશિ છોડીને મકર રાશિમાં પ્રવેશ કરે છે. જેથી સંક્રાંતિનો પુણ્યકાળ સંક્રાંતિ શરૂ થવાના ૬ કલાક અગાઉ એટલે કે લગભગ બપોરે બે વાગ્યાથી શરૂ થશે અને સંક્રાંતિ શરૂ થવાના સમય સુધી રહેશે. આ પછી ૧૫ જાન્યુઆરીના સૂર્યોદયથી શરૂ કરીને સૂર્યાસ્ત સુધી પણ ધાર્મિક રીતે પુણ્ય ગણાશે. સંક્રાંતિનો પુણ્યકાળ માનવીને રોગ અને ઋણમાંથી મુક્ત કરે છે. આ દિવસે સૂર્યનારાયણની ઉપાસના કરવાથી પુણ્ય ફળ મળે છે.

### સીજી રોડ પર ચાલતા

# ગેરકાયદે ઈન્ટરનેશનલ ટેલિફોન એક્સેચેન્જનો પર્દાફાશ

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમની ટીમે હાથ ધર્યું સંયુક્ત ઓપરેશન

ગુજરાત વંદન

અમદાવાદ શહેરના સીજી રોડ પર ચાલતા ગેરકાયદે ઇન્ટરનેશનલ ટેલિફોન એક્સેચેન્જનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમની ટીમ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારતના અનેક લોકોના કોલ રિરાઉટ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

કહેવાય છે કે, સેશન ઇનિસિએશન પ્રોટોકોલ (SIP) પર આધારીત આ એક્સચેન્જ એક જાણિતી ઈન્ટરનેટ ટેલિફોની પ્રોટોકોલ ક્લાઉડ બેઝ્ડ સર્વિસ છે. આ રેકેટનો માસ્ટરમાઈન્ડ શેરિયાર નામનો વ્યક્તિ છે જે મૂળરૂપે બાંગ્લાદેશના ઢાકાનો વતની છે અને હાલ દુબઈ રહે છે. પોલીસે કહ્યું કે તેણે આ એક્સચેન્જ બનાવવામાં મદદ કરી હતી. જેના દ્વારા ખૂબ મોટી સંખ્યામાં પાકિસ્તાન, ભારત અને બાંગ્લાદશમાંથી ઈન્ટરનેશનલ કોલને રાઉટ કરવામાં આવ્યા હતા.




**પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારતના અનેક લોકોના કોલ રિરાઉટ કરવામાં આવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું.**

શેરિયાર વિરુદ્ધ લુક આઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે.

તે હાલ દુબઈમાં રહેતો હોવાનું મનાય છે. એટલું જ નહીં આ કોલ્સથી ટેલીકોમ કંપનીઓને પણ મોટું નુકસાન વેઠવું પડ્યું છે. અધિકારીએ કહ્યું કે ‘અમે ફક્ત 1098 એસઆઈપી લાનના કોલ ડેટાનો રેકોર્ડ જ પ્રાપ્ત કરી શક્યા છે. એક લાઈન એકવારમાં 1000 કોલ અટેન્ડ કરી શકે છે. અમારું પ્રાથમિક લક્ષ્ય કુલ 2700 કોલની ડિટેઇલ મેળવવાનું હતું. ઊંડી તપાસ કરતા વધુ માહિતી સામે આવી શકે છે. આ 43 લાખ કોલ તો ફક્ત હિમશિલાની ટોચ જેવા હોઈ શકે છે.’આ રેકેટનો ખુલાસો ત્યારે થયો જ્યારે અધિકારીઓને માહિતી મળી કે સરખેજ નિવાસી તબરેજ કટારિયા ગેરકાયદે ટેલીફોન એક્સચેન્જ ચલાવી રહ્યો છે.

કટારિયાના એક્સચેન્જે જ્યાં ઇન્ટરનેટ ટેલિફોનીને રેગ્યુલેટ કરવામાં આવી છે તેવા દેશોમાં વીઓઆઈપી કોલને જીએસએમ કોલમાં કન્વર્ટ કર્યા હતા. કટારિયાએ કેરળના એક વ્યક્તિની મદદથી ખાડી દેશમાં રહેલા પોતાના મુખ્ય સંચાલકને આ ગેરકાયદે સેવા આપવા માટે એક એસઆઈપી લાઈનનો ઉપયોગ કર્યો હતો. પાછળથી જાણમાં આવ્યું કે દુબઈનો રહેવાસી રફીક બાબુ પણ તેના સાથીદારો પૈકી એક હતો. જેની વધુ તપાસમાં શેરિયારના આ મોટા રેકેટની કડીઓનો પર્દાફાશ થયો હતો. જેનું યુએઈની ટેલિકોમ કંપનીમાં જોડાણ હોવાનું પોલીસનું કહેવું છે. તપાસકર્તાઓએ અનુમાન લગાવ્યું છે કે તેણે યુએઈ અને અન્ય ગલ્ફ દેશોમાં કામ કરતા કેટલાક મજૂરોને કોલિંગ કાર્ડ આપ્યા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે 43 લાખ કોલ્સની વાત કરીએ તો તે તમામ વાતચીતની વિગતો તપાસવી માનવીય રીતે અશક્ય છે.

### અકસ્માત કરીને પૈસા પડાવતા, પોલીસે શરૂ કરી તપાસ

# સરદારનગર વિસ્તારમાં ફેક્ચરના નામે ખંડણી ઉઘરાવતી ગેંગ ઝબ્બે

ગુજરાત વંદન

શહેરમાં અકસ્માત કરીને પૈસા પડાવતી ગેંગનો સરદારનગર પોલીસે પર્દાફાશ કર્યો છે. કુબેરનગર નજીક ડોક્ટરની ગાડી સાથે અકસ્માત કરીને ફેક્ચરના નામે ખડણી ઉઘરાવતા આરોપી ગેંગની પોલ ખુલી ગઈ છે. જોકે સરદારનગર પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય કેટલા લોકોને આવી રીતે અકસ્માતના નામે પૈસા પડાવ્યા હતા તે બાબતે વધુ પૂછપરછ શરૂ કરી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે પૈસા પડાવવા અને



ખંડણી ઉઘરાવવા અનેક ગેંગ અમદાવાદમાં ધીરે ધીરે સક્રિય થઈ રહી છે. ત્યારે વધુ એક ગેંગે અમદાવાદમાં આંતક મચાવ્યો છે. એક્સિડન્ટ કરીને ફેક્ચર થયું હોવાનું કહીને ઓપરેશનના નામે ખંડણી ઉઘરાવવાની મોડેસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો છે. આ ગેંગની હકીકત ત્યારે સામે આવી જ્યારે એક ડોક્ટર સાથે આ ગેંગે કાર સાથે અકસ્માત કર્યો ઘટનાની વાત કરીએ તો કુબેરનગરમાં રહેતા ડોકટર મનોજ કોડવાણી ક્લિનિકથી પોતાના કારમાં જઈ રહ્યા હતા. ત્યારે આ એક્સિડન્ટ ગેંગના બે વ્યક્તિ એક્ટિવા લઈને આવીને અકસ્માત સર્જ્યો હતો. જેમાં ઉંમર પઠાણને હાથમાં ફેક્ચર થયું, અને ડોકટર પાસે રૂ 65 હજારના ઓપરેશનના માંગ્યા હતા. ડોક્ટરે એક્સરે પડાવીને ઓર્થોપેડિક ડોક્ટરની મદદ લીધી તો આ ગેંગનો ભાંડો ફૂટ્યો હતો. આ ગેંગએ અગાઉ પણ આ પ્રકારે એક્સિડન્ટના નામે પૈસા પડાવ્યા હોવાનું સામે આવતા ડોક્ટરે સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.આ ઘટનામાં CCTV કેમેરામાં કેદ થયેલા શખ્સ ઉંમર પઠાણ છે અને પોલીસ કસ્ટડીમાં ઝડપાયેલા સાગરિતનું નામ મહેશ ઠાકોર છે. આ આરોપી પોતાનુ વાહન લઈને નીકળતા હતા અને ત્યારબાદ કોઈ પણ વાહન સાથે અકસ્માત કરીને ફેંકચરનુ નાટક રચતા હતા. ઉમરના હાથના ખંભે પહેલેથી ફેકચર છે. પરંતુ આરોપીએ ઓપરેશન કરાવવાના બદલે આ ફેકચરથી લોકોને લૂંટવાનુ ષડયંત્ર શરૂ કર્યુ. તે અકસ્માત કરીને એકસરે કઢાવતો હતો. જયા ફેંકચર બતાવવા હતા અને હોસ્પિટલમાં સારવારના ખર્ચ પેટે પૈસા પડાવતા હતા.

આ પ્રકારે આ ગેંગ અનેક લોકોને ટાર્ગેટ કર્યા હોવાનો ખુલાસો થયો છે. પરંતુ જયારે એક ડોકટરને ઠગવાનો પ્રયાસ કર્યો તો ખબર પડી કે આ ફેકચર 2018માં થયેલુ છે. અને છેલ્લા ચાર વર્ષથી આ ગેંગ અકસ્માત કરીને લોકો પાસેથી પૈસા પડાવી રહ્યા છે. આ એક્સિડેન્ટ ગેંગે અનેક લોકો પાસેથી ફેંકચરના નામે ખંડણી ઉઘરાવી છે. આ ગેંગનો માસ્ટર માઈન્ડ ઉમર પઠાણ હજુ ફરાર છે. જેથી પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

# કોરોનાથી એસ.ટી બસોમાં ૭૫ ટકા મુસાફરના નિયમથી મુંઝવણ

## ૩૫થી ૫૨ સીટોવાળી બસો અંગે નિગમે સ્પષ્ટતા કરી નથી

**કોરોનાના ઓમિક્રોન મ્યુટેશનને પગલે સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે ત્યારે એસ ટી બસોમાં ૭૫ ટકા મુસાફરો બેસાડવાનો આદેશ થયો છે**



ગુજરાત વંદન

કોરોનાનું સંક્રમણ વધતા જ એસ ટી બસોમાં 75 ટકા મુસાફરો બેસાડવાનો આદેશ કર્યો છે. પરંતુ માર્ગ ઉપર દોડતી બસોમાં 35થી લઇને 52 સીટોની કેપેસીટી હોય છે. આથી કેટલી સીટની કેપેસિટીની સામે કેટલા મુસાફરો બેસાડવા તેનો નિગમે આદેશ નહી કરતા ડ્રાઇવર અને કંડક્ટરો મુંઝવણ અનુભવી રહ્યા છે.

હાલમાં કોરોનાના ઓમિક્રોન મ્યુટેશનને પગલે સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે ત્યારે એસ ટી બસોમાં 75 ટકા મુસાફરો બેસાડવાનો આદેશ થયો છે. પરંતુ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા લાંબા અને ટુંકા અંતરવાળી અલગ અલગ બસો દોડાવાઈ રહી છે.

તેમાં અલગ અલગ સીટની કેપેસીટી હોય છે. આથી કેટલી સીટો હોય તો 75 ટકા લેખે કેટલા મુસાફરો બેસાડવા તેને લઇને ડ્રાઇવર અને કંડક્ટરો મુંઝવણમાં મુકાયા છે. જોકે ઘણી વખત બસની સીટોની સરખામણીએ થોડા વધારે મુસાફરો બેસી ગયા હોય તો અન્ય મુસાફરો ડ્રાઇવર અને કંડક્ટરની સાથે માથાકુટ કરતા હોય છે. ઉપરાંત એન્ડ્રોઇડ ફોનમાં વીડિયો ઉતારી સોશિયલ મિડિયામાં વાઈરલ કરતા છેવટે ડ્રાઇવર અને કંડક્ટરની સામે જ પગલાં લેવામાં આવે છે. નિગમ દ્વારા વિકાસ રૂટની બસમાં 44, બીએસ-6માં 52, ગુર્જર નગરીમાં 40 અને મિની બસમાં 35 જ્યારે વોલ્વો સ્લિપીંગમાં 30 અને એસ ટી નિગમની સ્લિપીંગમાં 15 સ્લીપીંગ અને 30 સીટીંગવાળી સીટોની કેપેસીટી હોય છે. ત્યારે સીટની કેપેસીટીની સામે 75 ટકા લેખે કેટલા મુસાફરો બેસાડવાનો નિગમ દ્વારા આદેશ કરાય.

# ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૨૧ અભયમની ટીમે ૩૮૧૪ પીડિત મહિલાઓને સુરક્ષા કવચ પૂરું પાડ્યું

## ૪૧૦ કિસ્સામાં સમાધાનકારી ઉકેલ લાવવામાં આવ્યો

ગુજરાત વંદન

ગાંધીનગર જિલ્લામાં વર્ષ-2021 દરમિયાન 181 અભયમ હેલ્પ લાઈનની ટીમ દ્વારા પારિવારિક સમસ્યા, નાના મોટા ઝગડા તેમજ આપઘાત કરવા નીકળેલી અને માનસિક સંતુલન ગુમાવીને ભૂલી પડેલી 3814 પીડિત મહિલાઓને તાત્કાલિક સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના બાળ અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને ગૃહ વિભાગ દ્વારા સંચાલિત 181 અભયમ મહિલા હેલ્પ લાઈન છેલ્લા છ વર્ષથી મહિલાઓને આકસ્મિક જરૂરિયાતના સંજોગોમાં મદદ, માર્ગદર્શન અને બચાવ માટે જરૂરી સુરક્ષા પૂરી પાડવામાં આવે છે. એમાંય તાલીમબદ્ધ મહિલા કાઉન્સિલર દ્વારા પીડિત મહિલાનાં શારીરિક, માનસિક અને આર્થિક સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કાઉન્સિલિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત રોમિયો દ્વારા કરાતી પજવણીના કિસ્સામાં પણ પોલીસ મથક સુધી પીડિતાની પડખે ઊભા




**મહિલાની પજવણી, આપઘાતના પ્રયાસ સહિતની વિવિધ સમસ્યાના નિરાકરણ માટે અવિરત સેવાઓ આપી**

રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હોય છે. આ અંગે 181 અભયમ મહિલા હેલ્પ લાઈનના ફાલ્ગુનીબેને જણાવ્યું હતું કે, 181ની ટીમ મહિલાની પજવણી, આપઘાતના પ્રયાસ, લગ્નેતર સંબંધો સહિતની મહિલાઓની વિવિધ સમસ્યાના નિરાકરણ માટે અવિરત સેવાઓ આપી રહી છે. જે અન્વયે વર્ષ - 2021 દરમિયાન ગાંધીનગર શહેર અને જિલ્લામાં 3814 મહિલાઓને 181ની ટીમ દ્વારા મદદ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. જેમાં ગંભીર પ્રકારના 805 કિસ્સામાં અભયમ હેલ્પ લાઈનની ટીમ સ્થળ પર પહોંચી જઈને ત્વરિત પીડિતાઓને મદદ પહોંચાડવામાં આવી છે. જ્યારે 410 કિસ્સામાં સમાધાનકારી ઉકેલ લાવવામાં આવ્યો છે. જ્યારે 201 મહિલાઓને પોલીસ મથકમાં તેમની સમસ્યા સંબંધિત ફરિયાદ દાખલ કરવામાં પણ ખડેપગે જોડે રહીને મહત્ત્વની ભૂમિકા ભજવવામાં આવી છે. આમ 181 મહિલા હેલ્પ લાઈન પીડિત મહિલાઓની સાચી સખી સહેલી તરીકે દિન પ્રતિદિન વધુને વધુ વિશ્વાસ સંપાદિત કરી રહી છે.

# ૧૭ જાન્યુઆરીથી ૩૧મેં સુધી સવારે ૯ થી ૬ અમદાવાદ એરપોર્ટ બંધ

ગુજરાત વંદન

અમદાવાદ એરપોર્ટને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમા 17 જાન્યુઆરીથી 31 મે સુધી એરપોર્ટ 9 કલાક રહેશે બંધ. સવારે 9 થી સાંજે 6 સુધી રન-વે રિકાર્પેટિંગની કામગીરી થશે. સાથેજ દરેક ફ્લાઈટો પણ સવારે 8 પહેલા અને સાંજે 6 વાગ્યા બાદ જ ઓપરેટ કરવામાં આવશે. સમગ્ર મુદ્દે એરપોર્ટ ઓથોરિટી દ્વારા અગાઉથીજ જાણ કરી દેવામાં આવી છે. જેથી મુસાફરોને વધારે તકલીફ ન પડે. આ સાથેજ 21 મે સુધી 33 જેટલી ફ્લાઈટોને પણ બંધ કરી દેવામાં આવી છે. ઉપરાંત 31મે સુધી 15 જેટલી ફ્લાઈટોને રિશેડ્યૂલ કરી દેવામાં આવી છે. રન-વે પર રિકાપેંટિગની કામગીરી ચાલી રહી છે જેથી આ શિડ્યુલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એરપોર્ટ પર રોજ 136 જેટલી ફ્લાઈટનું અવાગમન થાય છે. પરંતુ રન-વે પર રિકાર્પેટિંગની કામગીરીને કારણે હવે પ્રતિદિન 103 ફ્લાઈટનુંજ અવાગમન કરવામાં આવશે. આ કામગીરીને લઈને ઈન્ડિગો એર એજન્સી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે તેઓ તેમની વ્યસ્ત રૂટવાળી ફ્લાઈટ વડોદરાથી ઓપરેટ કરશે.

**જાહેર ચેતવણી**

અમારા અસીલ વિશ્રામભાઈ પ્રેમજીભાઈ ગામી રહે. 38-બી, બંસીધર સોસાયટી, વાસણા, પાલડી, અમદાવાદ હાલ મુકામ સરધાર, તા.જી. રાજકોટ નાઓ ની સૂચના થી આ જાહેર ચેતવણીથી જણાવીએ છીએ કે, અમારા અસીલે જી. અમદાવાદ, તા. બરવાળા, ગામ હેબતપુર ના સર્વે નં. 52/1 પૈકીની રેવન્યુ ખાતા નં. 406ની આશરે 1-61-87 હે. આર. ચો.મી. ની જૂની શરતની ખેતીની જમીન જેનો સમાવેશ ધોલેરા તાલુકામાં કરી નવો બ્લોક સર્વે નં. 240 આપવામાં આવેલ છે. તે તેના મૂળ માલિક સ્વ. હિરાભાઈ મંગાભાઈ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. 3208 તા.18/09/2008 થી વેચાણ રાખેલ છે. તેઓનું અવસાન થતાં તેઓનાં વારસો ગૌરીબેન તે હિરાભાઈ મંગાભાઈના વિધવા વિગેરે સામે સદર જમીન અંગે અમારા અસીલે ધંધુકા ના મે. સીનીયર જજ સાહેબની કોર્ટ માં સ્પે.દી.મુ. નં. 15/2019 તથા ધોલેરાના મે. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં દી.મુ. નં. 12/2019 થી કરેલ છે. આ રીતે આ કેસ નામદાર કોર્ટમાં સબ જ્યુડીશ હોઇ ઉપરોક્ત મૂળ જમીન માલિક ગૌરીબેન, રાજેશભાઈ, સુરેશભાઈ કે ભાનુબેન સાથે તકરારી જમીનનાં કોઇ એ કોઇ વ્યવહારોં કરવા નહીં. અને તેમ છતા કરશે તો તે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહીં અને તે શખ્સો વિરુદ્ધ અમારા અસીલ દિવાની તથા ફોજદારી કાર્યવાહી કરશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મહેન્દ્ર જે. પરીખ
એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ
એડ્રેસ : ચેમ્બર નં. 330, હાઈકોર્ટ કોમ્પલેક્ષ. 27, પારુલનગર શોપિંગ સેન્ટર, ભુયંગદેવ ચાર રાસ્તા, અમદાવાદ- 61
ફોન: 9879052065, 0790-48952065”

# ગુજરાતના ૨ હજારથી વધારે ખેડૂતો વિશ્વના ૨૦થી વધુ દેશોમાં કરે છે ખેતી



ગુજરાત વંદન

ગુજરાતીઓ આફ્રિકા ઉપરાંત ટાન્ઝાનિયા અને ઉઝ્બેકિસ્તાનમાં પણ ખેતી કરી રહ્યા છે, જેમાં વિવિધ ઔષધીઓ, ઋતુ પ્રમાણેનાં શાકભાજી અને હીંગની ખેતી સામેલ છે. તેઓ આવનારા સમયમાં મોટા પાયે પશુપાલનની પણ તૈયારી કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર વ્યાપાર ઉદ્યોગ મહામંડળના અધ્યક્ષ પરાગ તજુરાએ જણાવ્યું કે ૫ વર્ષમાં ઘણા ખેડૂતો વિદેશમાં ખેતી કરતા થયા છે, જેનું મોટું કારણ નીચી પડતર છે. આફ્રિકન દેશોમાં જમીનો ઘણી સસ્તી છે. મોટા ભાગનું અનાજ ત્યાંની સરકાર જ ખરીદી લે છે. વર્ષ ૨૦૧૭માં આફ્રિકન દેશોએ ગુજરાતને કુલ ૨.૨ લાખ એકર જમીન આપવાનું નક્કી કર્યું હતું, જેથી ત્યાંની ઉજ્જડ જમીન પર ખેતી થઇ શકે છે. ગુજરાતના ખેડૂતોએ સરકારની મદદથી સોયાબીન અને શાકભાજીની ખેતીમાં ઝડપથી વૃદ્ધિ દર્શાવી. ત્યાંના અધિકારીઓએ કહ્યું કે તેમની પાસે ઘણી ખાલી જમીનો પડી છે પણ કુશળ વ્યવસ્થાના અભાવે ખેતી નહોતી કરી શકાતી. તેમને વિશ્વાસ છે કે કોરોનાકાળ બાદ ગુજરાતના ઘણા ખેડૂતો આફ્રિકાના ૫૪ દેશમાં મૂડીરોકાણ કરશે. ગુજરાતમાં ઝડપભેર થઇ રહેલા વિકાસને પગલે ખેતીલાયક જમીન ઘટી ગઇ છે, જેને ધ્યાનમાં રાખીને ખેડૂતો હવે વિદેશોમાં જમીન લઇને ખેતી કરી રહ્યા છે. રાજ્યના લગભગ ૧,૮૦૦થી ૨ હજાર ખેડૂતો વિદેશોમાં જઇને ખેતી શરૂ કરી ચૂક્યા છે. છેલ્લાં ૫ વર્ષમાં આ ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૨૦ આફ્રિકન દેશમાં અંદાજે ૧૦ લાખ એકર જમીન પર ગુજરાતીઓ ખેતી કરી રહ્યા છે, જેમાંથી અંદાજે ૧૭ લાખ ટન અનાજ દર વર્ષે ભારતમાં લવાય છે.

**વર્ષે અંદાજે 17 લાખ ટન અનાજ મોકલે છે ભારત**

# ભારે વિવાદ વચ્ચે શહેઝાદ ખાન પઠાણ AMCના વિપક્ષના નેતા બન્યા



ગુજરાત વંદન

ભારે વિવાદ વચ્ચે AMCના વિપક્ષના નેતા તરીકે શહેઝાદખાન પઠાણની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે નીરવ બક્ષી AMCના વિપક્ષના ઉપનેતા બન્યા છે. વિપક્ષના દંડક તરીકે જગદીશ રાઠોડની વરણી કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે AMCના વિપક્ષના નેતા તરીકે જાહેર થયેલા શહેઝાદખાન પઠાણ દાણીલીમડાના કાઉન્સિલર છે, જ્યારે AMC વિપક્ષના ઉપનેતા તરીકે નક્કી થયેલા નીરવ બક્ષી દરિયાપુરના કાઉન્સિલર છે. તો જગદીશ રાઠોડ અમરાઇવાડી કાઉન્સિલર છે.

AMCના વિપક્ષના નેતા તરીકે ચૂંટાયેલા શહેજાદ ખાન પઠાણનો 10 કોર્પોરેટરોએ વિરોધ નોંધાવ્યો હતો. ભારે વિવાદ વચ્ચે વિપક્ષના 10 કોર્પોરેટરે બળવો કર્યો હતો અને રાજીનામા આપ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસ હાઈકમાન્ડે તેમાંથી 4ને શિસ્તભંગની નોટિસ ફટકારી હતી.

જેમાં કોર્પોરેટરને 7 દિવસમાં ખુલાસો કરવા નોટિસમાં જણાવવામાં આવ્યું છે. પછી કોર્પોરેટરના રાજીનામા અંગેનો મામલો કોંગ્રેસની શિસ્ત સમિતિને સોંપાયો હતો.




ઉતરાયણ પૂર્વ દોરીથી ગળા કપાતા હોવાની ઘટનાઓ બનતી હોય છે. જેમા ખાસ પક્ષિઓ પણ ઘવાતા હોય છે. તેવા સંજોગોમાં મણિનગર ખાતે જયહિંદ ચાર રસ્તા પાસે પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોર્જ ડાયસના અધ્યક્ષતામાં ‘‘ચાઈનીઝ દોરીના ઉપયોગ સામે જનજાગૃતિ અભિયાન’’ કાર્યક્રમ યોજાયો હતો. જેમા ધનજંય મેહતા, ડોલીબેન દવે, પ્રભાતસિંહ રાજપૂત, સંજય મેકવાન, મનીષ ઉપાધ્યાય અને આરીફ શેખ સહિત ઉપસ્થિત લોકોએ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનો ઉપયોગ ન કરવા નાગરીકોને અપીલ કરી હતી.

# કોરોનાના ડરથી બચવા નકારાત્મક વિચારોને તિલાંજલિ આપો - ડો. યાદવની સોનેરી સલાહ



ગુજરાત વંદન

પ્રકારનો ડરનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. કોરોનાને લીધે લોકોમાં ડર વધી રહ્યો છે. દેશ સહિત રાજ્યરભમાં કોરોનાના કેસમાં રીતસર વિસ્ફોટ થતાં તેની માનસિક અસરો પણ પડી છે. અનેક લોકો ડરના કારણે ડિપ્રેશનમાં આવી ગયા હોવાની ફરિયાદો પણ મળતી હોય છે. ત્યારે અમદાવાદના મનોચિકિત્સક રમાશંકર યાદવ (એમ. ડી. સાયકીયાટ્રી) દ્વારા એક વાતચીતમાં જાણવા મળ્યું કે, વાસ્તવમાં કોરોના જેવા ઘણા વાયરસ આ અગાઉ આવ્યા છે. પરંતુ કોરોનાને લઇને દેશ અને દુનિયામાં એ કડરનો માહોલ સર્જાવામાં આવ્યો છે. જેની સીધી અસર તંદુરસ્ત વ્યક્તિના તનમન ઉપર પણ જોવા મળી રહી છે.

બીમારીની ભયાનકતા સાથે જોડાયેલા નેગેટિવ વિચારો આવતા હોય છે ત્યારે ઘણી વખત ડર વધી જાય છે. આપણે કોરોનાના બીજા વેવ દરમિયાન સમાચારોમાં કોરોના કેસીસ વધવાની સાથે સાથે હોસ્પિટલમાં બેડ નથી, ૧૦૮ એમ્બ્યુલન્સ ટાઈમસર આવતી નથી, ઓક્સીજન તેમજ remdesi-vir જેવા ઇન્જેક્શનની કમી છે, શ્મશાનમાં જગ્યા નથી, લોકોના મોતનો આંકડો, આપણા કોઈ સ્વજન આપણા પડોશમાં કોઈનું કોરોના ના કારણે અચાનક મૃત્યુ સમાચારો સાંભળીને ઘણા કિસ્સાઓ એવા આવ્યા હતા કે જેમાં કોરોના સાથે નો ડર વધી ગયો હતો. આપણે જેટલા નેગેટિવ ન્યૂઝ જુદા જુદા માધ્યમ દ્વારા સાંભળીએ છીએ જ્યારે એ સમાચાર સાથે જોડાયેલા નેગેટિવ વિચારો સતત આપણા મગજમાં વિચરતા હોય છે, અને હરતા ફરતા રહે છે. ત્યારે ઘણી વખત આ ડર આપણા મગજમાં આવી થઈ જતો હોય છે.

હવે બીજા વેવની વાત કરીએ તો બીજા વેવમાં જ્યારે મૃત્યુનો આંકડો વધ્યો અને સાથે સાથે મ્યુકરમાયકોસિસના લીધે અને તેની ભયાનકતા લીધે જે કંઈ પણ માહોલ સર્જાય ત્યારે કોરોના સાથે જોડાઈ ભારણ સૌથી વધારે જોવા મળતો હતો. એક મનોચિકિત્સક તરીકે બીજા વેવ દરમિયાન જ્યારે હોસ્પિટલમાં બેડ નહોતા અને પછીના તબક્કામાં જ્યારે કેસો વધ્યા ત્યારે અમારી પાસે કેસો વધારે આવ્યા હતા. અને એ ડરના માહોલમાં ઘણા દર્દીઓ એવા હતા જે વારંવાર કોરોના રિપોર્ટ કરાવતા હતા. જુદી જુદી જગ્યાએ જઈને કોરોના રિપોર્ટ કરાવે. બીમારી સાથે જોડાયેલું સર્ચ કરે. નાની

**મનોચિકિત્સક ડૉ. રમાશંકર યાદવ સાથે ગુજરાત વંદનની વાતચીત**

નાની શારીરિક ફરિયાદોને બિમારી સાથે જોડે નેગેટિવ વિચાર આવે, ઊંઘના આવે શરીરમાં જાતજાતના દુખાવા થાય, કેસ સાથે જોડાયેલા લક્ષણો પોતાના શરીરની સાથે જોડીને વારંવાર ડોક્ટરને જુદા જુદા રિપોર્ટ કરવાની જીદ કરે.

તેમણે એમ કહ્યું કે, આ પરિસ્થિતિમાં આ પ્રકારના લક્ષણો સાથે જોડાયેલા દર્દીઓ ઘણા આવતા હતા અને અત્યારે અચાનક જ ત્રીજા વેવની શરૂઆત છે તો તે સંજોગોમાં શરૂઆતમાં જ સેકન્ડ વેવમાં જેવો ડરી ગયા હતા અથવા તો પોતાના સ્વજનને ગુમાવ્યા હતા અથવા તો પોતે અમુક પરેશાનીનો સામનો કર્યો હોય, એવા દર્દીઓમાં માનસિક બીમારી સાથે જોડાયેલો દર વધવાની શક્યતા છે. અને આ ડર કોઈપણ વ્યક્તિમાં થઈ શકે છે. બાળકોમાં કોઈપણ ઉંમરના લોકોમાં થઇ શકે છે. ભણેલા અથવા અભણ લોકોમાં થઇ શકે છે. આ ડરથી કોઈ બાકાત નથી. તેના ઉપાય તરીકે કહ્યું કે, ડર ઘટાડવું હોય તો આપણે દિવસ દરમિયાન નેગેટિવ ન્યૂઝ નિયંત્રણ રાખવું પડશે.

નેગેટીવ સ્ટોરીની ખોટી કોઇ ચર્ચા નથી કરવાની. બીમારી સાથે જોડાયેલી વાસ્તવિકતાને જે આપણે પાછલા બે વર્ષોમાં શીખ્યા છીએ તે સ્વીકારવી અને સમજવી જોઇએ. તથા સરકારી નિયમોનું યોગ્ય પાલન કરવું જોઇએ. આપણી કાળજી આપણને બિમાર થતા અટકાવી શકે છે.

એ વાત આપણને સૌને ખ્યાલ આવી ગઈ છે. અને છતાં પણ આપણને બીમારી થાય તો વેક્સિનેશનના કારણે આ વખતે હોસ્પિટલમાં દર્દીઓને દાખલ થવાનો દર ઓછા છે, બીમારીની ભયાનકતા ઓછી છે, આ સત્ય પણ સમજવાની જરૂર છે. અને યોગ્ય કાળજી રાખીને પોતાની જાતને બીમારીથી બચાવી શકાય છે. તેમ છતાં પણ જો બીમારી થાય તો આપણે ડોક્ટરનું યોગ્ય માર્ગદર્શન લેવું જોઇએ. અને યોગ્ય સારવાર લેવી જોઈએ. જેથી આપણે આ બીમારીમાંથી સરળતાથી બહાર આવી શકીએ અને આપણા અથવા આપણા સ્વજનના મનમાં બીમારી સાથે જોડાયેલો ડરની માનસિકતામાંથી આપણે બચાવી શકીએ. આપણી બેદરકારી આપણા અથવા આપણા આસપાસના લોકોને નુકસાન કરી શકે છે એટલે કોઈ પણ જાતની બેદરકારી રાખ્યા વગર, જો કોઈ લક્ષણ થયા હોય તો આપણે ડોક્ટરનું યોગ્ય માર્ગદર્શન લેવું જોઇએ અને સરકારી નિયમનું પાલન કરવું જોઇએ.



ડોક્ટર રીટા બેન સોલંકીએ મનની તંદુરસ્તી અંગે કહ્યું કે, અત્યારે ફરીથી જ્યારે મહામારીની પરિસ્થિતિ ઉભી થઇ છે ત્યારે બધાના મનમાં એક જ સવાલ છે હવે શું ? પરંતુ સંયમ અને ધીરજથી કોઇપણ પરિસ્થિતિ હલ થઇ શકે છે. માણસની એક વિચિત્રતા છે જ્યારે કઇ બનાવ બને અથવા કંઇક કામ કરવું હોય તો તરત જ મારૂ મન શું કહે છે તે તપાસે છે અને પછી મન અને મગજની વચ્ચે એવો ગોથે ચડે છે કે ભૂલી જ જાય છે, ક્યારેક મન મગજ પર ભારે થઇ જાય છે તો વળી ક્યારેક મગજ મન પર કબ્જો જમાવી દે છે. અને છેલ્લે તો મન અને મગજ બંને સ્વાર્થી બની પોતાનું ભલુ શેમાં છે તે જોવે છે.

મન જ્યારે શારિરીક રીતે બીમાર પડે છે અથવા કોઇ રોગોનો શિકાર થાય તો તરત જ ડોક્ટર પાસે પહોંચી જાય છે. પરંતુ જ્યારે કોઇ બનાવ કે ઘટનાથી મન ખાટું થઇ જાય અથવા કોઇ પરિસ્થિતિમાં મનમાં કંઇક ખૂટે છે એવુ જો લાગે તો તેના વિશે વિચાર પણ કરતો નથી.

અત્યારે જ્યારે ભય અને ચિંતામાં માનવી જીવી રહ્યો છે. તો એનું મુખ્ય કારણ શું છે તે ચોક્કસ પણ તપાસવવું જોઇએ. આજકાલ લોકો શારિરીક તંદુરસ્તીને બહુ મહત્વ આપતા થયા છે. પરંતુ મનની તંદુરસ્તીનું શું ? જો કોઇ સ્વસ્થ્ય લાગતી વ્યક્તિને પણ મન પર ભાર લાગતો હોય, હતાશા કે માનસિક દબાણનો અનુભવ થતો હોય તો તેનું નિદાન કરાવવું જરૂરી બને છે. અને ત્યારે જ મનની તંદુરસ્તી સાથે તનની તંદુરસ્તી પણ વધે છે.

-ડોક્ટર રીટા સોલંકી


ઈન્કમટેક્સ હયાત હોટલ પાસે લૂંટ વિથ ફાયરિંગની ઘટના

# આંગડિયા પેઢીના કર્મીને પગમાં ગોળી મારી રૂ. ૧૪.૫૦ લાખ મત્તાની લૂંટ

## ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં લૂંટારાઓને ઝડપી પાડ્યા

ગુજરાત વંદન

શહેરમાં ટ્રાફિકથી ધમધમતા આશ્રમરોડ પર આવેલા ઉસ્માનપુરા વિસ્તારમાં એક લૂંટ વિથ ફાયરિંગની ઘટના સામે આવી છે. ઉસ્માનપુરાનજીક આવેલી હોટલ હયાત પાસે મોડી સાંજે લૂંટ વિથ ફાયરિંગની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. બે બાઈક પર આવેલા ત્રણ લૂંટારાઓએ આંગડિયા પેઢીના કર્મચારી પર ફાયરિંગ કર્યું હતું અને તેની પાસે રહેલી 14 લાખથી વધુની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આંગડિયા પેઢીના કર્મચારીને પગમાં ગોળી વાગતા તે લોહી લુહાણ થયો હતો.



જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાંચ પોલીસે ગણતરીના કલાકોમાં જ તમામ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ઈનકમટેક્સ વિસ્તારમાં આવેલી એક આંગડિયા પેઢીના કર્મચારી બળવંત રાજપૂત મોડી સાંજ બાદ એક બેગ સાથે અહીં આવ્યા હતા. એ સમયે બે અલગ અલગ બાઈક પર ત્રણ લૂંટારા તેમનો પીછો પીછો કરતા આવી પહોંચ્યા હતા. ત્રણમાંથી એક લૂંટારાએ આગંડિયા પેઢીના કર્મચારી પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ કર્યા પછી આગંડિયા પેઢી પાસેની બેગમાં રહેલા વિવિધ પાર્સલ, રૂપિયા 7.50 લાખ કેશ અને રૂપિયા 7 લાખની ચાંદીની બિસ્કીટની લૂંટ ચલાવી ફરાર થયા હતા. આરોપીઓએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી આ લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. તો આંગડિયા પેઢીના કર્મચારીને પગે ગોળી વાગતા તે લોહી લુહાણ થયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આંગડિયા પેઢીનો કર્મચારી જે બેગ લઈને આવ્યો હતો એમાં જીપીએસ ટ્રેકર ફિટ કરેલું હતું. પોલીસે આ જીપીએસની મદદ લઈને લૂંટારાઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. ક્રાઈમ બ્રાંચ પોલીસે ગણતરીના કલાકોમાં આ લૂંટનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. ક્રાઈમ બ્રાંચે અમદાવાદના સરદારનગર વિસ્તારમાંથી ત્રણેય લૂંટારાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓ પાસેથી મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. જો કે, હાલ ઝડપાયેલા તમામ આરોપીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવશે પછી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

## દહેગામ સર્કલ નજીક હથિયાર સાથે શખ્સની ધરપકડ

ગુજરાત વંદન

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પિસ્ટલ, જીવતા કારતુસ સહિતના હથિયાર સાથે એક આરોપીની દહેગામ સર્કલથી ધરપકડ કરી હતી. આરોપી કયા હેતુથી હથિયાર લઇને ફરતો હતો તે અંગે તાપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં મિલ્કત તેમજ શરીર સંબંધી ગુના કરતા આરોપીઓને શોધવા માટે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કમિશનર પ્રેમવીરસિંગ તેમજ નાયબ કમિશનર ચૈતન્ય મંડલીક દ્વારા ટીમને કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચના આપી હતી. જેના આધારે આજે પોલીસની ટીમે હથિયારો સાથે એક આરોપીની ધરપકડ કરી લીધી છે.

આ ઈસમ પાસેથી ગેરકાયદેસરના હથિયારો તેમજ અન્ય હેતુથી અમદાવાદથી દહેગામ તરફ થઈ રહ્યો હતો.

# ઈસનપુરમાં સગીરા સાથે ગેંગરેપ ગુજારનાર નરાધમોને આજીવન કેદ

## સગીરા સાથે દુષ્કર્મ ગુજારતા ૭ માસનો ગર્ભપાત હાઈકોર્ટના આદેશથી કરાયો

ગુજરાત વંદન

ઇસનપુરમાં ધોરણ 9માં ભણતી સગીરાને તેનો સગીર બોય ફ્રેન્ડ દુષ્કર્મ કરતો હતો. આ સમયે તેનો વીડિયો ઉતારી બ્લેકમેલની ધમકી આપી દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવનાર 3 આરોપીને પોક્સો કોર્ટના ખાસ જજ એચ.એ.ત્રિવેદીએ જીવે ત્યાં સુધી આજીવન કારાવાસની સજા ફટકારવાનો હુકમ કર્યો છે. કોર્ટે આરોપીઓને સજા સાથે ભોગ બનનાર સગીરાને રૂ. 1 લાખ વળતર આપવાનો પણ નિર્દેશ કર્યો હતો.

**કોર્ટે આરોપીઓને સજા સાથે ભોગ બનનાર સગીરાને રૂ. ૧ લાખ વળતર આપવાનો પણ નિર્દેશ કર્યો હતો.**

કોર્ટે પોતાના ચુકાદામાં એવું અવલોકન કર્યું હતું કે, આરોપીઓની સામે ગંભીર પ્રકારનો ગુનો છે. ભોગબનનારના 164 મુજબના નિવેદનના આધારે સજા ફટકારી હતી. સજા પામેલમાં મનીષ વાળદ,મેહુલ મરાઠી અને પવન યાદવનો સમાવેશ થાય છે.

આ કેસની વિગત એવી છે કે, ઇસનપુર ચાર તળોદા પાસેની સોસાયટીમાં રહેતી અને ધો.9માં ભણતી સગીરાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તા.12/5/2019ના રોજ સગીરા ઘરે એકલી હતી ત્યારે આરોપી મનિષે બળજબરી પૂર્વક મોઢું દબાવી દુષ્કર્મ ગુજારી ફોટા પાડી લીધા હતા. તેના બીજા મિત્રો આરોપીઓએ પણ ફોટા વાઇરલ કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી વારંવાર ત્રણે આરોપીએ દુષ્કર્મ ગુજાર્યો હતો.જેમાં એક સગીર કિશોરે પણ દુષ્કર્મ ગુજાર્યો હતો.




અમદાવાદ સિવિલમાંથી વધુ એક ઓમિક્રોનના દર્દીને અપાઈ રજા. શહેરમાં ટેસ્ટિંગનું પ્રમાણ વધ્યું...

# વલસાડમાં સગર્ભાનું અપહરણ બાદ ગેંગરેપ

## કારને આંતરીને ત્રણ બદમાશો યુવતીને ઉઠાવી ગયા, અને આચર્યું દુષ્કર્મ



ગુજરાત વંદન

ગુજરાતમાં મહિલાઓ સુરક્ષિત હોવાના રાજ્ય સરકાર દ્વારા મોટા દાવા થઇ રહ્યા છે. જોકે રાજ્યમાં કોઈ ઉંમરની સ્ત્રીઓ સાથે દરરોજ કોઈને કોઈ ઘટના પ્રકાશમાં આવી રહી છે. ત્યારે રાજ્યના છેવાડે આવેલા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં એક ગર્ભવતી યુવતીના અપહરણની ઘટના પ્રકાશમાં આવતા ઉમરગામની ભીલાડ પોલીસ સહિત એસઓજી અને એલસીબી પોલીસની ટીમ દોડતી થઇ ગઇ હતી. અને ઠેર ઠેર નાકાબંધી કરી ચુસ્ત વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ગણતરીના સમયમાં યુવતીનો 3 અપહરણકર્તાના ચુંગાલમાંથી છોડાવી લીધી હતી.જોકે મહિલાનું નિવેદન લીધું તો પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કેમકે મહિલાના અપહરણ બાદ તેની ઉપર ગેંગરેપ કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનમાં એક મહિલાના અપહરણની ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં રહેતા એક ફરિયાદીએ ફરિયાદ નોંધાવી હતી કે, પોતાના ભાભીની તબિયત ખરાબ હોવાથી તેમને દવાખાને લઈ જઈ રહ્યા હતા ત્યારે ફરિયાદી તેમની ભાભીને પોતાની કારમાં જ દવાખાના તરફ લઈ ગયા હતા. ત્યારે સરીગામ નજીક ત્રણ વ્યક્તિઓ દ્વારા અચાનક તેમની કારને આંતરી હતી. કારને રોકી અને ફરિયાદીને બહાર કાઢી તેને ઢોરમાર માર મારવામાં આવ્યો હતો અને ત્યારબાદ કારમાં બેસેલા ફરિયાદીના ભાભીને બળજબરીપૂર્વક કારમાં જ લઈને આરોપીઓએ આ પીડિત મહિલાનું અપહરણ કર્યું હતું.

**ગણતરીના જ સમયમાં પોલીસને મળી સફળતા**

ફરિયાદ મળતા જ વલસાડ જિલ્લાની પોલીસ દોડતી થઇ ગઇ હતી અને આરોપીઓને ઝડપવા વલસાડ એલ.સી.બી ,એસ.ઓ.જી પોલીસ સ્ટેશન અને ઉમરગામ પોલીસ સ્ટેશન સહિત વલસાડ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ભીલાડ દોડી આવ્યો હતો. વલસાડ પોલીસ દ્વારા ગણતરીના સમયમાં 3 આરોપીઓને ગણતરીના સમયમાં ઝડપી પાડયા હતા.

ભીલાડ પોલીસ સ્ટેશનમાં એક મહિલાના અપહરણનો કોયડો તો ભીલાડ પોલીસે ગણતરીના સમયમાં ઉકેલી નાંખ્યો હતો અને પોલીસે રાતભર વિવિધ ટીમો બનાવી અપહરણ થયેલ યુવતીને બચાવી લીધી હતી.

## આરોપીઓ રિમાન્ડ પર, હવસખોરોને કડક સજા થાય તેવી માંગ

ભીલાડ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો અને મહિલા સાથે દુષ્કર્મ પણ કર્યું હોવાનું સ્વીકાર્યું હતું. જોકે આરોપીઓના મતે આ યુવતી અનૈતિક પ્રવૃત્તિઓ સાથે સંડોવાયેલી હતી અને આરોપીઓએ આ મહિલાના ચરિત્ર પર શંકા રાખી પ્લાન ઘડીને જ આ યુવતી સાથે સંબંધ બાંધવા જ તેનું અપહરણ કર્યું હતું. જોકે ભીલાડ પોલીસે હાલ તો આરોપીના રિમાન્ડ મેળવી આ અપહરણ અને ગેંગ રેપના કેસ મામલે વધુ તપાસ શરુ કરી છે.

જોકે પોલીસની તપાસમાં સામે આવ્યુ કે, આરોપી સુનિલ વિજય વારલી અગાઉ પણ ચોરીના ગુનામાં ઝડપાઇ ચુક્યો છે. તો અન્ય એક આરોપી સુરજ ઝા પણ પ્રોહિબિશનના ગુનામાં જેલની હવા ખાઈ ચૂક્યો છે. ત્યારે મહિલાને આનંદ અને પ્રમોદની ચીજ વસ્તુઓ માનતા આવા હવસખોરો ને કડક સજા થાય તેવી માંગ પીડિત પરિવાર દ્વારા કરવામા આવી છે.

લસાડ પોલીસે સુનિલ વિજય વારલી, રાહુલ બાબુરાવ કમાલે અને સુરજ વિદ્યાનંદ ઝા નામના આરોપીઓની ધરપકડ કરી હતી. જોકે જયારે મહિલાએ પોતાની સાથે રેપ થયો હોવાની ફરિયાદ પોલીસને કરી ત્યારે પોલીસની મુશ્કેલીઓમાં વધારો થયો હતો.

ગણતરીના સમયમાં મહિલાને બચાવનાર પોલીસને એ વાતનો અફસોસ હતો કે, મહિલાની ઈજ્જત બચાવી શક્યા ન હતા. પોલીસે તાત્કાલિક પીડિત મહિલાનું મેડિકલ કરાવ્યુ હતું. મેડિકલમાં મહિલા સાથે રેપ થયો હોવાનો ખુલાસો થતા અપહરણનો આ ગુનો ગેંગ રેપમાં પરિવર્તીત થયો હતો. ભીલાડ પોલીસે આરોપીઓના મેડિકલ અને કોરોના ટેસ્ટ કરાવી આગળની કાર્યવાહી કરી છે.

ગાંધીનગરનાં મહુડી-ફતેહપુરા રોડ પરથી ઈકો કારમાં

# સુખડ-ચંદનના લાકડાની હેરફેર કરનારા પાંચ તસ્કરો ઝડપાયા

ગુજરાત વંદન

ગાંધીનગરનાં મહુડી-ફતેહપુરા રોડ પરથી ઈકો કારમાં સુખડ ચંદનના લાકડાનો જથ્થો ભરીને ડીલીવરી આપવા માટે નીકળેલા તસ્કરોને ગાંધીનગર એલસીબીની ટીમ દ્વારા ઝડપી પાડી રૂ. 5.34 લાખની કિંમતનું ચંદન જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોરોનાની વૈશ્વિક મહામારીના પગલે રાત્રિ કરફ્યુની અમલવારી માટે પોલીસને મોરચો સંભાળી લેવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ કડક સૂચનાઓ આપી દીધી હતી. ત્યારે એલસીબી પીઆઈ એચ પી ઝાલાની ટીમ સોમવારે મધ્યરાત્રિ દરમ્યાન પેટ્રોલીંગ માટે પેથાપુર પોલીસ મથકની હદમાં કાર્યરત હતી.

એ દરમ્યાન બાતમી મળી હતી કે મહુડીથી ફતેહપૂરા થઈ ગાંધીનગર તરફ ઈકો ગાડીમાં પ્રતિબંધિત સુખડ-ચંદનનાં લાકડાની હેરફેર થવાની છે. જેનાં પગલે એસીબીના કાફલાએ ફતેહપૂરા ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યારે ઘણીવાર કાગડોળે રાહ જોયા પછી બાતમી મુજબની ઈકો કાર દૂરથી દેખાતા તેને ઈશારો કરીને રોકી દેવાઈ હતી. જેમાં ડ્રાઈવર સહિત પાંચ ઈસમો બેઠા હતા.

**સતલાસણા તાલુકાના એક ગામમાંથી ચંદનનું ઝાડ કાપી ડીલીવરી આપવાં જતાં ઝડપાઈ ગયા**

બાદમાં એલસીબીની ટીમે કારની તલાશી લેતાં અંદરથી કંતાનનાં કોથળામાં ભરેલા સુખડ-ચંદનનાં લાકડાંના ટુકડા મળી આવ્યા હતા. જેનાં પગલે બોરિજ રેન્જના વન અધિકારીને બોલાવી ચંદનના લાકડાની ખરાઈ કરી કિંમત નક્કી આંકવામાં આવતાં એક કિલો ચંદનના લાકડાની કિંમત રૂ. 3 હજાર પ્રમાણે કુલ 178 કિલોગ્રામ જથ્થાની કિંમત રૂ. 5 લાખ 34 હજાર ગણવામાં આવી હતી.

જે અંગે પાંચેય ઈસમોની પૂછતાંછ શરૂ કરાતાં તેમણે પોતાના નામ મહંમદ હનીફ મુનિરમીયાં અલ્લાહમિયાં મલેક, અશોક પૂનમભાઈ તળપદા, સુરેશ ગોરધનભાઈ તળપદા, જયંતિ કાંતિભાઈ તળપદા અને અરવિંદ મગનભાઈ તળપદા હોવાનું જણાવ્યું હતું. તેમજ ઉક્ત ચંદન સતલાસણા તાલુકાના એક ગામમાંથી કાપી લાવ્યાની તેમણે કબૂલાત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જથ્થો લખાપૂરના જયંતિ ઈશ્વરભાઈ તળપદાને આપવા જતા હતા. તેમજ ચંદનની હેરફેર દરમિયાન પકડાઈ ન જવાય તે માટે ઈકો કાર ભાડે રાખી હોવાની પણ કેફિયત વર્ણવી હતી. જે અન્વયે એલસીબીએ રૂ. 5.34 લાખની કિંમતનું સુખડ ચંદન, ઈકો કાર મળી રૂ. 9.34 લાખનો મુદ્દામાલ કબ્જે લઈ પાંચેયની ધરપકડ કરી પેથાપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત વંદન

સંપાદકીય...

## આજે પણ સ્વામી વિવેકાનંદ સાક્ષાત લાગે છે...!

18મી સદીના મધ્ય પછી જન્મેલા અને 19મી સદીના પ્રારંભે વિદાય લેનાર સ્વામી વિવેકાનંદને 21મી સદીના બીજા દાયકાના પ્રારંભે પણ યાદ કરવામાં આવે તો એ જ દર્શાવે છે કે યુવાઓના પ્રણેતા અને વિશ્વ આખામાં સનાતન હિન્દુ ધર્મનો ડંકો વગાડનાર વિવેકાનંદ યુગ પુરૂષ જ કહી શકાય. 12 જાન્યુ.1963માં જન્મેલા અને 39 વર્ષની વયે 4, જુલાઇ 1902ના રોજ વિદાય લેનારના શબ્દો સદાકાળ ભારત સમાન છે. ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.....એ સૂત્ર તેમણે એવા સમયે આપ્યુ કે જ્યારે દુનિયાને નવાઇ લાગી કે ભારતના આ એક યુવા સાધુસંતની વાણી અદભૂત અને અનન્ય છે. આજે પણ તેમના આ શબ્દો માત્ર ભારતના જ નહીં પણ વિશ્વના યુવાઓ માટે પ્રેરણા સમાન છે. ઘણીવાર માનવી નિરાશ થઇને પોતાના લક્ષને છોડી દે છે. સમય સંજોગોની સામે બાથ ભીડવાને બદલે હારીને ડરીને એક તરફ બેસી જાય છે. તેવા સમયે સ્વીમી વિવેકાનંદના "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો....."ના શબ્દોને યાદ કરીને ગીર કે ઉઠે ઔર ઉઠ કે ચલ પડે..ની હામ બતાવે તો મંજિલ દૂર નથી. સ્વામી વિવેકાનંદ ભલે જન્મે હિન્દુ હતા પણ કર્મે વિશ્વમાનવ સમાન હતા. તેમણે 1893માં અમેરિકાના શિકાગોમાં ભારત અને ભારતના હિન્દુ ધર્મની જે વ્યાખ્યા અને ઉપદેશ આપ્યો તે સાંભળીને ઉપસ્થિત દુનિયાભરના ધર્માચાર્યો અચંભિત થઇ ગયા હતા. કારણ કે તે સમયે ભારતની છાપ વિદેશોમાં ખૂબ જ ખરાબ હતી. સ્વામીએ શિકાગોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને આખો સિનારિયો બદલી નાંખ્યો અને તાળીઓના ગડગડાટ સાથે તેમનું સન્માન કરવામાં આવ્યુ તે ક્ષણ સમયના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલી છે. સ્વામી વિવેકાનંદ આજે પણ પ્રસ્તૂત અને પ્રેરણાદાયી છે. યુવાઓના પ્રેરણાસ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદજીને આવો તેમની જન્મજયંતિએ સ્મરણ કરીને મક્કમ નિર્ધાર કરીએ- ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.....!

## આસ્થા-ધર્મ

### વર્ષ ૨૦૨૨માં આટલા છે શુભ મુહૂર્ત



હિંદુ ધર્મશાસ્ત્રોમાં શ્રેષ્ઠ મુહૂર્ત અને તિથિનું લગ્ન સમારોહ માટે વિશેષ મહત્વ છે. શ્રેષ્ઠ મુહૂર્ત વિના લગ્નના અવસરો પૂર્ણ થઈ શકતા નથી. દર વર્ષે આવા ઘણા અવસરો આવે છે, જ્યારે આપણને લગ્ન માટે શુભ મુહૂર્ત મળે છે.

જ્યારે અમુક મહિનાઓ માટે કોઈ મુહૂર્ત જ નથી હોતા. જો તમે તમારા પરિવારમાં શુભ લગ્ન સમારંભ માટે શુભ મુહૂર્ત શોધી રહ્યા છો તો આ લેખ તમારા માટે ખૂબ જ ઉપયોગી છે. લગ્ન જેવા શુભ કાર્ય માટે શ્રેષ્ઠ મુહૂર્ત પસંદ કરતી વખતે આપણે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ અને વર્ષ 2022ના તમામ 12 મહિનામાં લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત ક્યારે છે? જેવી તમામ બાબત પંડિત અને જ્યોતિષના બતાવ્યા મુજબ અહીં વિગતવાર જણાવી રહ્યા છે. વર્ષ 2022ના ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં લગ્નનું એક પણ મુહૂર્ત નથી. કોરોનાને લીધે મોકૂફ રખાયેલા ચાલુ વર્ષના લગ્ન પણ 2022ના પ્રારંભમાં યોજાઈ શકે છે. જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં આવતા લગ્નના શુભ મુહૂર્ત માટે અત્યારથી જ પાર્ટી પ્લોટ અને મેરેજ હોલનું બુકિંગ ફુલ થઈ ગયું છે. જો કે હાલમાં સતત વધી રહેલા કોરોના અને ઓમિક્રોનના ભયને લીધે લગ્ન પ્રસંગમાં કોરોના અને કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનનું ગ્રહણ નડી શકે છે. 15 જાન્યુઆરીથી લગ્નની શરૂઆત થશે.

#### લગ્ન માટે શ્રેષ્ઠ સમય ક્યારે?

જ્યોતિષ શાસ્ત્રો અનુસાર લગ્ન માટે સમયની પસંદગી કરતી વખતે આ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે જો લગ્નનો દિવસ સોમવાર, બુધવાર, ગુરુવાર અને શુક્રવાર હોય તો તે ખૂબ જ શુભ છે. મંગળવાર લગ્ન માટે સારો દિવસ માનવામાં આવતો નથી. આ સિવાય દ્વિતિયા તિથિ, તૃતીયા તિથિ, પંચમી તિથિ, સપ્તમી તિથિ, એકાદશી તિથિ, ત્રયોદશી તિથિ સારી અને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

જ્યારે ચતુર્થી, નવમી, ચતુર્દશી તિથિ લગ્ન માટે સારી માનવામાં આવતી નથી. એ જ રીતે, જ્યારે બે ગ્રહો અસ્ત થઈ જાય છે, ત્યારે લગ્ન માટે મુહૂર્ત કરવામાં આવતું નથી. લગ્નના શુભ મુહૂર્તને જોતા શુક્ર અને ગુરુ નિશ્ચિતપણે માનવામાં આવે છે. જ્યારે પણ ગુરુ અને શુક્ર અસ્ત થાય છે, ત્યારે તે સમયે કોઈ શુભ કાર્ય અને લગ્ન કરવામાં આવતા નથી.

#### વર્ષ 2022માં લગ્ન માટેનો શુભ સમય

જાન્યુઆરી મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 16, 20, 21, 22, 23, 24, 25, 26, 27, 28, 29, 30
ફેબ્રુઆરી મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 4, 5,6, 9, 10, 11, 16, 17, 18, 19, 20
એપ્રિલ મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 17, 19, 20, 21, 22, 23, 27, 28
મે મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 2, 3, 4, 9, 10, 11, 12, 13, 14, 15, 16, 17, 21, 22, 26
જૂન મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 1, 5, 6, 8, 9, 10, 11, 12, 13, 14, 15, 16, 17, 21, 22, 26
જુલાઈ મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 3, 4, 5, 6, 7, 8, 9
નવેમ્બર મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો – 25, 26, 27, 28
ડિસેમ્બર મહિનામાં લગ્ન માટેની શુભ તારીખો- 2, 3, 7, 9, 13, 14

# ૭ માર્ચ સુધી નેતાઓનો પ્રિય શબ્દ: આપનો કિંમતી અને પવિત્ર વોટ મને...

* દાંડીકૂચ પહેલા કેટલાયની ડાંડી ઉડી જશે...
* યુપીમાં ભગવાધારી નહીં સનદીકારી સીએમ..?
* 10 માર્ચ પછી-એ ક્યા બોલતા તું.. આતા ક્યાં મંત્રીમંડલા...!!
* જીત્યા તો-બોલે સો નિહાલ..! હાર્યા તો- સિધ્ધુ અને પંજો બેહાલ...!!
* ગુજરાતમાંથી ભાજપના આગેવાનો પ્રચાર માટે જશે યુપી

**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**



10મી માર્ચ, ગાંધીજીની 12મી માર્ચની ઐતિહાસિક દાંડીકૂચના બે દિવસ પહેલા આવશે. ગાંધીજી 72 દિવસની પદયાત્રા કરીને 6 એપ્રિલના રોજ દાંડી ખાતે પહોંચ્યા અને ચપટી નમક ઉપાડીને ભારતની આઝાદીને એક નવો જોમ અને જુસ્સો આપ્યો હતો. આ વર્ષે 7 માર્ચ પહેલા પાંચ રાજ્યોના 18.34 કરોડ મતદારો ચપટી નમકની જેમ એક એક ચપટી ચપટી વોટ ઇવીએમમાં નાંખીને પાંચ વિધાનસભાની કુલ 690 બેઠકોના ઉમેદવારો પસંદ કરશે. જો કે 690 બેઠકો માટે ચૂંટણી જંગના મેદાનમાં હજારો ઉમેદવારો હશે. તેમાંથી મતરાજા ઘઉંમાંથી કાંકરા વીણીએ એમ કાંકરા કાઢતા કાઢતા ઉમેદવાર પસંદ કરશે.

દેશમાં કોરોનાની ત્રીજી લહેર આરંભાઇ ગઇ છે. બીજી લહેર જેવા ભયાનક દ્રશ્યો હજુ સર્જાયા નથી એટલુ સારૂ છે. અને એવા દ્રશ્યો ફરી ન સર્જાય તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવી છે. તેથી ચૂંટણી પંચે કોરોના વિસ્ફોટ છતાં લોકશાહી ધર્મનું પણ પાલન થાય તે હેતુથી મતરાજાને મતદાનમાં કોઇ સંક્રમણ ન લાગે તેની પૂરેપૂરી વ્યવસ્થા કરીને 8 જાન્યુ.ના રોજ યુપી, ઉતરાખંડ, મંજાબ,મણિપુર અને ગોવા એમ પાંચ રાજ્યોની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરીને રાજકીય પક્ષોને ચૂંટણી જંગના મેદાનમાં ઉતરવાની વ્યવસ્થા કરી આપી છે.

10મી ફેબ્રુઆરીથી દર ત્રણ-ચાર દિવસના અંતરે મતદાન થઇ રહ્યું હશે. છેલ્લુ મતદાન યોગી-ઉપયોગીના યુપીમાં સાતમા તબક્કાનું 7મી માર્ચે થશે. ત્યારે "તમારો કિંમતી અને પવિત્ર મત મને આપશો..."એ સંબોધનનો તબક્કો પૂરો થશે અને 7મી પછી આ દેખે જરા કિસ મેં કિતના હૈ દમ...ની જેમ 10મી માર્ચની સવારથી તો એક પણ નાના મોટા ટીવી એન્કરોને તો ટાઇમ જ નહીં મળે..."એક ઔર સબ સે બડી ખબર આ રહી હૈ યુપી કે ચુનાવી નતીજો સે નિકલ કર.. ....ઇસ વકત કી સબ સે બડી ખબર,... ઔર યે દેખિયે કૈસે બાહુબલિ નેતા કો મતદાતાઓને હરા દિયા... ભાજપાને લહેરાયા અપના પરચમ..." એવા બધા ઉદગારો ટીવી ચેનલોમાં એન્કરો દ્વારા સાંભળવા મળશે અને 10મીની સાંજ સુધીમાં તો પિકચર ક્લીયર....! યુપી યમ્મી..યમ્મી..આયા, પંજાબ પમ્મી પમ્મી..પાયા, ગોવા ગમ્મી ગમ્મી ગોન,,મણિપુર મમ્મી..મમ્મી.. માર ડાલા.. અને ઉતરાખંડ ઉમ્મી ઉમ્મી.. ઉડતે ઉડતે બચ ગયા...!

આમ તો એક તબક્કે યુપી સહિતના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ મોકૂફ રાખવાની ગણતરી હતી. અલ્હાબાદ કોર્ટે પણ કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી બને તો ચુનાવ મોકૂફ રખને કા સુઝાવ દિયા થા. પણ



રસીકરણની ટકાવારી અને અન્ય રાજકિય પરિબળોના આધારે આખિર ચુનાવ આયોગ ઇસ નતીજે પર પહુંચા કી-યકીન હો તો કોઇ રાસ્તા નિકલતા હૈ, હવાકી ઓટ લેકર ભી ચિરાગ જલતા હૈ...કહીને યાહોમ કરીને પડો...જો હોગા દેખા જાયેગા...નું મક્કમ મન બનાવીને આખરે રાજકિય પક્ષોને કહી જ દીધુ- લો આ કાર્યક્રમ..જાઓ રમો...રમો.. મતદારોને ગમો..ગમો...!

સંક્રમણને કારણે હવે આ ચૂંટણીઓ મોકૂફ રહે તેમ નથી. એક તરફ રસીકરણ બીજી તરફ મતોનું ધ્રુવીકરણ...બન્ને સાથ સાથ ચાલશે. પાંચ રાજ્યોમાંથી ભાજપ-કોંગ્રેસ અને સપા માટે મહત્વનું છે 23 કરોડની વસ્તી ધરાવનાર યુપી સ્ટેટ. યુપી જો અલગ દેશ હોત તો તે સૌથી વધુ વસ્તી ધરાવનાર દેશોમાં પાંચમા ક્રમે હોત. 23 કરોડમાંથી અંદાજે 15 કરોડ મતદારો 403 ધારાસભ્યોને ચૂંટી કાઢશે. 2017માં ભાજપે 325 બેઠકો મેળવી હતી અને ભગવાધારી યોગીને શાસનધૂરા સોંપી. યોગીને બદલવાની વાત ચાલી પણ વિરોધ થયો એટલે ચૂંટણીઓ જાહેર થઇ તેના એક દિવસ પહેલા ભાજપના એક સાંસદો વિડિયો વાઇરલ થયો- યુપી કે ચુનાવ કે બાદ એ.કે. શર્મા નયે સીએમ હોંગે...!

એ.કે. શર્મા પૂર્વ સનદી અધિકારી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ગુડ બુકમાં હોવાથી તેમને દિલ્હીથી યુપી મોકલવામાં આવ્યાં પણ યોગીના વિરોધથી તેમને યુપી ભાજપમાં ઉપપ્રમુખપદે મૂકવામાં આવ્યાં છે. વિધાનસભાની 403માંથી એક બેઠક શર્માજી માટે ભાજપે રાખી છે. કઇ બેઠક તે હવે પછી જાહેર થશે. પણ તેમને સીએમ બનાવવાની વાતનો ઉલ્લેખવાળો વાઇરલ વિડિયો ચોક્કસ નેતાને ઇશારો હોઇ શકે- વિકલ્પ તૈયાર છે..! યુપીમાં ફરી કેસરિયો લહેરાયા બાદ બની શકે કે રાજતિલક કી કરો તૈયારી આ રહે ફિર સે ભગવાધારી...ને બદલે સનદી અધિકારીનું રાજતિલક થઇ જાય તો નાથ સંપ્રદાયના ગોરખપુર મંદિરમાં ફરી પૂજા-આરતી અને હાથમાં ઘંટડી... યુપીનો રાજકિય ઇતિહાસ છે કે કોઇ મુખ્યમંત્રી ફરીથી તરત બીજીવારગીદી પર બેસી શક્યા નથી.


1985થી આવુ ચાલતુ આવે છે. એટલે જો ફેરબદલની પરંપરા જળવાય તો ઉપ-યોગી યોગીના નામની આગળ પૂર્વ-યોગી લાગી શકે. અલબત, રાજકારણ હાદસો કા શહર હૈ...ક્યારે શું બની જાય અને બદલાઇ જાય કે અચંભો થઇ જાય. એટલે યુપી અને ઉપ-યોગી યોગી માટે 10 માર્ચ સુધી રાહ જોવી બહેતર છે....


પંજા માટે પંજાબ બચાવવુ લોઢાના ચણા ચાવવા સમાન બની રહે તેમ છે. વડાપ્રધાનની સુરક્ષામાં ચૂકના મામલે પંજાબ સરકાર વાંકમાં તો છે અને હવે કેપ્ટન અમરિન્દરસિંગ પણ પંજાની સાથે નથી. ચન્ની અને સિધ્ધુના સહારે પંજાએ રાવી-સતલુજ-બિયાસ નદીમાં ચુનાવી નૈયા પાર લગાવવાની છે. પંજાબમાં પંજો ફરી આવશે તો તે એક ચમત્કાર જ હશે. ભાજપને ભલે સત્તા ન મળે પણ અમરિન્દર-શિરોમણિ અકાલી દળના અસંતુષ્ટ નેતા અને આપ પાર્ટી ભેગા થઇને પંજાને ફરી સત્તા ન મળે એટલુ તો કરી જ શકે તેમ છે. રાજકિય રીતે કહીએ તો પંજાબમાં પંજાએ ધસમસતા પૂરના પાણી સમાન સામા પ્રવાહે તરાપા વગર તરીને જવાનું છે. જીત્યા તો- બોલે સો નિહાલ...હાર્યા તો સિધ્ધુ નિહાલ...પંજો બેહાલ...!!

ભાજપ અને કોંગ્રેસનો મઉક્ય ઝોક અને લક્ષ્ય યુપી અને પંજાબ પર જ રહે તેમ હાલમાં તો જણાય છે અને મનાય છે. તેમાં પણ યુપી પર તો છેલ્લે છેલ્લે સમગ્ર ભાજપની નેતાગીરી મચે પડે તો પણ કહી શકાય નહીં.

ગુજરાતમાંથી ભાજપના ધારાસભ્યો અને આગેવાનો યુપીમાં રાજકિય પ્રચારનો એક રાઉન્ડ તો કરી જ આવ્યાં અને હજુ વધુ સમય તેમને યુપીમાં આપવો પડશે. યુપીમાં જ્યાં ગુજરાતી વસ્તી છે એવા વિસ્તારમાં ગુજરાત ભાજપના આગેવાનો "કેમ છો...શું ચાલે છે...જો જો હો ભાજપને જ મત આપજો હોં..." એવુ બધુ ચાલ્યા કરશે. 7 માર્ચ સુધી પાંચ રાજ્યોમાં "આપનો કિંમતી અને પવિત્ર મત મને આપજો...ચાલશે" અને 10મીના પરિણામ બાદ જ્યાં તૂટ પડે ત્યાં-આને સે ઉસકે બને સરકાર...એ ક્યા બોલતા તું...આતા ક્યાં મંત્રીમંડલા...!!

# ૧૨મીએ જન્મેલા સ્વામી વિવેકાનંદના ૧૨ જીવન-સંદેશ...



> "અમારે એવો ધર્મ જોઇએ છે કે જે માણસને માણસ બનાવે, એવું શિક્ષણ જોઇએ છે, જે મનુષ્યને મનુષ્ય બનાવે, એવો સમાજ જોઇએ છે જે માનવને માનવ બનાવે."
> - સ્વામી વિવેકાનંદ

૧૨મી જાન્યુઆરી પછી ૧૪મી જાન્યુઆરીનો દિવસ. એક યોગાનુયોગ ? ૧૪મી જાન્યુઆરી પતંગોત્સવ અને ૧૨મી જાન્યુઆરીએ ધર્મોત્સવ, સંસ્કારોત્સવ, સંસ્કૃતિ ઉત્સવ, માનવતા ઉત્સવ, સર્વધર્મ સમભાવનો ઉત્સવ, પ્રમાદમાં પોઢી ગએલા ભારતનો ઢંઢોળવાનો એક કર્મયોગીનો દિવસ, જેણે વિશ્વ આકાશમાં ભારતના જયજયકારની પતંગ ચગાવી, જેણે ધર્મના નામે ધતિંગ કરતા લોકોની પતંગ સાથે ક્રાન્તિકારી અને સુધારાત્મક વિચારોના પેચ લડાવી પોતાના વિચારોની દોરીને હેમખેમ રાખી. આજે જ્યાં રક્તની હોળી ખેલાઇ રહી છે એ કલકત્તા, બંગાળમાં ૧૨મી જાન્યુઆરી, ૧૮૬૩ના પાવનકારી દિને માતા ભુવનેશ્વરી અને પિતા વિશ્વનાથને ઘેર જન્મેલો દેવદૂત તુલ્ય મહામાનવ જેનું મૂળ નામ નરેન્દ્ર અને વૈશ્વિક નામ વિવેકાનંદ.

પિતા વ્યવસાયે વકીલ હોવા છતાં કર્જમાં ડૂબેલા. પરંતુ પુત્ર નરેન્દ્રમાં ત્યાગ અને માનવતાના ગુણો નાનપણથી વિકસેલા. એટલે તો માતાએ કડકડતા શિયાળામાં ઓઢવા આપેલી નવી નક્કોર સાલ એક સન્યાસીને ઓઢાડી દીધી. ભિક્ષા માગવા આવેલા સાધુને પોતાનું ભાણું આપી દીધું અને પોતે ભૂખ્યો રહ્યો.

નરેન્દ્ર ભોગી બનવા નહીં પણ કર્મયોગી બનવા જન્મ્યા હતા. એમણે પૂર્વ અને પશ્ચિમના અનેક તત્વજ્ઞાનીઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. મનમાં મથામણ હતી. ઈશ્વર છે ? છે તો કેવો હશે.

દક્ષિણેશ્વરમાં કાલી મંદિરમાં રામકૃષ્ણ પરમહંસનું આગમન. નરેન્દ્રના જીવનમાં પરિવર્તનની એ ક્ષણ. રામકૃષ્ણ પરમહંસને સીધો જ એક ધારદાર પ્રશ્ન પૂછ્યો: ''તમે ભગવાનને જોયા છે ?'' રામકૃષ્ણ પ્રશ્ન પૂછનાર નરેન્દ્રની આત્મિક શક્તિથી પ્રભાવિત થયા હતા. એમણે કહ્યું: ''હા, મેં ભગવાનને જોયા છે, એટલું જ નહીં મેં ઈશ્વરને સાક્ષાત્ અનુભવ્યા છે.'' ''તો પછી મને પણ ભગવાનનાં દર્શન કરાવશો ?'' - નરેન્દ્રની ઉત્સુકતા. ''હા, કાલે અહીં આવજે.'' રામકૃષ્ણજીએ કહ્યું.. અને નરેન્દ્રના મસ્તક પર હાથ મૂક્યો. નરેન્દ્ર ઊંડી ભાવ સમાધિમાં સરી પડયા. એમને તન-મનનું ભાન રહ્યું નહીં.. રામકૃષ્ણે તેમને સમાધિમાંથી જગાડતાં કહ્યું: ''નરેન્દ્ર, તારે હજી ઘણાં મહાન કાર્યો કરવાનાં છે. સમાધિના ચક્કરમાં હમણાં અટવાઇશ નહીં.'' પિતાના અવસાન બાદ દેવું ચૂકવવાની ભારે ચિંતા. મિત્રોએ કહ્યું: ''રામકૃષ્ણ પાસે જા. તું ઈચ્છીશ તે તને અપાવશે.'' રામકૃષ્ણે નરેન્દ્રને કહ્યું: ''તું કાલી માતાના મંદિરમાં જા. તું માગીશ તે તને પ્રાપ્ત થશે.'''

૦૧-યાદ રાખજો કે ડરપોક માણસો અને નિર્બળ માણસો જ પાપ કરે છે અને અસત્ય બોલે છે. બહાદુર માણસો હંમેશાં નીતિવાન હોય છે. નીતિવાન બહાદુર અને સહૃદયી બનો.
૦૨-જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડ ખંત અને દ્રઢ ઈચ્છાશક્તિ હોવાં જોઇએ.
૦૩-આપણાં એક તૃતીયાંશ દુઃખોનું મૂળ આપણી શારીરિક નબળાઇ છે.
૦૪-નિરંતર પવિત્ર વિચારો કર્યે રાખો. ખરાબ સંસ્કારોને દબાવવાનો એક માત્ર ઉપાય એ જ છે.
૦૫-માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની વજ્ર જેવી દીવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે.
૦૬-દરેક વ્યક્તિને, દરેક પ્રજાને મહાન બનાવવા માટે ત્રણ બાબતો આવશ્યક છે: (૧) શુભની શક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી (૨) ઇર્ષ્યા અને આશંકાનો અભાવ (૩) જે લોકો સારા થવા કે સારું કરવા પ્રયત્ન કરતા હોય તેને મદદ કરવી.
૦૭-પ્રાચીન ધર્મો ઈશ્વરમાં ન માનવાને નાસ્તિક કહેતા. નવો ધર્મ કહે છે કે જેને પોતાનામાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.
૦૮-જે ઈશ્વર કે ધર્મ વિધવાનાં અશ્રુઓ લૂછી ન શકે અનાથના મુખમાં રોટલાનું બટકુ ન આપી શકે એવા ઈશ્વર કે ધર્મમાં હું માનતો નથી.
૦૯-મહાન કાર્યો મહાન બલિદાનથી જ પાર પડે છે.
૧૦-લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુદ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે.
૧૧-જેમ મનુષ્ય વધારે મહાન હોય તેમ તેમને વધારે ને વધારે કપરી કસોટીઓમાંથી પસાર થવું પડે.
૧૨-શ્રદ્ધાવાન બનો, બહાદુર બનો, માણસ મરે છે માત્ર એક જ વાર. શીખવવા જેવો એક માત્ર ધ્રમ છે. નિર્ભયતા. આપણે જોઇએ છે સમાર્થ્ય, સામર્થ્ય અને હર સમયે સામર્થ્ય.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL and Printed at Bhavani Offset Bhatiya Wadi, Opp. Kalupur Railway Station, Kalupur, Ahmedabad – 380 002 and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad – 380 015.

# અખિલેશ-મેરે તો ગિરધર ગોપાલ, યોગી-ચલ જુઠા કહીં કા..!

> યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિઃ ભવતિ ભારત,
> અભ્યુત્થાનધર્મસ્ય  તદા આત્માનં સૃજામિ અહમ્ ।
> પરિત્રાણાયમ સાધૂનાં વિનાશાય ચ દુસ્-કૃતામ્
> ધર્મ-સંસ્થાપન -અથાર્ય સમ્ભવામિ યુગે યુગે..॥

**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**

- હવે યુગપુરૂષના નામે વોટની રાજનીતિ...
- યોગી-અરે નાલાયકો, કુછ તો શરમ કરો...
- સવાલ-કારસેવકો પર ગોળીઓ કોણે વરસાવી હતી..?
- માયાવતી વોટ માટે કોના શરણમાં જશે..?
- રાહુલ ઉવાચ- અમે તો શિવપંથી..શિવ..શિવ..

ગુજરાત વંદન

મહાભારતના યુધ્ધમાં જ્યારે વીર બાણાવલિ અર્જુન કુરૂક્ષેત્રના મેદાનમાં કૌન અપને કૌન પરાયે.. પોતાના અને પારકાંના ભેદમાં ગુંજવાઇ ગયા ત્યારે યુગપુરૂષ ભગવાન શ્રી કૃષ્ણે અર્જુને ઉપદેશ આપ્યો-જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થશે ત્યારે ત્યારે હું સ્વયંને પ્રગટ કરૂ છું..! યુધ્ધમાં જે સામે તે દુશ્મન.. ચલાવ બાણ...

શું ધર્મની હાનિ થઇ રહી છે કે અધર્મમાં વૃધ્ધિ...? અને શું યુગપુરૂષ બાંકે બિહારી પાસે એટલો સમય છે કે તેઓ બીજા કોઇના નહીં અને લાલ ટોપીવાળા રાજકારણીના રોજ સપનામાં આવીને કહે છે, બેટા મુલાયમપુત્ર, તેરી સરકાર બનેંગી...જા બેટા તેરે હી સરકાર બનેંગી.. આગે બઢ...!?

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશની ચૂંટણીઓ હવે કાંઇ દૂર નથી. ચૂંટણી પંચ સમીક્ષા કરીને ટૂંક સમયમાં જ યુપી સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓ જાહેર કરી શકે. અથવા જે રીતે કોરોનાનું સંક્રમ વધી રહ્યું છે અને 70 હજાર કેસો એક જ દિવસમાં નોંધાયા તે જોતાં કદાજ ચૂંટણીઓ જાહેર કરવામાં વિલંબ પણ થઇ શકે. જો કે જ્યારે પણ ચૂંટણીઓ જાહેર થાય ત્યારે યોગી-ઉપયોગી સૌથી આગળ હશે તેમ ચૂંટણી સર્વે આવી રહ્યાં છે. બીજી તરફ સપાના અખિલેશ યાદવ ભગવાનશ્રી કૃષણના નામે ચરી ખાવા દિવાસ્વપ્નની વાતો કરવા લાગ્યા છે...



"ભગવાન શ્રી કિશનજી મેરે સપને મેં આયે ઔર કહને લગે કી યુપી કે ચુનાવ મેં સમાજવાદી પાર્ટી કી સરકાર બન રહી હૈ..ઔર એક બાર નહીં બાર બાર હરરોજ કિશનજી મેરે સપને મેં આ રહે હૈ ઔર કહતે હૈ કી પ્રદેશ મેં તુમ્હારી સરકાર બનેગી ઔર સમાજવાદી સરકાર બનતે હી રામરાજ્ય આયેગાં..!!"

યુપીની ચૂંટણીઓનો કાર્યક્રમ ગમે ત્યારે જાહેર થાય ભાજપે સીએમ યોગીના નેતૃત્વમાં ફરી સરકાર બનાવવા હજારો-હજારો કરોડો રૂપિયાના વિકાસલક્ષી કામો પૂરા કર્યા, ખાત મહુર્ત કર્યા, શિલાન્યાસના કાર્યક્રમો યોજાયા અને યોગીની પ્રતિભાના આધારે ફરી સત્તા મેળવવા રાજકિય શતરંજ પર સોગઠા ગોઠવવાની શરૂઆત ક્યારનીય હાથ ધરી છે.

સત્તાપક્ષ ભાજપે યુપીની ચૂંટણીઓમાં કોંગ્રેસને બાદ કરીને સપાના અખિલેશ યાદવને પોતાના સીધા હરિફ માન્યા છે. અને તેનુ કારણ પણ છે કેમ કે સપા નેતાની રેલીઓ અને સભાઓમાં જન સૈલાબ ઉમડ રહા હૈ એટલે અખિલેશે ચૂંટણીઓ જાહેર થાય..યોજાય..અને પરિણામ જાહેર થાય તે પહેલાં અત્યારથી જ વન વે..ની જેમ એકતરફી નક્કી કરી લીધુ કે પ્રદેશમાં તેમની જ સરકાર બનવા જઇ રહી છે. અને યુગપુરૂષના નામે હાંકે રાખ્યુ છે...મુલાયમપુત્ર અખિલેશે પોતાની સરકાર બની રહી છે અને કિશનજીના આશિર્વાદવાળી વાત જાહેરસભામાં કહેતા પહેલાં સંબોધનમાં જયશ્રી કૃષ્ણ પણ બોલતા નથી કે બોલ્યા પણ નથી. સંબોધન તો શું તેમને વંદન કર્યા વગર બારોબાર તેમના નામે ચલાવ્યું.. અને સામે યોગી-ઉપયોગીનો સનનનનન.. કરતો ગોફણરૂપી વાર આવ્યો...

અલીગઢની જાહેરસભામાં યોગીએ કહ્યું- "કુછ લોગોં કો લખનૌ મે ભગવાન કૃષ્ણ સપને મેં આકર યહ કહ રહે હોંગે કિ અરે નાલાયકોં, અપની નાકામયાબિયો પર અબ તો રો જાઓ, જબ સત્તા મિલીથી તો મથુરા ગોકુલ બરસાના વૃદાવન કે લિયે કુછ નહીં કર પાયે, બલ્કિ કંસ કો પૈદા કરકે જવાહરબાગકી ઘટના કર દિયા..દંગા કરવા દિયા... "



એક તરફ ભગવાન શ્રી રામજી અને બીજી તરફ ભગવાન શ્રી કૃષ્ણજી... ભાજપાના રામ અને સપાના કિશનજી તો પંજાના કોણ...? યે સવાલ તો લોગ પૂછેંગે કિ દેખો રાહુલ ભૈયા...રામજી તો ભાજપા કે સાથ સદીયોં સે હૈ...કિશનજી મહારાજ અભી અભી સપા કે યુવરાજ કો સાયકલ ચલાના શીખા રહે હૈ..આપકે કૌન ..?! યા ઐસા તો નહીં કી પંજે કો દેખ કર સભી દેવતાગણ યે કહ રહે હો કી હમ આપકે હૈ કૌન...?! આમ તો રાહુલે એકવાર જનોઇ બતાવીને કહ્યું હતું કે તેઓ અને તેમનો પરિવાર શિવપંથી છે અને દેવાધિદેવ મહાદેવની પૂજાઅર્ચના કરતા હોય છે. તેમ છતાં તેઓ સર્વધર્મમાં માને છે અને ચૂંટણીઓ વખતે મંદિર...મંદિર...દ્વારે.. દ્વારે...મત્થા ટેકે છે..

હજુ તો અખિલેશ યાદવે સપનાની વાત કરી છે. માયાવતીના સપનામાં કયા ભગવાન આવ્યાં કે આવશે તે જાણવામાં પણ મતદારોને રસ હોય તે સ્વાભાવિક છે...કેજરીવાલે ભગવાન રામજીના પરમ સેવક હનુમાનજીને પસંદ કર્યા છે. પ્રિયંકા ગાંધીએ હજુ કોઇ દેવી દેવતાનું રટણ કે સ્મરણ કર્યુ લાગતુ નથી પણ તેઓ લડકી હું..લડ સકતી હું...ના સૂત્રને લઇને યુપીના મહિલા મતદારોને પંજાની તરફ લોહચુંબકની જેમ ખેંચવાનો પ્રયાસ કરી રહ્યાં છે. બની શકે કે તેઓ શક્તિપીઠને પસંદ કરે.... મમતાદીદીની પાર્ટી પણ યુપીમાં ભાગ પડાવવા માંગે છે એટલે તેઓ પણ વળી મા દુર્ગાજીને લઇ આવે તો નવાઇ નહીં..ખેલા હોબે...!

હે ભગવાન...આ તારી કેવી માયા છે, સત્તા માટે સપાએ, તમે સપનામાં આવો છો એવી વાત કરીને તમને સત્તાની સાથે જોડી દીધા છે...જ્યારે હકીકત એ છે કે તમે સત્તા માટે છો જ નહીં... તમે તો બાંકે બિહારી... મુરલીવાલે...નંદજી કે પ્યારે.. યશોદાજી કે દુલારે..રાધાજી કે મતવાલે...ગોપીઓં કો ચાહનેવાલે...બંસી બજૈયા.... ગૌધન કે પાલનહાર.. તારણહાર...સપા કી બાતોં મેં ના આવતાં. આ તો શું છે કે પ્રભુ...તમે તો બધુ જાણો જ છો કે સપા અને અખિલેશ સત્તામાં હતા ત્યારે કેવા કેવા ખેલ ખેલ્યા હતા અને માયાવતી સત્તામાં હતી ત્યારે પોતાના ચૂંટણી પ્રતિક ગજરાજ-હાથીની વિશાળ મૂર્તિઓ બનાવવામાં વ્યસત હતા, તમારી એક પણ પ્રતિમા બનાવી...? માયાવતીએ જીવતે જીવ પોતાની મૂરત બનાવી પણ રામજીની કે તમારી નાનકડી માટીની મૂર્તિ પણ ના બનાવી અને હવે બ્રાહ્મણોના વોટ માટે રાજકિય પાટ પર દાણાં નાંખી રહ્યાં છે...પક.. પક..પક..પક..આવ...આવ.. આવ..તુઝે મોતી કે દાને ખિલાઉ...પક..પક..પક..!! મુલાયમપુત્ર, યુગપુરૂષને તેમનુ કામ કરવા દો....બાંકે બિહારીને મથુરા..વૃદાવનમાં કદમ્બના વૃક્ષ પર બેસીને નિરાંતે વાંસળીના સૂર વગાડવા દો...તેરી મુરલિયા બાજે...સુન કર રાધાજી આવે..કોઇ રાજકારણીના સપનામાં જવાની જરૂર નથી...રાધે.. રાધે...સપા ભાગે..ભાગે..

## સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

### સંક્ષિપ્ત સમાચાર

#### કિર્તીદાન ગઢવીના ડાયરામાં ફરી રૂપિયાનો વરસાદ : માસ્ક ગાયબ!

લોકગાયક કિર્તીદાન ગઢવીના આણંદ પંથકમાં યોજાયેલા લોકડાયરામાં માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સનો તો ભંગ થતો હતો પરંતુ સાથે જ ધારાસભ્યએ રૂપિયાનો વરસાદ પણ કર્યો હતો ! આણંદના કલમસરમાં કિર્તીદાન ગઢવીના ડાયરામાં અનેક લોકો માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સિંગ જોવા મળ્યું નહોતું. ધારાસભ્ય મયુર રાવલે જાતે ડાયરામાં રૂપિયા ઉડાવ્યા હતા. કિર્તીદાન ગઢવી પર રૂપિયા ઉડાડતા ધારાસભ્યના દ્રશ્યો વાયરલ થતા ચારેબાજુ ચર્ચાનો વિષય બન્યો હતો.

#### રાજકોટમાં રસોઈ સારી ન બનાવતા પતિએ પત્નીને તલવાર ઝીંકી હત્યા કરી...

શહેરના લક્ષ્મીવાડીમાં રસોઇ મુદ્દે દંપતી વચ્ચે થયેલી તકરારમાં પતિએ પત્નીને તલવાર ઝીંકી દીધાનો બનાવ બન્યો છે. શહેરના લક્ષ્મીવાડીના ગાયત્રી એપાર્ટમેન્ટમાં રહેતો આધેડ ગઇકાલે બપોરે તલવાર સાથે ભક્તિનગર પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને તેણે તેની પત્નીને તલવારનો ઘા ઝીંકી દીધાનું કહ્યું હતું. રસોઈ બાબતે માથાકૂટ થતાં પત્નીની હત્યાનો પ્રયાસ કર્યાની આરોપીએ કેફિયત આપી હતી. પોતે ઘણા સમયથી માનસિક બિમારીની દવા પણ લે છે.

#### 'મને કોરોના નથી, માત્ર અફવાઓ છે' : રાજુલાના ધારાસભ્ય અમરીશ ડેરની સ્પષ્તા

અમરેલીના ધારાસભ્ય અમરીશ ડેર સંક્રમિત થયાની વાત વહેતી થઇ હતી. જો કે, આ વાત કોરી અફવા હોવાનું ખુદ ડેરે જણાવ્યું હતું. સોશિયલ મીડિયાના માધ્યમથી અફવાનું ખંડન કર્યુ હતું.

#### રાજકોટમાં દલિતની ક્રુરતાથી હત્યા મામલે સુપ્રીમે આરોપીઓના જામીન ફગાવ્યાં

સુપ્રીમ કોર્ટે સોમવારે રાજકોટમાં વર્ષ 2018માં ચોરીની શંકા પર એક દલિત વ્યક્તિની માર મારીને હત્યા કરવાના ગુનાનો સામનો કરી રહેલા બે લોકોના જામીન રદ કર્યા હતા એટલું જ નહીં, આ કેસમાં સુપ્રીમ કોર્ટે આરોપીના જામીન સામે અપીલ ન દાખલ કરવા બદલ ગુજરાત સરકારને ખખડાવી નાખી હતી એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટમાં આરોપીઓની જામીન પર મુક્તિના આદેશને ગંભીર ભૂલ ગણાવી હતી.

#### જમીન પચાવનારાઓ સામે કાયદાનો કોરડો વિંઝાયો

અંજાર પોલીસ મથકે એક જ દિવસે 2 લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં વરસામેડીમાં સરકારી જમીન પર પ્લોટ પાડી દુકાનો બનાવી તેને વેચનાર 2 ઈસમો તથા મેઘપર-બો. ભાડુઆત મકાન ખાલી ન કરતા જમીન પચાવી પાડવા પર પ્રતિબંધિત કાયદા હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### રાજકોટ મનપાએ ગોકુલનગર આવાસની ૪૦૦ ચો.વાર જમીન પૂર્વ કોર્પોરેટરને પધરાવી

ગુજરાત વંદન

રાજકોટના ગોકુલનગર આવાસ યોજના જે પ્લોટ પર બની છે તે ટીપી સ્કીમ નં.૭નો પ્લોટ નંબર ૧૪૮ છે. આ પ્લોટની એક તરફ પૂર્વ કોર્પોરેટર ગેલા રબારી અને સજુબેન રબારીનું ઘર છે. પતિ-પત્ની વારાફરતી એક એક ટર્મ નગરસેવક રહી ચૂક્યા છે અને જ્યારે આવાસ યોજનાનું કામ ચાલતું હતું ત્યારે ગેલા રબારી કોર્પોરેટર હતા. આ પ્લોટમાં જ્યાં ગેલા રબારીનું ઘર છે ત્યાં આવાસ યોજનાની કમ્પાઉન્ડ વોલ બનાવાઈ નથી. અને માપણી થતા કૌભાંડ બહાર આવ્યું હતું કે, ગેલા રબારીના ઘરના પગથિયાં જ આવાસના પ્લોટની હદમાં છે અને દરવાજો બંધ ન થાય તે માટે તેટલી જગ્યામાં દીવાલ બનતી અટકાવી દેવાઈ હતી. તેમનું ઘર પૂરૂં થાય એટલે ફરીથી દીવાલ બનાવાઈ હતી પણ તે પ્લોટની બાઉન્ડરીને બદલે તેનાથી ૫ મીટર જેટલી અંદર બનાવાઈ હતી.

આ રીતે ગેલા રબારીના ઘર પાસે ૪૦૦ વાર જેટલી જગ્યા આંગણા તરીકે આપી દીધી હતી આ દીવાલ બનાવવાનું કામ પણ આવાસ



યોજનાના સિટી ઈજનેર અલ્પના મિત્રાની ટેક્નિકલ ટીમે જ કહ્યું હતું. આ માપણીમાં લાલ રેખા આવાસના પ્લોટની હદ છે જ્યારે વાદળી રેખા કમ્પાઉન્ડ વોલ છે. ત્રણેય તરફ જેટલી હદ છે ત્યાં સાથે સાથે જ કમ્પાઉન્ડ વોલ છે પણ જેવું ગેલા રબારીનું ઘર આવે છે એટલે ત્યાં ઝાડ પાસે જ દીવાલ અટકી જાય છે અને ત્યાં ગેટ મૂકી દેવાયો છે. ત્યારબાદ ગેલા રબારીના ઘર અને તેની બાજુની દુકાનને ફળિયા તરીકે આવાસ યોજનાનો પ્લોટ મળી જાય છે. ગેલા રબારીનું ઘર પૂરું થાય એટલે ફરી દીવાલ બનાવાઈ છે પણ તે લાલ રેખા એટલે કે પ્લોટની હદથી ક્યાંક ૪ તો ક્યાંક ૫ મીટર જેટલી જગ્યા છોડી બનાવી દેવાઈ છે. પ્લોટના રિ-સરવે બાદ જે પરિણામ આવ્યા તેમા દીવાલ ન બનાવવા પાછળ તેમજ જ્યાં દીવાલ બની છે ત્યાં જગ્યા છોડવા મુદ્દે સિટી ઈજનેર અલ્પના મિત્રાએ કહ્યું હતું કે, તેમની

ટીમે નિયમ મુજબ બધી તરફ દીવાલ બનાવી છે. ટી.પી. શાખાએ પણ માપ લઈને નકશો જોઇ કમ્પ્લીશન આપ્યું છે આવાસ સોંપાયા હતા તેથી ત્યારબાદ શું બન્યું હોય તે ખબર નથી.

જ્યારે ગેલા રબારીએ કહ્યું હતું કે, આ દીવાલ તેમના ઘરના દરવાજા સુધી આવતી હતી તેથી રસ્તો જ ન રહે તેથી કમિશનર અને પદાધિકારીઓની સ્થળ વિઝિટ કરાવી રજૂઆત કરી હતી કે દીવાલ ન બનાવાય પછી ફાઈલ પર આ નિર્ણય લીધો છે કે નહિ તે ખબર નહીં. ગોકુલનગરમાં થયેલા કૌભાંડને લઈને ૩ તપાસ ચાલે છે જેમાં ઝડપથી કાર્યવાહી થશે તેવું કમિશનર અમિત અરોરા, નાયબ કમિશનર આશિષ કુમાર તેમજ મેયર પ્રદીપ ડવ કહી ચૂક્યા છે પણ ઝડપ આવી નથી. ત્યાં વધુ એક ભોપાળું કમ્પાઉન્ડ વોલના રૂપમાં નીકળ્યું છે તેની પણ તપાસ અપાશે તે પહેલા અગત્યનું એ છે કે મનપાની જગ્યામાંથી દબાણ દૂર કરવું જરૂરી છે. દબાણ દૂર કરવાની જવાબદારી ટી.પી. અને આવાસ સેલ બંનેની આવે છે અને હોકી લઈને દબાણ હટાવવા નીકળતા નાયબ મ્યુનિ. કમિશનર એ. આર. સિંધ આ દબાણ દૂર કરવાની હિંમત કરવી જોઇએ ત્યારબાદ કારણ બહાર લાવવું કે શા માટે દીવાલ થઈ ન હતી.

### જમીન મામલે પથ્થરના ઘા ઝીંકી કૌટુંબિક ભાઈની કરી હત્યા..

ગુજરાત વંદન

સરધારનાં હરીપર રોડ પર હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં મુળ મધ્યપ્રદેશનાં વતની અને છેલ્લા બે વર્ષથી સરધારમાં ખેતરમાં મજૂરી કરતા યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી છે. 23 વર્ષીય વિરસિંગ મહોબતસિંગ સિંગાળ નામનો આ યુવક તેના માસુમ પુત્ર સાથે સાયકલમાં જઈ રહ્યો હતો. બરાબર આ સમયે કૌટુંબિક ભાઈઓએ તેની સાથે બોલાચાલી કર્યા બાદ વજનદાર પથ્થરનાં ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. એટલું જ નહીં સાથે રહેલા માત્ર 2 વર્ષનાં માસુમને પણ પથ્થર વડે મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

### સાપ્તાહિક રાશિફળ





વાસ્તુ આચાર્ય તેમજ જ્યોતિષ આચાર્ય : કૌશલકુમાર (મો.નં. ૯૯૭૯૧૭૪૭૫૧)

**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારે બહુજ સાવધાની રાખવી પડશે, દરેક કાર્યો માં અડચણો આવાની સંભાવના રહેલી છે. ગુસ્સો કરવાથી કાર્યો અટકશે, મગજ શાંત રાખવું, વ્યાપાર ધંધા માં નવી તકો આવશે, ઉતાવળીયા નિર્ણય ન લેવા સલાહ છે. નાણાંકીય ક્ષેત્ર માં નવા રોકાણ કરવા નું ટાળવું નુકશાન થવાની શક્યતા દેખાય છે. એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે શુભ રહેશે, પરંતુ તમે પહેલા કરેલા કર્યો ના લીધે ચિંતા રહશે. ઘરના સભ્યો સાથે અને અન્યો લોકો સાથે સબંધો મધુર બનશે, વ્યાપાર ધંધા માં આ સપ્તાહ માં સુધાર જોવા મળે અટકેલા કર્યો પૂરા થાય. એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારે બહુજ સાવધાની રાખવી પડશે, દરેક કાર્યો માં અડચણો આવવાની સંભાવના રહેલી છે. કોઈ મોટા વડીલ ની સલાહ વગર કોઈ કાર્યો ના કરવા, મગજ શાંત રાખવું, વ્યાપાર ધંધા માં નવી તકો આવશે, ઉતાવળીયા નિર્ણય ન લેવા સલાહ છે. અણધાર્યા ખર્ચા ઓછા થશે, ચિંતા ઓછી થશે. એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારે માટે શુભ રહેશે, વ્યાપાર ધંધા માં અટકેલા કર્યો પૂરા થાય અને નવી તકો આવશે, પરિવાર ના લોકો સાથે સુમેળ ભર્યા સંબંધો બન્યા રહેશે. અણધાર્યા ખર્ચા આવા ની શકતા દેખાય છે. ચિંતા ઓછી થશે. એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સારૂં રહેશે, દરેક વ્યક્તિ સાથે સારા સબંધ રાખવા નીસલાહ છે, તમારા પાછળ લોકો તમારી નિંદા કરે, કાર્યો માં અડચણો આવવાની સંભાવના રહેલી છે. કોઈ મોટા વડીલ ની સલાહ વગર કોઈ કાર્યો ના કરવા, મગજ શાંત રાખવું, વ્યાપાર ધંધા માં નવી તકો આવશે, ઉતાવળીયા નિર્ણય ન લેવા સલાહ છે. અણધાર્યા ખર્ચા ઓછા થશે, ચિંતા ઓછી થશે. એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે શુભ રહેશે, ઘરના સભ્યો સાથે અને અન્યો લોકો સાથે સબંધો સુધરે, વ્યાપાર ધંધા માં આ સપ્તાહ માં સુધાર જોવા મળે નવા કાર્યોની શરૂઆત સારી થાય, સ્વાસ્થ્ય અંગે સંભાળ લેવી. તમારી માન પ્રતિષ્ઠા માં વધારો થાય, એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**તુલા (ર, ત)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ માં તમારે ખુબ સાવચેત રહેવું પડશે, તમારે નવા પડકારો નો સામનો કરવો પડશે, વ્યાપાર ધંધા માં તથા નાણાકીય રીતે થોડી તાણ અનુભવાય, નવા કાર્યોની શરૂઆત સારી થાય. એકંદરે આ સપ્તાહ સામાન્ય રહેશે.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ માં તમારે ખુબ સાવચેત રહેવું પડશે, તમારે નવા પડકારો નો સામનો કરવો પડશે, વ્યાપાર ધંધા માં તથા નાણાકીય રીતે થોડી તાણ અનુભવાય, નવા કાર્યોની શરૂઆત સારી થાય. એકંદરે આ સપ્તાહ સામાન્ય રહેશે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, જુના અટકેલા કાર્યો અત્યારે પુરા થાય ત્યારે છે, માં તમારે ખુબ સાવચેત રહેવું પડશે, તમારે નવા પડકારો નો સામનો કરવો પડશે, વ્યાપાર ધંધા માં તથા નાણાકીય રીતે થોડી તાણ અનુભવાય, એકંદરે આ સપ્તાહ સામાન્ય રહેશે.


**મકર (ખ,જ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, દરેક કાર્યો માં સાવચેતી પૂવર્ક અને શાંતિ રાખી ને કરવા સલાહ છે, વ્યાપાર ધંધા માં નવી તકો આવશે. ઉતાવળીયા નિર્ણય ન લેવા સલાહ છે. નાણાંકીય ક્ષેત્ર માં નવા રોકાણ કરવા નું ટાળવું નુકશાન થવાની શક્યતા દેખાય છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સારૂં રહેશે, નવા કાર્યો સાહસ કરવાથી સફળતા મળે, વ્યાપાર ધંધા માં સારૂં રહેશે, સ્વાસ્થ્ય અંગે સંભાળ લેવી, એકંદરે આ સપ્તાહ શુભ રહેશે.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, જુના અટકેલા કાર્યો અત્યારે પુરા થાય ત્યારે છે, માં તમારે ખુબ સાવચેત રહેવું પડશે, તમારે નવા પડકારો નો સામનો કરવો પડશે, વ્યાપાર ધંધા માં તથા નાણાકીય રીતે થોડી તાણ અનુભવાય, નવા કાર્યોની શરૂઆત સારી થાય. એકંદરે આ સપ્તાહ સામાન્ય રહેશે.

મુકેશ અંબાણીની હોટલ બિઝનેસમાં ઊંચી છલાંગ...

# વર્ષ ૨૦૨૨માં પણ અંબાણીની શોપિંગ ચાલુ, અમેરિકામાં ખરીદી ૭૨૮ કરોડમાં આલીશાન હોટલ




ગુજરાત વંદન

દેશ-એશિયાના સૌથી અમીર ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ એક વર્ષથી પણ ઓછા સમયમાં બીજી આલિશાન હોટલની ખરીદી કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ન્યુયોર્કના લક્ઝરી હોટલ મેન્ડારિન ઓરિએન્ટલને 9.81 કરોડ ડૉલરમાં ખરીદી લીધી છે એટલે કે ભારતીય રૂપિયા મુજબ તેની કિંમત અંદાજે 728 કરોડ રૂપિયા થાય છે. વર્ષ 2003માં તૈયાર થયેલી મેન્ડારિન ઓરિએન્ટલ ન્યુયોર્કના 80 કોલંબસ સર્કલ સ્થિત એક લક્ઝરી હોટલ છે, જે સેન્ટ્રલ પાર્ક અને કોલંબસ સર્કલની બાજુમાં છે.

**વર્ષ 2003માં તૈયાર થયેલી મેન્ડારિન ઓરિએન્ટલ ન્યુયોર્કના 80 કોલંબસ સર્કલ સ્થિત એક લક્ઝરી હોટલ છે,**

કંપનીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં કહ્યું છે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની માલિકીની સહાયક કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ્સ એન્ડ હોલ્ડિંગ્સ લિમિટેડે લગભગ 9.81 કરોડ ડૉલરના ઈક્વિટી પ્રતિફળ પર કોલંબસ સેન્ટર કોર્પોરેશનની સંપૂર્ણ જારી શેર મૂડીનું અધિગ્રહણ કરવા માટે એક કરાર કર્યો.

જે Cayman આઈલેન્ડ્સમાં સામેલ એક કંપની છે અને મેન્ડારિન ઓરિએન્ટલ ન્યુયોર્કમાં 73.37 ટકા ભાગીદારીની પરોક્ષ માલિક છે. મેન્ડારિન ઓરિએન્ટલ ન્યુયોર્ક શહેરની પ્રતિષ્ઠિત લક્ઝરી હોટલમાંથી એક છે.

આની પહેલા આ અઠવાડિયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની છૂટક એકમ રિલાયન્સ રિટેલે કરિયાણાના સામાનના ઓનલાઈન ડિલીવરી વેપારમાં પોતાની હાજરીને મજબૂત કરવા માટે આ ક્ષેત્રની કંપની ડન્જોમાં 25.8 ટકાની ભાગીદારી લગભગ 1488 કરોડ રૂપિયામાં ખરીદી.

બંને કંપનીઓએ એક નિવેદનમાં કહ્યું કે ડન્જોએ હાલમાં ભંડોળ એકત્રીકરણ કરવાના કાર્યક્રમ હેઠળ રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની આગેવાનીમાં 24 કરોડ ડૉલર એકત્રિત કર્યા હતા.

## ભારત વિશ્વની મહત્વની ત્રણ અર્થવ્યવસ્થાઓમાંથી એક બની જશે

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના અધ્યક્ષ મુકેશ અંબાણીએ હાલમાં ભવિષ્યવાણી કરી હતી કે ભારત વિશ્વની મહત્વની ત્રણ અર્થવ્યવસ્થાઓમાંથી એક બની જશે અને રિલાયન્સ વિશ્વની સૌથી મજબૂત અને સૌથી પ્રતિષ્ઠિત ભારતીય બહુરાષ્ટ્રીય કંપનીઓમાંથી એક બની જશે. અંબાણીએ રિલાયન્સ ફેમિલી ડે ઈવેન્ટમાં ફરજીયાત અથવા જરૂરી કામોની વાત શેર કરી હતી. જેણે રિલાયન્સમાં બધાએ અપનાવવુ જોઈએ અને જીવનની એક પદ્ધતિ બનાવવી જોઈએ.

# એઆઈઆઈબી બેંકના વાઈસ પ્રેસિડેન્ટ બન્યા ઉર્જિત પટેલ

ગુજરાત વંદન

ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલને એશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંકના વાઈસ પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યા છે. બેંકના સુત્રો દ્વારા રવિવારે આ અંગે માહિતી આપવામાં આવી છે. ચીન બાદ બીજા નંબરે સૌથી વધારે વોટિંગ હિસ્સા સાથે ભારત એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંકના સંસ્થાપક સભ્યોમાંથી એક છે. અને આ બેંકના પ્રમુખ ચીનના પૂર્વ વાઈસ ફાયનાન્સ મિનિસ્ટર જિન લિક્યુન છે.

AIIB બેંકમાં 58 વર્ષીય ઉર્જિત પટેલનો કાર્યકાળ ત્રણ વર્ષનો હશે અને તે આ બેંકના પાંચ વાઈસ પ્રેસિડેન્ટમાંથી એક હશે. અને એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આગામી મહિને તેઓ પોતાના પદભાર સંભાળી શકે છે. AIIBના સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉર્જિત પટેલ બેંકમાં નિવૃત થઈ રહેલાં ડી.જે.પાંડિયનનું સ્થાન લેશે. ડી.જે. પાંડિયન દક્ષિણ એશિયા, પેસિફિક આઈલેન્ડ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં AIIBના બેંકના સોવરેન અને નન સોવરેન લેન્ડિંગના પ્રમુખ હતા. ઉલ્લેખનીય છે કે, ડી.જે. પાંડિયન અગાઉ ગુજરાતના



ચીફ સેક્રેટરી પણ રહી ચૂક્યા છે. અને આ મહિનાના અંત સુધીમાં ભારત પરત ફરી શકે છે.

ઉર્જિત પટેલને રઘુરામ રાજનના સ્થાને રિઝર્વ બેંકના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. તેઓએ 5 સપ્ટેમ્બર 2016ના રોજ ગવર્નરનું પદ સંભાળ્યું હતું. અને બે વર્ષના ટુંકા ગાળામાં વર્ષ 2018માં તેઓએ પોતાના પદ પરથી રાજીનામું આપીને સૌ કોઈને ચોંકાવી દીધા હતા. અંગત કારણોસર રાજીનામું આપતાં હોવાનું તેઓએ જણાવ્યું હતું. તેઓએ નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું હતું કે, તત્કાલ પ્રભાવથી મેં મારા હાલના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. ઉર્જિત પટેલ 2016માં રિઝર્વ બેંકના ગવર્નર બને તે પહેલાં તેઓ રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર હતા અને તે આરબીઆઈમાં તેઓ રાજનના નેતૃત્વમાં મોનિટરી પોલિસી વિભાગનો પ્રભાર સંભાળતા હતા. અને તેઓ ઈન્ફ્લેશન વોરિયર તરીકે પણ જાણીતા છે. આ અગાઉ ઉર્જિત પટેલે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ, બોસ્ટન કંસલ્ટિંગ ગ્રૃપ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સહિત અનેક સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. શનિવારે પોતાની ફેરવેલ સ્પીચમાં પાંડિયને જણાવ્યું હતું કે પટેલની AIIBમાં પોસ્ટિંગને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે ભારત 28 પ્રોજેક્ટ્સ માટે USD 6.7 બિલિયન ફંડિંગ મેળવીને તેના સૌથી મોટા લાભાર્થી તરીકે ઉભરી આવ્યું છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ AIIB બેંક દ્વારા ચેન્નઈ મેટ્રો રેલ સિસ્ટમ માટે 365.67 મિલિયન ડોલરની લોન આપવામાં આવી છે,

**2018માં રિઝર્વ બેંકમાંથી રાજીનામું આપનાર ઉર્જિત પટેલને મળી મોટી જવાબદારી**

## માર્ચ સુધીમાં ૨૩ કંપનીઓ લાવશે રૂા.૪૪ હજાર કરોડના IPO




**ઓયોથી અદાણી સૌ બજારમાં નાણાં ઉઘરાવવા માટે કતારમાં...**

ગુજરાત વંદન

ભારતીય શેરબજાર આજે નવા વર્ષના ત્રીજા દિવસે જબરા ઉછાળા સાથે આગળ વધી રહ્યું છે અને પોઝીટીવ નોટ મુકી છે. તે વચ્ચે ફરી એક વખત આઈપીઓનો નવો ક્રેઝ શરુ થાય અને માર્ચ મહિના સુધીમાં 23 નવા આઈપીઓ આવી રહ્યા છે અને તેમાં રૂા.44 હજાર કરોડની રકમ મેળવાશે તેવા સંકેત છે.

બીજી તરફ સરકારે હજુ ભારતીય જીવન વિમા નિગમનો આઈપીઓ આ નાણાંકીય વર્ષના અંત પુર્વે એટલે કે માર્ચ મહિના પુર્વે આવશે તેવી જાહેરાત કરી છે અને તેથી જ આ અંગે સતાવાર જાહેરાત થયા બાદ તેનો ઉમેરો થશે. પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ એલઆઈસીનો આઈપીઓ આવશે તો અન્ય તમામ આઈપીઓને ઝાખા પાડી દેશે કે તેથી બજારમાં એલઆઈસીઓ આઈપીઓ આવતા પુર્વે અનેક કંપનીઓ પોતાના આઈપીઓને યોગ્ય રીતે પ્રતિસાદ મળે તે જોવાની ચિંતામાં છે.

આ વર્ષે શેરબજાર ઓમીક્રોનની ચિંતા હાલ કરતું નથી પરંતુ ધીમે ધીમે તે સ્થિતિમાં ફેરફાર થઈ શકે છે. ખાસ કરીને માર્ચ મહિના સુધીમાં જ ઓમીક્રોનની પરીસ્થિતિ નિશ્ચિત થઈ જશે અને તેના કારણે માર્કેટમાં કેવુ વાતાવરણ રહેશે તે પણ નિશ્ચિત નથી. 2021માં રૂા.1.2 લાખ કરોડની રકમ આઈપીઓ દ્વારા મેળવાઈ છે અને હવે જે નવી કંપનીઓ આવી રહી છે તેમાં મુખ્યત્વે અદાણી વ્હીલમર રૂા.4500 કરોડ, વેદાંતા રૂા.2 હજાર કરોડ, હોટલ રૂમ માં એગ્રીગેટર તરીકે કામ કરતી ઓયો સૌથી વધુ રૂા.8430 કરોડ ના આઈપીઓ સાથે આવી રહી છે. પણ કોવિડની સ્થિતિ જો વકરશે તો આ પ્રકારના મોટા આઈપીઓ પર અસર થઈ શકે છે.

માર્ચ ક્વાર્ટરમાં જે કંપનીઓ IPO દ્વારા ભંડોળ એકત્ર કરવા માંગે છે તેમાં હોટેલ એગ્રીગેટર ઓયો (રૂ. 8430 કરોડ) અને સપ્લાય ચેઈન કંપની ડેલ્હીવરી (રૂ. 7460 કરોડ)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અદાણી વિલ્મર રૂ. 4500 કરોડનો આઇપીઓ, એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ રૂ. 4000 કરોડ, વેદાંત ફેશન્સ રૂ. 2500 કરોડ, પારાદીપ ફોસ્ફેટ રૂ. 2200 કરોડ અને મેદાંત રૂ. 2000 કરોડનો ઇશ્યૂ લાવવાની યોજના ધરાવે છે.

અન્ય કંપનીઓમાં સ્કેનરે ટેક્નોલોજિસ, હેલ્થિયમ મેડટેક અને સહજાનંદ મેડિકલ ટેક્નોલોજી પણ સમીક્ષા હેઠળના ક્વાર્ટર દરમિયાન પોતાના IPO લાવે તેવી શક્યતા છે.

**ધર્મગુરૂ અને પરગ્રહવાસી વચ્ચેનો સંવાદ..**

# એલિયને પૂછ્યુ-તમારે ત્યાં રાહુલ છે..? એને કહેજો કે..



- નાસાએ એલિયન્સ સાથે વાત કરવા ધર્મગુરૂ રાખ્યા..
- ઓત્તારી..પંજો એલિયન્સ કન્ટ્રીમાં પણ પહોંચ્યો..
- અને એલિયન્સબાબા બરાબરના બગડ્યા..
- આંગડુબાંગડુ ગ્રહમાંથી ઓલપોલી વાઈરસ...



**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**

ગુજરાત વંદન

ઇશુનું વર્ષ 2021 વિદાય થઇ ગયું છે. ઇતિહાસમાં તે વિલિન થઇ ગયું છે. નવુ વર્ષ 2022, વિદાયમાન થઇ ગયેલા વર્ષ 2021ના હાથમાંથી માનવતાની મશાલ લઇ લીધી છે. વિદાયમાન વર્ષમાં અનેક ઉથલપાથલો મચી. અનેક ઘટનાઓ બની. પણ વિદાયમાન વર્ષના છેલ્લે છેલ્લે અમેરિકાના નાસા સંસ્થાએ હલવેકથી મમરો મૂક્યો- અમે પરગ્રવાસી-એલિયન્સ-ની જાણકારી માટે ધર્મગુરૂઓની મદદ લીધી છે. 24 ધર્મગુરૂઓને નાસાએ લીધા છે. અને કારણ એવુ આપ્યું છે કે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..હરિ..માં ક્યાંગ એલિયન્સબાબા મળી આવે, ધારો કે મળી આવે તો તેની સાથે વાતચીત કઇ રીતે કરવી, તેનો સામનો કઇ રીતે કરવો,માનવતા માટે તેમને શું કહેવુ,એલિયન્સ ધર્મ પાળતા હોય તો તેની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે 24 ધર્મગુરૂઓની મદદ લેશે. દેખીતી રીતે 24 ધર્મગુરૂમાં સનાતન ધર્મ હિન્દુ ધર્મના પણ કોઇ ધર્મગુરૂ તો હશે જ. નાસાએ હજુ એ 24ના નામો જાહેર કર્યા નથી અથવા પસંદગીની પ્રક્રિયા ચાલી રહી હશે.

નાસાએ હમણાં જ બ્રહ્માંડના રહસ્યો ખોલી શકે એવો વિશાળ ટેલિસ્કોપ જેમ્સ બેબ અંતરીક્ષમાં લઇ જઇને તરતુ મૂક્યુ છે. તેની ક્ષમતા અને શક્તિ એવી છે કે તે અખિલ બ્રહ્માંડની અંદર જઇને ત્યાં શું ચાલી રહ્યું છે અને કોઇ ગ્રહ પર જીવ સૃષ્ટિ છે કે નહીં અને રખે ને એલિયન્સ મળી આવે તો.... તેની શોધખોળ આરંભી છે. જેમ્સ વેબ ટેલિસ્કોપ સફળતા એવો નિર્દેશ કરે છે કે નાસા એલિયન્સની નજીકમાં છે, કાં તો જાણી ગયું છે કે ક્યાં છે, અથવા તેની સાથે સંપર્કમાં હશે.કેમ કે નાસા કાંઇ બધી વિગતો જાહેર કરતુ નથી. ધીમે ધીમે રહસ્યો ખોલવાની નાસાની જુની ફૂટેવ છે. બની શકે કે નાસા એલિયન્સના સંપર્કમાં હોઇ શકે અને તેમની સાથેની વાતચીતમાં ખબર નહીં પડતાં દુનિયાના વિદ્વાન ધર્મગુરૂઓની મદદ લેવા માંગતુ હોય.

**સનાતન હિન્દુ ધર્મના ધર્મગૂરૂનો એલિયન્સ સાથેનો સાક્ષાત્કાર...**

ધર્મગરૂ-જયશ્રીરામ....! પૃથ્વીવાસીઓ પર નજર રાખનાર એલિયન્સબાબા સમજી ગયો, જયશ્રીરામ નહીં બોલુ તો આવી બનશે... એટલે વળતો જવાબ-જયશ્રી રામ. ધર્મગરૂ-કેમ છો.. તબિયતપાણી બધુ સારૂ છે ને..? એલિયન્સબાબા-આ નાસાવાળાને મળ્યો ત્યાં સુધી તો બધુ હારૂ હારૂ હતું હવેની ખબર નથી....! નાસાવાળાઓએ કહ્યું કે હું તમને મળુ અને વાતચીત કરૂ. તો કહો તમારે ત્યાં કેમનું છે હિન્દુસ્તાનમાં...?

ધર્મગુરૂ-અમારે ત્યાં હિન્દુસ્તાનમાં ભયો ભયો... યોગી હૈ.. ઉપયોગી હૈ... ચૂંટણીઓની મોસમ ચાલે છે.. બોરેમાસ... ક્યાંકને ક્યાંક મતદાન થતું હોય છે..તમારે ત્યાં ચૂંટણી-વુટણી થાય છે નહીં..? એલિયન્સબાબા-અમે ચૂંટણીઓ..અને ચૂંટણીમાં વાદવિવાદ..જાત-પાંત.. માં માનતા નથી. તમામ એલિયન્સ એક સમાન...કોઇ ઉંચ નહીં..કોઇ બડે નહીં.. કોઇ છોટે નહીં..બધા એક સમાન... અને હાં ચૂંટણીથી યાદ આવ્યું તમારે ત્યાં કોઇ રાહુલ નામનો નેતા છે...?!!

**વિદાયમાન વર્ષમાં અનેક ઉથલપાથલો મચી. અનેક ઘટનાઓ બની. પણ વિદાયમાન વર્ષના છેલ્લે છેલ્લે અમેરિકાના નાસા સંસ્થાએ હલવેકથી મમરો મૂક્યો- અમે પરગ્રવાસી-એલિયન્સ-ની જાણકારી માટે ધર્મગુરૂઓની મદદ લીધી છે.**

ધર્મગુરૂ (મનમાં)-ઓત્તારી...કોંગ્રેસનો પંજો પરગ્રહ અને પરગ્રહવાસીઓ સુધી પહોંચી ગયો.. એલિયન્સને કહ્યું-હાં છે ને...પણ એમની પાર્ટીમાં એમનુ જ કોઇ સાંભળતા નથી..! એલિયન્સબાબા- તમારૂ પણ ક્યાં કોઇ સાંભળે જ છે...? ધર્મગરૂ-કેમ..શું થયું...? એલિયન્સબાબા-તમારા હિન્દુસ્તાનમાં કોઇ સાધુએ ગાંધીજીને ગાળો આપી....તેમને ભાંડ્યા....આવુ બોલાય અને તે પણ તમારા જેવા ભગવા વસ્ત્રો પહેરીને... અને સામે કોઇ વિરોધ જ ના કરે...? અમે ભલે તમારે ત્યાં આંટો મારવા નથી આવતા પણ ગાંધીજી વિષેનો આખો ઇતિહાસ અમારી પાસે આંગળીના વેઢે છે જ. ભલે ગુજરાતમાં એવા કોઇ સાધુનો વિરોધ ના કરે. પણ રાહુલને કહેજો કે પહેલા હિન્દુ અને હિન્દુત્વનો પૂરો અભ્યાસ કરે...! ગાંધીજીને ગાળો આપનાર સાધુની વાતથી ધર્મગરૂ આમ તો ગંભીર થયા પણ રાહુલનું નામ આવતા જોરમાં આવ્યાં અને કહ્યું-એલિયન્સબાબા, તમારી વાત સાચી છે. રાહુલને કાંઇ આવડતુ નથી...મનમાં આવે એવુ બોલ..બોલ... બોલ્યા કરે છે. હું રાહુલને તમારો સંદેશો પહોંચાડીશ કે પહેલા હિન્દુ ધર્મ વિષે બરાબર અભ્યાસ કરી લે... પછી તેના વિષે બોલે...જેની માતા ખ્રિસ્તી હોય તેને હિન્દુ ધર્મનું શું જ્ઞાન હશે..!

એલિયન્સબાબા- તેની માતા લગ્ન પહેલા અન્ય ધર્મની હતી. લગ્ન પછી હિન્દુ છે. અને તમારે પણ હિન્દુ ધર્મમાં ચાલતા વર્ણભેદનો ઉકેલ લાવવો જોઇએ...તમારા ભારતવર્ષના ઉત્તરાખંડ પ્રાંતમાં એક શાળામાં મધ્યાહ્ન ભોજન બનાવનાર દલિત “ભોજનમાતા”ના હાથનું રાંધેલુ ભોજન ગામના સવર્ણ જાતિના બાળકો ખાવાનો ઇન્કાર કર્યો.. આ કેવુ...? નાના બાળકોમાં કુમળી વયે જ ઉચ-નીચનો ભેદભાવ હશે અને છે તો ભારત કઇ રીતે આગળ વધશે..? અમારા આંગડુપબાંગડુ નામના ગ્રહ પર તો એવો કોઇ પૂર્વગ્રહ છે જ નહીં..ના નથી..સબ એક હી ઇશ્વર કી સંતાન....!

ધર્મગરૂ- પણ એલિયન્સબાબા..દલિત છાત્રોએ પણ એવુ કર્યું..તેમણે સવર્ણ ભોજનમાતાના હાથનું બનેલુ ભોજન ખાવાનો ઇન્કાર કર્યો...એ પણ ખોટુ જ કહેવાય ને..? એલિયન્સબાબા-દલિતછાત્રોનો એ વિરોધ બતાવે છે કે તેઓ હવે જેવાની સાથે તેવા...નો જવાબ શીખી રહ્યાં હશે. પણ છોડો...આપણે આ વર્ણભેદ..ઉંચનીચ.. ચૂંટણી-વૂંટણી..રાહુલ-વાહુલ.. માં ક્યાં પડ્યાં..અમે એલિયન્સ તો અમારા આંગડુબાંગડુ ગ્રહ પરથી તમારી દુનિયા પર નજર રાખી રહ્યાં છીએ...તમે અત્યારે વાઇરસનો સામનો કરી રહ્યાં છો પણ એ વાઇરસ ફેલાવનાર નાક કટા બુચિયા ચીનાઓની સામે તમો આખી દુનિયાના દેશોએ શું કર્યું..? અમે એક વાઇરસ મોકલીશુ ને તો...?

ધર્મગરૂ બે હાથ જોડીને-ના..ના... રહેવા દો એલિયન્સભાઇ....અમે પૃથ્વીવાસી એક ચ્યાંઉમ્યાંઉ રોના-ધોના-કોરોના વાઇરસ અને એ વાઇરસમાંથી નવા નવા બની રહેલા પેટા વાઇરસ ઓમિક્રોનથી ફરી લોકડાઉન ભણી ઢસડાઇ રહ્યાં છીએ....એમાં વળી તમારા આંગડુબાંગડુ ગ્રહમાંથી ઓલીપોલી નામનો કોઇ વાઇરસ આવશે તો...શિવ.. શિવ..? હરિઓમ..હરિઓમ...

# આ છે ઉડતી પતંગનો ઉડતો ઈતિહાસ અને જ્ઞાન-વિજ્ઞાન



## બેન્જામીન ફ્રેન્કલીને આકાશમાં થતી વીજળીને પકડવાનો પંતગ દ્વારા કર્યો પ્રયાસ અને...

ગુજરાત વંદન

પતંગ ચગાવવાનો શોખ ન હોય તેવા કોઈ વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે. અમદાવાદ પતંગના શોખ માટે જાણીતું છે. પરંતુ વિશ્વભરના દરેક દેશોમાં પતંગ લોકપ્રિય છે. પતંગ કાગળ કે હળવા કાપડમાંથી બને છે. હવે તેનું સ્થાન પ્લાસ્ટિકે લીધું છે. પતંગનો મૂળ આકાર એટલે ચતુષ્કોણ કાગળના સામસામેના ખૂણાને જોડે તે રીતે લાકડાની સળી ચોડીને બનાવેલું માળખું. જુદા જુદા દેશોમાં પતંગના જુદા જુદા આકાર જોવા મળે છે પરંતુ પતંગને આકાશમાં ઊડવા માટેનો સિદ્ધાંત એક સરખો જ છે.

વહેતો પવન પતંગની બંને સપાટી પરથી પસાર થાય છે. જ્યારે સપાટીની નીચે પવનનું દબાણ વધે ત્યારે તે ઉપરની દિશામાં ધકેલાય છે. પવન તેને ક્ષિતિજ તરફ પણ ખેંચે છે. પતંગના બે ખૂણા લાકડાની પાતળી સળી વડે જોડાયેલા હોય છે. ઊભી સળીને ઢઢ્ઢો કહે છે જ્યારે આડી અર્ધગોળાકાર સળીને કમાન કહે છે. ઢઢ્ઢાની બંને તરફના ખૂણાનું અંતર સરખું હોય છે. અને વચ્ચે કિન્ના બાંધેલી હોવાથી બંને તરફ સરખું દબાણ લાગે છે. પતંગની પૂંછડી સુકાનનું કામ કરે છે. શોખીનો પોતાની આવડત મુજબ પવનને કાબૂમાં રાખે છે. લાંબી પૂંછડીવાળા પતંગ આકાશમાં વધુ સ્થિર રહે છે. પતંગની ડિઝાઈન પક્ષીઓ કે ઊડતા જંતુઓના આકારની બનતી.

પતંગ ચગાવવાની શરૂઆત અઢી હજાર વર્ષ પહેલાં ચીનમાં થઈ હતી. ચીનમાં કાગળ અને રેશમની શોધ સૌ પ્રથમ થઈ હતી. ચીનમાં વાંસ પણ પુષ્કળ થાય છે. આ ત્રણે વસ્તુઓ સહેલાઈથી મળતાં ચીનમાં કાગળના પતંગ બનાવવાની શરૂઆત થઈ. ચીનમાં પાંચમી સદીમાં મોઝી અને લુબાન નામના સાધુઓએ પ્રથમવાર કાગળના પતંગ ચગાવ્યાની ઇતિહાસમાં નોંધ છે.

૧૬મી અને ૧૭મી સદી દરમિયાન પતંગ ચગાવવાની પ્રથા વિશ્વના ઘણા દેશોમાં પરંપરા બની ગઈ. રાઈટ ભાઈઓએ વિમાનની શોધ પણ પતંગમાંથી પ્રેરણા લઈને કરેલી ઈ.સ. ૧૮૬૦થી ૧૯૧૦નો ગાળો પતંગ માટે સુવર્ણકાળ બન્યો. વિજ્ઞાનીઓ હવામાનનો અભ્યાસ કરવા, એરીયલ ફોટોગ્રાફી કરવા, વિમાનના મોડેલો બનાવવાના પ્રયોગો કરવા પતંગનો ઉપયોગ કરવા લાગ્યા. પતંગની જેમ ઊડતાં ગ્લાઈડર પણ શોધાયા. બીજા વિશ્વયુદ્ધમાં પતંગનો ઉપયોગ સંદેશા મોકલવા માટે પણ થવા લાગ્યો.

બેન્જામીન ફ્રેન્કલીને વાવાઝોડામાં પતંગ ચગાવી આકાશમાં થતી વીજળીમાં કરંટ હોવાની શોધ કરેલી.

### ચીનમાં છે વિશ્વનું સૌથી મોટુ વર્લ્ડ કાઈટ મ્યુઝિયમ

વિશ્વનું સૌથી મોટું પતંગ મ્યુઝિયમ વર્લ્ડ કાઈટ મ્યુઝિયમ ચીનના વાઈફંગમાં આવેલું છે. ૧૮૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ મ્યુઝિયમમાં વિશ્વભરના જુદી જુદી ડિઝાઈનના પતંગ જોવા મળે છે.

અમેરિકાના વોશિંગ્ટનમાં લોંગ બીચ ખાતે પણ પતંગ મ્યુઝિયમ આવેલું છે. અહીં વિશ્વભરના વિવિધ પ્રકારના પતંગો ઉપરાંત જુદા જુદા દેશોએ પતંગ આધારિત પ્રસિદ્ધ કરેલી ટપાલ ટિકિટોનો સંગ્રહ પણ જોવા મળે છે.

અમદાવાદમાં સંસ્કારકેન્દ્રમાં આવેલું પતંગ મ્યુઝિયમ પણ સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર છે. આ મ્યુઝિયમમાં છેલ્લા પચાસ વર્ષથી સંગ્રહ કરેલા નાના મોટા વિવિધ પ્રકારના પતંગ જોવા મળે છે. અહીં ૨૨ ફૂટ લાંબો અને ૧૬ ફૂટ પહોળો પતંગ પણ જોવા મળે છે.

**વિશ્વભરમાં કેટલાક આકર્ષક પતંગ મ્યુઝિયમોમાં નીચેના મ્યુઝિયમ પ્રસિદ્ધ છે**

* ડ્રેકેન ફાઉન્ડેશન સિયેટલ, અમેરિકા
* ઇન્ટરનેશનલ કાઈટ મ્યુઝિયમ કોર્પસ ક્રિસ્ટી, અમેરિકા
* ધ કાઈટ મ્યુઝિયમ, પીલી આઈલેન્ડ, કેનેડા
* ટાકો-નો-હાકુબુત્સુકાન, ટોકીયો, જાપાન
* હ્યુજ કાઈટ મ્યુઝિયમ, શોવુઆ, જાપાન
* નેશનલ કાઈટ મ્યુઝિયમ નોમપેન, કંબોડિયા

# કેક, કૂકિઝ, પેસ્ટ્રી કલ્ચર સામે ચીકી અને તલસાંકળીનો સંઘર્ષ

» ઉત્તરાયણ અગાઉ ઘરમાં સિંગપાક, તલના અને મમરાના લાડુ બનતા હોય તેની સોડમ માણી છે ખરી ?
» તહેવાર કે પ્રસંગનો દિવસ જ માત્ર મહત્ત્વનો નથી તે અગાઉના દિવસોનો જુસ્સો જમાવવાનું આપણે ભૂલી ગયા છીએ
» આપણે પ્રત્યેક તહેવારો અને પ્રસંગો માટે એવું કેમ કહેતા થઇ ગયા છીએ કે, ''યાર, પહેલા જેવી મજા નથી આવતી.''

ગુજરાત વંદન

ઉત્તરાયણ કે હોળી તો ઠીક દિવાળી આવીને ચાલી જાય ત્યારે પણ આપણી પ્રતિક્રિયા એવી હોય છે કે, 'યાર હવે ખબર નહીં અગાઉના વર્ષો જેવી મજા નથી આવતી.'

આમ થવાનું કારણ શું તે અંગે આપણે ખાસ વિચારતા નથી. આપણા પ્રત્યેક તહેવારો અને પ્રસંગો એમ જ રાતોરાત નહોતા ઉજવાતા. તહેવારો પ્રમાણે વાનગીઓ ઘેર બનાવાતી. ઉજવણીની પરંપરા કે તેની નિશ્ચિત પદ્ધતિ રહેતી.

લગ્ન પ્રસંગમાં અત્યારે એક ડિશ બે હજાર રૂપિયાની હોય, મોંઘી જ્વેલરી, સુટપેન્ટ અને આઠ- દસ લાખનો પ્લોટ- ડેકોરેશનનો પ્લાન હોય તો પણ એ જ રીવ્યૂ કે 'પહેલા જેવું જામતું નથી.'

અગાઉ તો લગ્ન વાડીમાં થતા, જમીન પર બેસીને પંગત ભોજન રહેતું. વાનગીઓમાં પણ એક મીઠાઈ, પૂરી, શાક, દાળ અને ભાત કે બહુ તો ફૂલવડીન ફિક્સ આઇટમ હોય, ઉતારાના પણ ઠેકાણા ના હોય આમ છતાં જૂના જમાનાના લગ્નોની મજાની વાતો કરતા આંખો ભીની થઈ જાય.

તહેવારો અને પ્રસંગોની ઉજવણી હવે કેલેન્ડરની તારીખીયું બની ગઈ છે. ૧૩મી જાન્યુઆરી સુધી બધું નોર્મલ જનજીવન, યંત્રવતતા અને તનાવભર્યો રાબેતા મુજબનો ઘટનાક્રમ હોય. ૧૪મી જાન્યુઆરીએ ઉઠીએ એટલે જાહેર રજા અને 'લો.. આજે તો ઉતરાયણ છે.' જેવો અવાજ ઘરના એ ક ખૂણેથી સંભળાય. એવું નથી કે ઉતરાયણની ઉજવણી નથી થતી પણ તેને આવકારવા માટેના જે કાઉન્ટડાઉન અઠવાડિયા પહેલાથી શરૂ થઈ જતું તે હવે ભૂંસાતું જાય છે.

આપણી સંસ્કૃતિ અને તહેવારોનો ખરો હાર્દ સામેલગીરી, હોંસલા સાથે તેના વધામણા માટેની પૂર્વ તૈયારી અને જે તે વાનગી ઘેર જાતે જ બનાવવી અને નિભાવવી તે રહ્યો છે.

ઉત્તરાયણનું ઉદાહરણ લઈએ તો ૧૩મી તારીખ સુધી સિંગપાક, ચીકી, તલપાક, તલના અને મમરાના લાડુ, બોર આપણે ખાસ ખાતા નથી. અચાનક ૧૪મી જાન્યુઆરીએ અગાસીમાં જતી વખતે જ તે દેખા દેશે. પણ બે દિવસ પછી તેની નોંધ જ નહીં લેવાય.



સિંગ પાક, તલના અને મમરાના લાડુ, તલસાંકળી પણ રેડીમેડ લઈ આવ્યા હોઈશું એટલે ઘરના સભ્યોને અગાઉના વર્ષોમાં જે આ બધું બનાવવા માટેનો ટેમ્પો અઠવાડિયા પહેલાથી જામતો તેનો રોમાંચ અનુભવાતો જ નથી.



અગાઉના વર્ષોમાં જાન્યુઆરી મહિનાના કરિયાણાની સામગ્રીમાં કાચી સિંગ, તલ, મમરા, દાળિયા અને ગોળના મોટા પડીકાઓ જોતાં જ ઘરના સંતાનોમાં ખુશીની લહેર દોડી જતી. ૧૦-૧૨ દિવસ પછી ઉતરાયણ છે તેના ડંકા વાગી જતા હતા. સિંગ અને તલ શેકાતા હોય તેની રસોડામાં આવતી સુગંધ, શેકેલી સિંગના ફોતરા ઘરના બધા સભ્યો વચ્ચે જ ગૃહિણી બેસીને કાઢે અને સંતાનો શેકેલી સિંગ કે તલની મુઠ્ઠી ભરે એટલે હિંચકા પર બેસેલા વડીલ દૂરથી જ મીઠો ઠપકો આપે કે 'એ ય... સિંગ એવી રીતે ખાઈને નથી બગાડવાની... તે સિંગપાક (ચીકી) માટે છે.'

તે પછી એક સિંગદાણાના બે-ત્રણ ટુકડા થાય તેમ તેને હળવેથી ખાંડવામાં આવે. બીજા- ત્રીજા દિવસે શાળાએથી ઘેર આવો ત્યારે પ્રવેશદ્વાર પર જ ગોળ શેકાતો હોય તેની સોડમ આવે અને મોમાંથી લાળગ્રંથિનો ઝરો ફૂટી નીકળે. તમે સીધા રસોડા તરફ દોડી જાવ તે સાથે જ ગરમ ઢીલા લથપથ બનેલા ગોળમાં સિંગ નાખીને તમારા માતુશ્રી કડાઈમાં તેને તવેથાથી હલાવીને મિશ્રિત કરતા જોઈ શકો.

ભલે તમે શાળાનું લેશન કરો કે બહાર રમવા જાવ પણ તમને સતત અંદરથી ઉમળકો અઠવાડિયા પહેલાથી જાગ્રત થયેલો હોય કે હવે ઉત્તરાયણ (મકર સંક્રાંતિ) આવી રહી છે. બાળકો જ નહિ ઘરના મોટેરાઓમાં પણ ઉત્સાહ સંચારિત થયેલો છે કે હવે ખીચડો, પૂરણપોળી કે વેડમી, ઉંધિયું બનાવવાની તૈયારી પણ કરવા પડશે. ગાયને પણ ખોળ ખવડાવવાનો અને થોડું અન્નદાન પણ જરૂરિયાતમંદોને કરવાનું છે.

સિંગ અને ગોળનું ગરમ મિશ્રણ હજુ હલાવી શકાય તેટલું ઢીલું છે ત્યાં જ તેને થાળીમાં પાથરીને અણીયાળા તવેતા કે ચપ્પુતી તે ઠંડુ પડે તે અગાઉ નાના ચોરસ ટુકડામાં ફેરવાય તે રીતે કાપા પાડવામાં આવે છે.

આવી જ રીતે તલસાંકળી બનાવાય છે અને હવે તેની જુદી જ મનમોહક સોડમ પ્રસરે છે. ફરી ઘરના એક વડીલ દૂરથી આરામ ખુરશીમાં બેઠા પુત્રવધૂને લગભગ આદેશના સૂરમાં જ કહી દે છે કે, 'થોડી તલસાંકળી ગોળની જગ્યાએ ખાંડની (ચાસણીમાં તલ) બનાવજો. મોમાં નાખતા જ ઓગળી જાય તેવી.' દાંતનું ચોકઠું છે તે દરમ્યાન મોમાં દબાવીને ગોઠવે છે.

કેટલાક વડીલો તેમના પુત્રવધૂ કરતા તેમનામાં કેવી રસોઈ અને વાનગી બનાવવાની કુનેહ છે તે બતાવતા કહે છે, 'તમારા જમાનામાં તલસાંકળી આવી અમે તો તલના પાપડ બનાવતા.' આમ કહી તેઓ તેમની ખાસ રીતે ગોળને ઢીલો શેકે છે તલ સાથે મિશ્રણ કરે છે.

જે રીતે રોટલી કે પાપડ વણે તેમ ચકવા અને વેલણથી તલના પાકના પાપડ બનાવે છે. લાકડના ચકવા અને વેલણ પર ગોળને લીધે તે પાપડ બનતા પહેલા ચોંટી ન જાય તેથી પ્લાસ્ટિકની કોથળીના પેપરનો ઉપયોગ કરે છે. પુત્રવધૂ આ બધુ જોઇને દંગ થઈ જાય છે.

હવે એક દિવસ મમરાના લાડુનો વારો આવે છે. ઘરના સંતાનોને ઉત્તરાયણના અઠવાડિયા પહેલાથી આ બધું ખાવા તો મળે છે પણ ઉત્તરાયણ પહેલા જ બધું ઝાપટી ન નખાય તેની તકેદારી સાથે આપવામાં આવે છે. રસોડામાં ગોઠવાયેલા ડબ્બા પર વડીલોની નજર રહે છે. પાણી પીવાના બહાને ડબ્બામાંથી ચીકી લેતા સંતાનોને વડીલો પકડી પણ પાડે છે.

અમુક લાડુમાં હાથથી તેને ગોળ વાળતી વખતે તેમાં પાંચ કે દસ પૈસાના સિક્કા મૂકવામાં આવતા જેથી બાળકો તે લાલચથી ખાય તેમાં ગમ્મત પણ ઉમેરાય.

શાકભાજી સાથે બોર, લીલવાના ચણા અને શેરડી પણ આવવા માંડે.

પતંગના દોરાને માંજો પાવાનો સમય પણ મજાનો હતો. પતંગ ખરીદવા રાત્રિઓ જાગીને બે દિવસ પહેલાથી કિન્ના બંધાતી.

ઉત્તરાયણની સવારે ઘરના સિનિયર સભ્યો ગાયને લીલું ઘાસ કે બાફેલ ઘઉં, ખોળ ખવડાવવા જતા. મંદિરે દર્શન તો કરવાના જ ભોજનમાં ખીચડો અને તેનો આગલો દિવસ પણ માહોલ જામે ઉંધિયું બનાવવાનું હોઈ ઘરના સભ્યો લીલા દાણા ફોલવા કે લીલી મેથી ચૂંટવા ગોળ ફરતા બેસી જતા. સંતાનોને આવા ભોજન કે તેની બનાવવાની પ્રક્રિયામાં ખાસ કંઈ રસ નહતો પડતો છતાં તેઓ આ પરંપરા જોતા તો હતા જ. ઘરમાં સંપ, સંઘભાવના અને ઉજવણીમાં સામેલગીરી રહેતી.

ઉત્તરાયણ તો નજીક હોઈ તેનું ઉદાહરણ આપ્યું બાકી તમે કોઈ પણ તહેવાર કે પ્રસંગ વિષે વિચારશો તો તેમાં રેડીમેઇડ કલ્ચર નહોતું. દિવાળી આવવાની હોય તો પંદર દિવસ પહેલાથી વાનગીઓ ઘેર બનવા માંડતી.

પ્રત્યેક તહેવારો અને સારા-નરસા પ્રસંગોમાં કુટુંબ,પાડોશી અને સમાજની સામેલગીરીની આપણી સંસ્કૃતિ છે.

ઘરના સંતાનો આવા વાતાવરણને લીધે તહેવારની મજા દિવસો અગાઉથી માણતા. આપણા પરિવારજનોનો તનાવ પણ વખતોવખત આવતા આવા બ્રેકને લીધે ઘટતો હતો.

# ગંભીર સમસ્યાઓ પૈકીની એક છે ગ્લોબલ વોર્મિંગ...



ગુજરાત વંદન

ગ્લોબલ વોર્મિંગ એ એક ગંભીર સમસ્યા છે જેનો માનવજાત આ દિવસોમાં સામનો કરી રહી છે. ચાલો આપણે પૂર અને દરિયાકાંઠાના વિસ્તારોના અદ્રશ્ય થવા સહિત ગ્લોબલ વોર્મિંગને કારણે વધતા દરિયાઈ સ્તર સાથે સંકળાયેલા મુખ્ય જોખમોની ચર્ચા કરીએ. ગ્લોબલ વોર્મિંગની મુખ્ય સમસ્યાઓમાંની એક પૂર છે. ગરમીમાં વધારાને કારણે, બરફ ભયજનક દરે પીગળે છે અને પૂરના સ્વરૂપમાં પાણીના અચાનક ઓવરફ્લોનું કારણ બને છે. આના પરિણામે મિલકત, જીવન અને અન્ય કેટલીક કિંમતી વસ્તુઓનું નુકસાન થાય છે. ઉદાહરણ તરીકે, જાપાનમાં તાજેતરના પૂરમાં ૩ મિલિયન ડોલરનું નુકસાન થયું હતું અને તે ઉપરાંત, ઘણા લોકો ભૂખે મરતા હતા. બીજી મોટી સમસ્યા દરિયાકાંઠાના વિસ્તારોની અદ્રશ્યતા છે. દરિયાની સપાટીમાં વધારો થવાથી દરિયાકાંઠાના વિસ્તારો પાણીમાં ડૂબી જાય છે. પરિણામે, ઘણા લોકો દરિયાકાંઠાના વિસ્તારો ખાલી કરી રહ્યા છે. તદુપરાંત, આના પરિણામે દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા માછલીઓ અને અન્ય દરિયાઈ જીવોને નુકસાન થાય છે.આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સૌપ્રથમ દરેક દેશની સરકારે પર્યાવરણને ગ્લોબલ વોર્મિંગથી બચાવવા માટે આગળ આવવું જોઈએ. ઉદાહરણ તરીકે, યુનાઈટેડ નેશન્સે દરેક દેશનું પ્રદૂષણ નિયંત્રણમાં છે તેની ખાતરી કરવા માટે એક સંસ્થા બનાવી છે. દરેક દેશ માટે તે સંસ્થામાં જોડાવું ફરજિયાત બનાવવું જોઈએ. સરકારના પ્રયાસો ઉપરાંત, વ્યક્તિઓએ ગ્લોબલ વોર્મિંગને ઘટાડવામાં તેમની ભૂમિકા ભજવવાની જરૂર છે. દાખલા તરીકે, તેઓ કાર પરની તેમની નિર્ભરતાને ટાળવાનો પ્રયાસ કરી શકે છે અને તેના બદલે જાહેર પરિવહનનો ઉપયોગ કરી શકે છે, જે પર્યાવરણને અનુકૂળ છે. કંપનીઓએ વધુ ઇકો-ફ્રેન્ડલી બનવાનો પ્રયાસ કરવો જોઈએ અને ગ્લોબલ વોર્મિંગનું કારણ બને તેવી સામગ્રીનો ઉપયોગ દૂર કરવો જોઈએ.

**ગરમીમાં વધારાને કારણે, બરફ ભયજનક દરે પીગળે છે અને પૂરના સ્વરૂપમાં પાણીના અચાનક ઓવરફ્લોનું કારણ બને છે.**

આ દિવસોમાં ગ્લોબલ વોર્મિંગ એક ગંભીર સમસ્યા છે. દરિયાની સપાટીમાં પરિણામે વધારો થવાથી પૂર, દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઈ જીવો લુપ્ત થવા જેવી અનેક આપત્તિઓ થઈ શકે છે. આ સમસ્યા સરકાર, વ્યક્તિઓ અને કંપનીઓના સંયુક્ત પ્રયાસો દ્વારા ઉકેલી શકાય છે



# નરણાં કોઠે કોફી પીવાથી ઈમ્યૂન સિસ્ટમમાં ખામી સર્જાઈ શકે

અમેરિકન જર્નલ ઓફ પબ્લિક હેલ્થમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ પ્રમાણે ખાલી પેટે કોફી પીવાથી શરીરમાં કોર્ટિસોલ હોર્મોનનું લેવલ ઊંચું થઈ જાય છે. આ હોર્મોનથી મેટાબોલિઝમ, ઈમ્યૂન સિસ્ટમ અને સ્ટ્રેસ મેનેજ થાય છે. જો એનું લેવલ અચાનક વધ-ઘટ થયા રાખે તો તેનાથી આખી મેટાબોલિઝમ, ઈમ્યૂન સિસ્ટમ અને સ્ટ્રેસ મેનેજમેન્ટની સિસ્ટમ ખોરવાય તેવો ભય સર્જાય છે.

કેલિફોર્નિયાના યુનિવર્સિટીના સંશોધકોએ થોડાંક લોકોની સવારની કોફી પીવાની આદતના આધારે તારણ કાઢ્યું હતું કે દરરોજ નાસ્તાની સાથે કોફી પીનારા લોકોની ઈમ્યૂન સિસ્ટમ વ્યવસ્થિત અને એકધારી ગતિએ કામ કરતી હતી, જ્યારે નાસ્તાને અવગણીને માત્ર કોફી પીનારા લોકોમાં હતાશાનું પ્રમાણ ઠીકઠીક માત્રામાં જોવા મળ્યું હતું.

સવારે ખાલી પેટ કોફી પીનારા લોકોનો મૂડ સ્વિંગ થતો જોવા મળ્યો હતો. નરણાં કોઠે કોફી પીવાથી એસિડની માત્રા ય વધી જાય છે અને એમાંના ઘણાં લોકોએ ગેસ-અસિડિટીની ફરિયાદ પણ કરી હતી. તેના કારણે બપોરનું જમવાનું સમયસર પચતું નથી. પરિણામ એ આવે છે કે હેલ્ધી ફૂડ પણ પચવાને બદલે વેસ્ટ બની જાય છે. સવારે ભૂખ્યા પેટે માત્ર કોફી પીનારા લોકો પાસેથી તેમની ખાવા-પીવાની આદત બાબતે સવાલો પૂછાયા હતા. આ લોકોએ સ્વીકાર્યું હતું કે માત્ર કોફી પીધા પછી બપોરે ધારણા કરતાં ઓછું જમી શકાયું હતું અને તેની અસર રાતના ભોજનમાં પણ પડી હતી.

સંશોધકોએ ભલામણ કરી હતી કે કોફી ઘણી બધી રીતે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, પરંતુ સવારે એકલી કોફી પીવાને બદલે સાથે થોડોક નાસ્તો કરવાથી વધુ ગુણકારી સાબિત થશે. હેલ્થ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં સૂચન કરાયું હતું કે સવારે કોફી સાથે હેલ્ધી નાસ્તો કરવો જોઈએ, તેનાથી ઈમ્યૂન સિસ્ટમ વધારે સારી રીતે કામ કરતી થાય છે.

# ક્યા ડેન્ડ્રફ ફીર સે આ ગયા ...? ઓહ...નો...

## મેન્સ-વુમન્સને ડેન્ડ્રફની સમસ્યા કેમ થાય છે?

ગુજરાત સહિત દેશભરમાં મહિલાઓ-મેન થતી ડેન્ડ્રફ એક એવી સમસ્યા છે જે મોટાભાગના લોકોને ચિંતા કરે છે. ડેન્ડ્રફને કારણે, કેટલીકવાર બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. તેનાથી છૂટકારો મેળવવા માટે તમે તમામ ઉપાયો અપનાવશો, પરંતુ ઘણી વખત આ સમસ્યાનો ઈલાજ થતો નથી અથવા તો તે વારંવાર આવે છે. જાણો ડેન્ડ્રફની સમસ્યા શા માટે થાય છે અને તમે તેનાથી કેવી રીતે છુટકારો મેળવી શકો છો.



### ડેન્ડ્રફ ફૂગના કારણે થાય છે

ડેન્ડ્રફ મુખ્યત્વે માલસેઝિયા ગ્લોબોસા ફૂગને કારણે થાય છે. આ ફૂગ આપણી ત્વચા અને વાળના તેલને શોષી લે છે. તે ઓલિક એસિડ ઉત્પન્ન કરે છે, જે ત્વચામાં ખંજવાળ પેદા કરી શકે છે. તે રોગપ્રતિકારક પ્રતિભાવને પણ અટકાવે છે, જેના કારણે ખોપરી ઉપરની ચામડીના સૂકા પડ પડવા લાગે છે.

### તણાવ પણ એક કારણ છે

ડૅન્ડ્રફની સમસ્યા તણાવના કારણે પણ થઈ શકે છે. ઠંડા હવામાનમાં ડેન્ડ્રફની સમસ્યા વધી જાય છે, તેથી આ સિઝનમાં વાળની ખાસ કાળજી રાખો. તૈલીય વાળને કારણે માથાની ચામડી ચીકણી થઈ જાય છે. જેના કારણે વાળમાં ગંદકી જામે છે. વધુ પડતો તળેલા ખોરાક ખાવાથી પણ માથાના વાળમાં તેલ આવે છે, જેનાથી ડેન્ડ્રફ થાય છે. થાઈરોઈડના કારણે પણ ડેન્ડ્રફની સમસ્યા છે. થાઇરોઇડને કારણે માથાની ચામડી શુષ્ક બને છે અને વાળ તૂટે છે અને ખરી જાય છે.

### તેલ સારું છે કે નહીં

વાયુ પ્રદૂષણને કારણે ડેન્ડ્રફની સમસ્યા વધુ વકરી છે. જો કે સૂર્યના યુવી કિરણો આ સ્થિતિને નિયંત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. આવી સ્થિતિમાં, ખોડો દૂર કરવા માટે માથાની ચામડીમાં તેલ લગાવવું બિલકુલ સારું નથી. તેનાથી વાળ વધુ ચીકણા બનશે. બીજી તરફ વાળમાં રહેલ ફૂગ કુદરતી તેલને શોષી લે છે, તેનાથી ડેન્ડ્રફની સમસ્યા વધી શકે છે. ડેન્ડ્રફની સમસ્યાને કારણે માથાની ચામડીમાં શુષ્કતા અનુભવાય છે અને ખંજવાળની સમસ્યા થઈ શકે છે. જો ડેન્ડ્રફની સમસ્યા ખૂબ વધી ગઈ હોય તો લગભગ એક મહિના સુધી એન્ટી-ડેન્ડ્રફ શેમ્પૂનો ઉપયોગ કરો.





# ઠંડીની મોસમમાં મેકઅપ ટિપ્સ....

ઠંડીની ઋતુમાં ત્વચામાં થોડું કઠોરપણું આવી જાય છે અને તે શુષ્ક બની જાય છે. શુષ્ક ત્વચા પર મેકઅપ કરી સુંદર દેખાવા માટે થોડી કુશળતા જરૂરી છે. આને માટે તમારે તમારી મેકઅપ કીટ બદલવાની કોઈ જ જરૂર નથી. રેગ્યુલર મેકઅપમાં વપરાતી વસ્તુઓ થકી જ થોડી કુશળતા સાથે મેકઅપ કરો અને ઠંડીની ઋતુમાં પણ સુંદર દેખાવ.

### મોઇસ્ચરાઇઝર

મેકઅપ શરૂ કરતાં પહેલાં મોઇસ્ચરાઇઝર લગાડવું જરૂરી છે અને એ પણ ફેસવોશ કર્યાની બે-ત્રણ મિનિટમાં તરત જ, જે સ્કિન પર કોઈ કરચલીઓ ન આવે અને સ્કિન પર પોપડી પણ ન થાય. એ પછી તમે જ્યારે મેકઅપ કરવા બેસો ત્યારે મેકઅપ પહેલાં મોઇસ્ચરાઇઝર લગાવવું. એ પણ ૧૦ મિનિટ પહેલાં, જી મોઇસ્ચરાઇઝર સ્કિનમાં ઍબ્સોર્બ ઈ જાય છે. મોઇસ્ચરાઇઝર સ્કિન-ટાઇપ પ્રમાણે લગાવવું. જો તમે મેકઅપ કરતાં પહેલાં મોઇસ્ચરાઇઝર અને પ્રાઇમર ન લગાવો તો તમારો મેકઅપ વધારે વપરાય છે અને તમે જાણે માસ્ક પહેયોર હોય એવું લાગે છે.

### ફાઉન્ડેશન

હવે આવે છે ફાઉન્ડેશન. મેકઅપમાં સૌ પહેલો ફેરફાર ફાઉન્ડેશન પર કરવો પડશે. હવે રેગ્યુલરમાં જે ક્રીમ-બેઝડ ફાઉન્ડેશન વાપરતા હતા એના બદલે ઇઇ (બ્યુટી બામ) ક્રીમ ફાઉન્ડેશન વાપરો જેમાં મોઇસ્ચરાઇઝર, લિક્વિડ ફાઉન્ડેશન અને પ્રાઇમર હોય છે. મોઇસ્ચરાઇઝરી સ્કિન સોફ્ટ થાય છે અને પ્રાઇમરી મેકઅપ લોન્ગ-લાસ્ટિંગ રહે છે. આ ઇઇ ક્રીમ ફાઉન્ડેશન મેકઅપ પહેલાં લગાવવી મેકઅપ ૧૨ કલાક સુધી રહે છે. અમુક કંપનીઓ આ ઇઇ ક્રીમ ફાઉન્ડેશનમાં સનસ્ક્રીન લોશન પણ ઍડ કરે છે. એ તમારા ફેસ પર ગ્લો પણ આપે છે. જો જરૂર પડે તો પહેલાં થોડું ક્ધસીલર વાપરવું અને ટ્રાન્ઝ્લુસન્ટ પાઉડરી સેટ કરવું. ઇઇ ક્રીમ ફાઉન્ડેશન દરેક સ્કિનના કલર પ્રમાણે મળે છે. બ્રાઇડને મેકઅપ કરતાં પહેલાં જ્યાં-જ્યાં કલર-ડિફરન્સ હોય ત્યાં ક્ધસીલર લગાવવું. કોન્ટુરિંગ કરવા માટે પણ તમે ઇઇ ક્રીમ ફાઉન્ડેશનનો ઉપયોગ કરી શકો છો. લિપસ્ટિક શિયાળામાં ઘણાના હોઠની સ્કિન ફાટી જાય છે અને પોપડી નીકળવા લાગે છે. એના માટે લિપસ્ટિક અપ્લાય કરતાં પહેલાં ઘણુંબધું લિપ-બામ લગાવવું. ભીના હોઠ પર તરત જ વેસલિન લગાવવું જેની સ્કિન મોઇસ્ચરાઇઝરને ઍબ્સોર્બ કરી લેશે. એ સિવાય રોજ રાત્રે લિપ-બામ વાપરવું. ટિન્ટેડ લિપ-બામ વાપરવું. આ ટિન્ટેડ લિપ-બામમાં કલરના પિગ્મેન્ટ હોય છે. બીજું, આ વેસલિન જેવું ટ્રાન્સપરન્ટ હોય અને એમાં તમને વિવિધ પ્રકારના શેડ્સ મળી રહે છે જે તમને લિપસ્ટિક જેવી શાઇન આપે છે જી હોઠ મુલાયમ અને નરમ રહે. શિયાળામાં લાઇટ કલર અને નેચરલ શેડ્સી બહુ સારો લુક મળે છે. જેમ કે ગોરા લોકો માટે પિન્ક શેડ્સ, ઘઉંવર્ણી ત્વચા માટે કોરલ કલર જેમાં પિન્ક-પીચ-બ્રાઉન કલરનું કોમ્બિનેશન હોય છે, એ સિવાય પીચ કલર પણ વાપરી શકાય. લિપ ડ્રાય ન થાય એ માટે લિપ-લાઇનર લગાવીને પછી લિપસ્ટિક લગાવવી. લિપગ્લોસ પર લિપસ્ટિક નીકળી જાય છે એટલે લિપગ્લોસ પર લિપસ્ટિક ન લગાવવી. આઇ મેકઅપમાં બની શકે તો વોટરપ્રૂફ લાઇનર અને મસ્કરા વાપરવા, જી ઠંડી હવાને કારણે આંખમાંથી પાણી આવે તો આંખનો મેકઅપ ખરાબ ન થાય. લિપસ્ટિકમાં તમે સ્ક્રબિંગ પણ કરી શકો છો. વેસલિનમાં સાકર મિક્સ કરી ટૂથબ્રશી હલકા હો સ્ક્રબ કરો જેના હોઠ પરની ડેડ સ્કિન નીકળી જશે. હા, જેને ઠંડીમાં હોઠ એટલા ફાટી જતા હોય કે લોહી નીકળતું હોય તેણે આ સ્ક્રબ ન કરવું. આંખોનો મેકઅપ સાંજે થોડો ઘેરો હોવો જરૂરી છે. જેલીયુક્ત આયલાયનર અને મસ્કરા તમારા ચહેરા પર આંખોને સુંદર ઊઠાવ આપશે. આંખોની આસપાસના ભાગ પર થોડું મોઈશ્ચરાઈઝર લગાવવાથી તેટલા ભાગમાં ત્વચા તરડાશે નહીં અને આંખો સુંદર દેખાશે. ફક્ત મેકઅપ ઉપર ધ્યાન ન આપતા ઠંડીમાં પુષ્કળ પાણી પીવાનો પણ આગ્રહ રાખો જે ત્વચાને અંદરથી ભેજવાળી રાખશે અને તરડાવા નહીં દે. અઠવાડીયામાં એક વાર સુગંધીયુક્ત તેલનું માલીશ પર ત્વચાને સુંવાળી અને ચળકતી રાખશે. પોષક આહાર, તાજા ફળો અને અને નિયમીત કસરત પણ તમારી શુષ્ક ત્વચાને ઠંડીમાં સુંદર અને કાંતીમય રાખશે. જો આટલું કરશો તો શિયાળામાં પણ સુંદર દેખાશો.

> શુષ્ક ત્વચા પર મેકઅપ કરી સુંદર દેખાવા માટે થોડી કુશળતા જરૂરી છે. આને માટે તમારે તમારી મેકઅપ કીટ બદલવાની કોઈ જ જરૂર નથી.

# કોમ્પ્યુટર પર વધારે સમય કામ કરવાથી થઈ શકે વિઝન સિન્ડ્રોમની સમસ્યા


## વધારે મોબાઈલ અને લેપટોપનો ઉપયોગ કરવાથી આપણી આંખને નુકશાન થાય છે

કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ (સીવીએસ) થી બચવા માટે ખૂબ જ જરૂરી છે કે લાંબા સમય સુધી સ્ક્રિનની સામે કામ કરનારા લોકોએ ૨૦-૨૦ એક્સરસાઇઝ કરીને આંખોને આરામ આપવાના પ્રયત્ન કરવા જોઇએ. આ એક્સરસાઇઝમાં દર ૨૦ મિનિટે સ્ક્રિનથી ૨૦ સેકન્ડ માટે દુર જઇ કોઇ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયત્ન કરવો જોઇએ. આવુ કરવાથી આંખમાં લોહીનો સંચાર સારી રીતે થાય છે. ડિજિટલ યુગમાં આપણે મોબાઈલ કે કોમ્પ્યુટરથી દુર રહી શકતા નથી. સતત સ્ક્રિન સામે બેસીને કામ કરવાથી આ સમસ્યા ઉદ્દભવે છે. આ કોઈ બીમારી નથી, પણ સાવચેતી રાખવી અનિવાર્ય છે. કોરોનાની મહામારીને કારણે લોકડાઉન હોવાથી શિક્ષણ અને ઓફિસનું કામકાજ ઓનલાઇનથી અનિવાર્ય છે, પરંતુ વધારે મોબાઈલ અને લેપટોપનો ઉપયોગ કરવાથી આપણી આંખને નુકશાન થાય છે.

આંખને નુકશાન ન થાય તે માટે આપેલા ઉપાયને ધ્યાનમાં રાખીને કામ કરવું જોઈએ. કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ નામ સાંભળીને જ લાગી રહ્યું છે કે આ કોમ્પ્યુટર પર વધારે સમય સુધી કામ કરવાને કારણે ઉદભવતી આંખની સમસ્યા છે. કોરોના વાયરસને કારણે ઓનલાઇન શિક્ષણ અને વર્ક ફ્રોમ હોમને કારણે લોકોના સ્ક્રિન ટાઇમમાં ઘણો મોટો વધારો થયો છે. છેલ્લા બે વર્ષની વાત કરીએ તો ભારતમાં સરેરાશ દર વ્યક્તિ રોજ ઓછામાં ઓછા ૭ કલાક સ્માર્ટફોન, લેપટોપ, કોમ્પ્યુટર કે ટેબલેટ જેવા ગેજેટ્સનો ઉપયોગ કરે છે.

કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ (સીવીએસ)ને ડિજિટલ આઇ સ્ટ્રેન પણ કહેવામાં આવે છે. કેમકે આમાં આંખો પર ખૂબ જ વધુ દબાણ આવે છે. આ સિવાય માથું દુ:ખવું, ગળામાં દુ:ખાવો અને ખભામાં દુ:ખાવા જેવી સમસ્યા પણ થઇ શકે છે. નવસારીની રોટરી આઇ હોસ્પિટલમાં રોજના ૧૫-૨૦ લોકો આ સમસ્યાને લઇને આવતા હોય છે. સીવીએસએ કોઇ બિમારી નથી અને આ સમસ્યામાં આંખના નંબર પણ આવતા નથી. આંખ ખેંચાવી, ભારે લાગવી જેવી સમસ્યાઓ સર્જાય છે. મોડી રાત સુધી અંધારામાં મોબાઇલ કે લેપટોપનો વધુ પડતો ઉપયોગ પણ આ સમસ્યા સર્જી શકે છે.

> દર ૨૦ મિનિટે સ્ક્રિનથી ૨૦ સેકન્ડ માટે દુર જઇ કોઇ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયત્ન કરવો જોઇએ.



**આપણે ઇચ્છીએ તો પણ ડિજિટલ યુગમાં મોબાઈલ કે કોમ્પ્યુટરથી દુર રહી શકતા નથી**

# પીરિયડ્સ દરમિયાન ભૂલથી પણ ના કરો આ ભૂલો

દર મહિને યુવતીઓ અને મહિલાઓને પિરિયડમાં આવવું એક કુદરતી પ્રક્રિયા છે. સમય દરમિયાન યુવતી અને મહિલાઓન ઘણી સમસ્યાનો ભોગ બનું પડે છે. જેવા કે માથાનો દુ:ખાવો, શરીરમાં દુખાવો, બ્લીડીંગ, નીંદર ના આવવી જેવી પરેશાનીઓ પિરિયડના લીધે થાય છે જેના પગલે ડેઇલી રૂટિન ડિસ્ટર્બ થઇ જાય છે. પરંતુ ઘણી વાર મહિલાઓને જાણકારીના અભાવે સેનેટરી પેડ, ડાયટ અને પેઈનકિલરથી જોડાયેલી એવી ઘણી ભૂલો કરતી રહે છે જેની અસર સ્વાસ્થ્ય પર થાય છે. આજે અમે આ લેખ દ્વારા જણાવીશું કે પિરિયડ દરમિયાન કઈ સાવચેતીનો ખ્યાલ રાખવો જોઈએ.

પિરિયડ દરમિયાન દર્દથી રાહત મેળવવા માટે મહિલાઓ પેઈન કિલરનો સહારો લે છે. પેઈન કિલરથી શરીરના સ્વાસ્થ્ય પર ખરાબ અસર થાય છે.અમેરિકન નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના સંશોધન પ્રમાણે પીરિયડ્સ દરમિયાન લેવામાં આવતી પેઈન કિલર સ્વાસ્થ્ય હાનીકારક છે. આ દવાઓનું સેવન કરવાથી તમારા શરીરમાં સારા બેક્ટેરિયાનો નાશ થાય છે. જેના કારણે મહિલાને હાર્ટ એટેક, અલ્સર, લીવર, કિડની અને આંતરડા સંબંધી બીમારી થવાની શક્યતા છે.

પિરિયડ દરમિયાન શરીરમાં ઘણી કમજોરી હોય છે. ત્યારે આ સમય દરમિયાન હેવી વર્કના કરવું જોઈએ. જેના કારણે પેટ અને કમરના દર્દમાં વધારો થતો હોય છે. પિરિયડ દરમિયાન ઓછામાં ઓછી 8 કલાકની ઊંઘ લેવાથી માથાના અને શરીરના દુખાવાની સમસ્યા રહે છે.

યુવતીઓ પિરિયડ દરમિયાન આવતી બ્લડની ખરાબ વાસને કારણે પર્ફ્યુમનો ઉપયોગ કરતી હોય છે. જણાવી દઈએ કે આવું કરવાથી યીસ્ટ ઈંફેક્શની સાથે ઘણા પ્રકારના ઇન્ફેક્શન થવાનો ડર લાગે છે. પર્ફ્યુમમાં સિન્થેટિક અને બીજા કેમિકલ હોય છે. જે સ્કિનને નુકશાન પહોંચાડે છે.

પિરિયડ દરમિયાન એ ખુબજ જરૂરી છે પર્યાપ્ત માત્રામાં ભોજન કરવું. આ સમયે કોઈ પણ કારણથી ભોજનના કરવાથી તબિયત માટે ખતરનાક હોય શકે છે. આ સમયે શરીર બહુજ કમજોર હોય છે. તેવામાં ના જમવાને કારણે તબિયત ખરાબ થવાની શક્યતા રહેલી છે. આ સમયે જે પણ આહાર લો તે વધુ પોષ્ટીક હોવો જોઈએ.

ઘણી વાર મહિલાઓ જાહેરાત અને આળસને કારણે લાંબા સમય સુધી એક જ પેડનો ઉપયોગ કરતી હોય છે.



# અમદાવાદમાં કેપ્ટન પંડ્યાનું 'હાર્દિક' સ્વાગત !

## IPLમાં અમદાવાદની ટીમની માલિકી અદાણી નહીં CVC કેપિટલે પાસે જ રહેશે




ગુજરાત વંદન

IPL 2022ની નવી સીઝનમાં કુલ 10 ટીમો વચ્ચે મેચો રમાશે. જોકે, CVC કેપિટલે ઉંચી બોલી લગાવીને અમદાવાદની ટીમને ખરીદી હતી જે બાદ છેલ્લા ઘણા દિવસોથી વિવાદ ચાલી રહ્યો હતો જેનો અંત આવી ગયો છે કેમ કે ભારતીય ક્રિકેટ બોર્ડે સોમવારે લેટર ઓફ ઈન્ટેનેટ CVC કેપિટલને આપી દેતા અમદાવાદની ટીમની માલિકી સીવીસી પાસે જ રહેશે. બીજી બીજુ એવા અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે કે, ગુજરાતી લોકલ બોય અને ઓલ રાઉન્ડર હાર્દિક પંડ્યાને અમદાવાદના કેપ્ટન તરીકે પસંદ કરાયો છે. હજુ સુધી આ મુદ્દે બોર્ડના અધિકારી કે BCCIએ કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. તેવામાં અનુમાન લગાવાઈ રહ્યું છે કે ઓક્શન પહેલા અમદાવાદની ટીમ અંગે BCCI સત્તાવાર જાહેરાત કરી શકે છે.

બેક પ્રોબ્લેમ હોવાથી ફિટનેસની સમસ્યા વચ્ચે હાર્દિક પંડ્યાને અમદાવાદની ટીમનો કેપ્ટન બનાવાયો છે એવા અહેવાલ છે.

ઉલ્લેખનીય છે કે, શ્રેયસ અય્યરનું નામ જોરશોરથી ચાલતું હતું પરંતુ અત્યારે મીડિયા રિપોર્ટ્સના આધારે હાર્દિક પંડ્યાને અમદાવાદની ટીમનો કેપ્ટન પસંદ કરાયો હોવાનું જણાય છે. IPL 2022 માટે મુંબઈ ઈન્ડિયન્સે આ ખેલાડીને રિટેન ન કરતા ઘણા સવાલો સામે આવ્યા હતા.



IPLમાં અમદાવાદની ટીમને CVC ગ્રુપે 5625 કરોડ રૂપિયામાં ખરીદી હતી.

અમદાવાદ ફ્રેન્ચાઈઝીને સત્તાવાર રીતે BCCI તરફથી મંજૂરી મળી ગઈ છે અને બોર્ડ તરફથી બહુપ્રતીક્ષિત લેટર ઓફ ઈન્ટેનેટ પ્રાપ્ત થયો છે. ફ્રેન્ચાઇઝીમાં ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન વિક્રમ સોલંકી ક્રિકેટના ડિરેક્ટર તરીકે રહેશે જ્યારે ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર આશિષ નેહરા મુખ્ય કોચની ફરજ નિભાવશે. આઈપીએલની આગામી આવૃત્તિમાં અમદાવાદ ટીમની માલિકીની બિડ જીત્યા પછી પણ તેને લેટર ઓફ ઈન્ટેનેટ ન મળવાથી ફ્રેન્ચાઈઝીની આગળની પ્રોસિઝર અટવાઈ ગઈ હતી.

આ મુદ્દો સીવીસી કેપિટલ વેન્ચર્સની માલિકીનો હતો, જે કંપનીએ બિડ જીતી હતી. ગેરી ક્રિસ્ટન કે જેઓ ટીમની 2011 વર્લ્ડ કપ વિજેતા જીત દરમિયાન ભારતના મુખ્ય કોચ હતા તે હવે અમદાવાદ ટીમના માર્ગદર્શક હશે. ફ્રેન્ચાઇઝી તેની મેચો દેશના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમશે.

## પૂર્વ પ્રસિદ્ધ મહિલા ક્રિકેટર ઝૂલન ગોસ્વામીની બાયોપિકમાં

# 'ચકદા એક્સપ્રેસ'થી એક્ટિંગનાં 'મેદાન'માં તરખાટ મચાવશે અનુષ્કા

ગુજરાત વંદન

બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માના ચાહકો છેલ્લા ઘણા સમયથી કમબેકની રાહ જોઈ રહ્યા હતા જેનો અંત આવ્યો છે. અનુષ્કા ટૂંક સમયમાં ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ફાસ્ટ મહિલા બોલરમાંથી એક ઝુલન ગોસ્વામીની બાયોપિક 'ચકદા એક્સપ્રેસ'માં જોવા મળશે જેની પુષ્ટિ અભિનેત્રીએ સોશિયલ મીડિયા દ્વારા કરી છે. નોંધનીય છે કે, અનુષ્કા શર્માની છેલ્લી ફિલ્મ ઝીરો હતી જે 2018માં રિલીઝ થઈ હતી જ્યારે ક્રિકેટર વિરાટ કોહલી સાથે લગ્ન કર્યા બાદ આ અભિનેત્રીની પહેલી મૂવી હશે. 2017માં લગ્ન બાદ અનુષ્કાએ બોલીવુડમાંથી બ્રેક લીધો હતો.





અનુષ્કા શર્માએ નવા વર્ષની શરૂઆતમાં તેના ચાહકોને ખુશખબર આપી છે. ટૂંક સમયમાં જ તમે તેને ઝુલન ગોસ્વામીનાં રોલમાં સ્ક્રીન પર જોઈ શકશો. ઝુલનની બાયોપિક 'ચકદા એક્સપ્રેસ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. અનુષ્કા લાંબા સમયથી ફિલ્મોથી દૂર છે ત્યારે આ ફિલ્મ તેના ચાહકો માટે વિઝ્યુઅલ ટ્રીટ બની રહેશે. વળી, અનુષ્કાને ક્રિકેટરનાં રૂમમાં જોવાનું પણ રોમાંચક હશે. લગભગ 1 મિનિટનાં આ ટીઝરમાં મહિલા ક્રિકેટ ટીમની શરૂઆતની મુશ્કેલીઓની ઝલક આપવામાં આવી છે. બીજી તરફ, અનુષ્કા બંગાળી એક્સેન્ટમાં ઝુલન ગોસ્વામીની જેમ બોલતી જોવા મળે છે. તેણે એક ઈમોશનલ નોટ પણ લખી છે અને સમજાવ્યું છે કે આ ફિલ્મ તેના માટે કેમ ખાસ છે. અનુષ્કાએ નોટમાં લખ્યું છે કે, આ ફિલ્મ મારા માટે ખરેખર સારી છે કારણ કે તે જબરદસ્ત બલિદાનની વાર્તા છે. ચકદા એક્સપ્રેસ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન ઝુલન ગોસ્વામીનાં જીવન પર આધારિત છે અને તે મહિલા ક્રિકેટની દુનિયામાં આંખ ખોલનાર બની રહેશે. જે સમયે ઝુલને ક્રિકેટર બનવાનું અને વિશ્વની સામે દેશનું સન્માન લાવવાનું નક્કી કર્યું ત્યારે મહિલાઓ માટે રમત વિશે વિચારવું પણ મુશ્કેલ હતું.

## ન્યૂઝીલેન્ડમાં 6 માર્ચથી ICC મહિલા વર્લ્ડકપ

# વિશ્વકપ જીતવા ભારતીય વુમેન્સ ખેલાડી દેખાડશે દમખમ



ગુજરાત વંદન

ન્યૂઝીલેન્ડમાં યોજાનારા આઇસીસી મહિલા વન ડે વર્લ્ડ કપ માટેની ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દીધી છે. ભારતીય વુમન્સ ટીમ મિતાલી રાજની કેપ્ટન્સની હેઠળ રમશે જ્યારે ટીમની વાઈસ કેપ્ટન હરમનપ્રીત કૌર રહેશે. તેમજ ટીમમાં શેફાલી વર્મા, સ્મૃતિ મંધાના સહિતના ખેલાડીઓને તક મળી છે અને જેમીમા રોડ્રિગ્યુઝ અને શિખા પાંડેને કંગાળ ફોર્મને પગલે પડતા મૂકવામાં આવ્યા છે. મિતાલી રાજ અને ઝૂલન ગોસ્વામીનો આ છેલ્લો વર્લ્ડકપ રહેશે. ત્યારે ભારતને વિશ્વકપમાં જીત અપાવી પોતાના સફરનો અંત કરવા માટે બંને ખેલાડીઓ એડીચોટીનું જોર લગાવતા જોવા મળશે.

ટુર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકાને સીધી એન્ટ્રી મળી છે. ચારેય દેશને ICC વુમન્સ ચેમ્પિયનશીપ 2017-20 અંતર્ગત મળી.

ન્યૂઝીલેન્ડ યજમાન હોવાથી તેને એન્ટ્રી મળી. અન્ય ત્રણ ટીમો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને વેસ્ટઈન્ડિઝે વર્લ્ડકપમાં ક્વોલિફાયર મારફતે પોતાની જગ્યા બનાવી છે.ન્યુઝીલેન્ડની ભૂમિ પર તારીખ ૬ માર્ચથી આઇસીસી મહિલા વન ડે વર્લ્ડ કપ શરૂ થશે. જે અગાઉ ભારતીય ટીમ ન્યુઝીલેન્ડનો પ્રવાસ ખેડશે અને ૧૧ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન બંને દેશો વચ્ચે પાંચ વન ડેની શ્રેણી રમાશે. આઇસીસીનો મહિલા વન ડે વર્લ્ડ કપ છેલ્લે ૨૦૧૭માં રમાયો હતો. ભારતે તેમાં શાનદાર દેખાવ કરતાં ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જોકે ભારતનો માત્ર નવ રનથી ઈંગ્લેન્ડ સામે પરાજય થયો હતો. મહિલા વર્લ્ડ કપ 2022માં કુલ 8 ટીમો સામેલ છે. આ વર્લ્ડકપમાં ફાઈનલ સહિત 31 મેચો રમવામાં આવશે.

ટુર્નામેન્ટ 31 દિવસ ચાલશે. વર્લ્ડકપની મેચો ઓકલેન્ડ, ક્રાઈસ્ટચર્ચ, ડુનેડિન, હેમિલ્ટન, તોરંગા અને વેલિંગ્ટનમાં યોજાશે. ટુર્નામેન્ટ રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમવામાં આવશે. સૌથી પહેલા દરેક ટીમ સામસામે એક-એક મેચ રમશે. ફાઈનલ મેચ ક્રાઈસ્ટચર્ચમાં યોજવામાં આવશે. ભારતની વર્લ્ડ કપ અને ન્યુઝીલેન્ડમાં વન ડે રમનારી ટીમ મિતાલી રાજ (કેપ્ટન), હરમનપ્રીત કૌર (વાઈસ કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, યાસ્તિકા ભાટિયા, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિ.કી.), સ્નેહ રાણા, ઝુલન ગોસ્વામી, પૂજા વસ્ત્રાકર, મેઘના સિંઘ, રેણુકા ઠાકુર, તાન્યા ભાટિયા (વિ.કી.), રાજેશ્વરી ગાયકવાડ, પૂનમ યાદવ.

## ટ્વેન્ટી-20 ક્રિકેટના ફોર્મેટમાં ફેરફાર

# આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટ નવા અંદાજ સાથે રમાશે

ગુજરાત વંદન

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. હવે ટી-20 ક્રિકેટમાં ધીમી ઓવર નાખવા પર દંડ થશે. સામાન્ય રીતે પ્રથમ છ ઓવર પછી પાંચ ફિલ્ડરને 30 યાર્ડની બહાર રાખી શકાય છે. જો ઓવર સ્પીડના નિયમનું પાલન ન કરવામાં આવે તો માત્ર ચાર ફિલ્ડર રાખી શકાય છે. આ સાથે મેચ દરમિયાન ડ્રિંક્સ ઈન્ટરવલને લઈને પણ નિયમો બનાવવામાં આવ્યા છે. ICCએ દ્વિપક્ષીય આંતરરાષ્ટ્રીય T20 મેચોમાં ઇનિંગ્સ વચ્ચે 2:30 મિનિટનો વૈકલ્પિક ડ્રિંક બ્રેક પણ સામેલ કર્યો છે. જાન્યુઆરી 2022થી આ નિયમ લાગુ થઈ જશે.

નવા નિયમો હેઠળ જો કોઈ ટીમ ઓવરરેટમાં નક્કી સમયથી પાછળ હશે તો બાકીની વધેલી ઓવરોમાં એક ફિલ્ડર 30 યાર્ડની ત્રિજ્યાની બહાર ઊભા રહી શકશે નહીં. તેને 30 યાર્ડની અંદર ઉભા રહેવું પડશે. હાલમાં પાવરપ્લે બાદ 30 યાર્ડની બહાર 5 ફિલ્ડર ઉભા રહી શકે છે પણ નવા નિયમો હેઠળ જો ટીમની ભૂલ હશે તો માત્ર ચાર ફિલ્ડર જ બહાર રહી શકશે.

આઈસીસી તરફથી જાહેર કરેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે ઓવરરેટના નિયમ પહેલાથી જ નક્કી છે. તેની હેઠળ ફિલ્ડિંગ કરનારી ટીમ નક્કી સમયમાં છેલ્લી ઓવરનો પ્રથમ બોલ ફેંકવાની સ્થિતિમાં હોવી જોઈએ. જો તેઓ આ કરી શકતા નથી તો બાકીની ઓવરોમાં તેમની પાસે 30 યાર્ડની બહાર એક ઓછો ફિલ્ડર રહેશે. આ ફેરફાર આઈસીસી ક્રિકેટ કમિટીની ભલામણ બાદ લાગુ કરવામાં આવ્યો છે. તેમને ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ તરફથી આયોજિત ધ હન્ડ્રેડ ટૂર્નામેન્ટમાં આ પ્રકારનો નિયમ જોયા બાદ વિચાર કર્યો, આવુ તમામ ફોર્મેટમાં રમતની ગતિ સુધારવા માટે કરવામાં આવ્યું છે.




નોંધનીય છે કે, આઈસીસીનો આ નવો નિયમ 16 જાન્યુઆરીથી જમૈકાના સબીના પાર્કમાં વેસ્ટ ઈન્ડીઝ અને આયરલેન્ડની વચ્ચે યોજાનારી એક માત્ર ટી20 આંતરરાષ્ટ્રીય મેચથી લાગુ થશે. ત્યારે મહિલા ક્રિકેટમાં 18 જાન્યુઆરીથી સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝની વચ્ચે સેન્ચુરિયનમાં શરૂ થઈ રહેલી 3 મેચની ટી-20 આંતરરાષ્ટ્રીય સિરીઝ આ નિયમો હેઠળ પ્રથમ સિરીઝ હશે.



દેશમાં ઓમિક્રોન વેરિઅન્ટના ઝડપથી વધી રહેલા સંક્રમણથી હાહાકાર

# દેશમાં ફેબ્રુઆરીથી કોરોના અને ઓમિક્રોનના કેસમાં આવી શકે પીકઅપ

ગુજરાત વંદન




દેશમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ૪૧,૦૦૦ અને દિલ્હીમાં ૨૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં રાતે ૧૧થી સવારે પાંચ કરફ્યૂ લદાયો છે. સવારે પાંચથી રાત્રે ૧૧ વાગ્યા સુધી પાંચથી વધુ વ્યક્તિ એક સાથે ફરી શકશે નહીં. દેશમાં ઓમિક્રોન વેરિઅન્ટના ઝડપથી વધી રહેલા સંક્રમણે હાહાકાર મચાવવાનું શરૂ કર્યું છે. નવા કેસમાં જેટ ગતિએ વધારો થઈ રહ્યો છે. કોરોનાની ઇ નૉટ વેલ્યૂ આ અઠવાડિયે ૪ થઈ છે જે સંક્રમણમાં અચાનક ઉછાળો દર્શાવે છે.

મદ્રાસના અભ્યાસમાં ગંભીર ચેતવણી ઉચ્ચારવામાં આવી છે તે મુજબ દેશમાં ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે જેનું પિક ૧થી ૧૫ ફેબ્રુઆરી સુધીમાં આવી શકે છે. ગયા અઠવાડિયે ઇરૂ વેલ્યૂ ૨.૯ હતો તે વધીને ૪ થઈ ગયો છે અને સંક્રમણની ગંભીરતા દર્શાવે છે તેમ મદ્રાસના મેથ્સ વિભાગના પ્રોફેસર ડૉ. જયંત ઝાએ જણાવ્યું હતું. ઇ વેલ્યૂમાં કોરોનાનાં ટ્રાન્સમિશનની શક્યતા, કોન્ટેક્ટ રેટ તેમજ સંક્રમણ થવાના સમય વચ્ચે અંતરને ધ્યાનમાં લેવામાં આવે છે.

સરકાર દ્વારા રચાયેલી કોવિડ સુપરમોડેલ કમિટીનાં વડા એમ વિદ્યાસાગરે કહ્યું છે કે ઓમિક્રોનના કેસની સંખ્યા વધે તો તેનાંથી ગભરાવાની જરૂર નથી. લોકોની રોગપ્રતિકારક શક્તિને ઓમિક્રોન ઘટાડી રહ્યો છે તેથી તેને વધતો રોકવા મુશ્કેલ છે. તેની અસર અન્ય વેરિઅન્ટ જેટલી ગંભીર નથી. તીવ્રતા ઓછી છે. સરકારે ઓમિક્રોનના કેસની વધતીસંખ્યાને ધ્યાનમાં લઈને પ્રતિબંધો લાદવાની જરૂર નથી કે સ્કૂલો, ઓફિસો બંધ કરવાની કે લૉકડાઉન લાદવાની જરૂર નથી આનાથી તો લોકોમાં વધુ ગભરાટ ફેલાશે.

# જો હજુ પણ માનવી નહીં ચેતે તો દુનિયા 'ટુવાલુ'માં ફેરવાઈ જશે...!




21મી સદીમાં માનવજાત સામે પર્યાવરણની જાળવણીનો સૌથી મોટો પ્રશ્ન સામે આવ્યો છે. કાળા માંથાના માનવીએ પર્યાવરણનું એટલુ દોહન કરી નાખ્યું છે કે દુનિયા આખીમાં ગ્લોબલ વોર્મિંગ એક વોર્નિંગ બની ગઈ છે ગ્લેશિયર પૃગળી રહ્યા છે દરિયાની જળસપાટી વધી રહી છે પેસેફિક મહાસાગરમાં આવેલ 'ટુવાલુ' નામના નાનકડા દેશ સામે એવો સંકટ આવ્યો છે કે, અડધો અડધ વિસ્તારમાં દરિયાના પાણી ફરી વળ્યા છે 'ટુવાલુ' ના પર્યાવરણમા મંત્રીએ તેમની સાથે જે થયું અને જો નહીં ચેતે તો જગત આખા સાથે થવાની ચેતવણી રૂપે દરિયાના ફરી વળેલા પાણીમાં ઉભા રહીને વિશ્વને જે સંદેશો આપ્યો તે ખરા અર્થમાં 'ફોટો ઓફ ધી યર' કહી શકાય. સંદેશો એ છ કે જો હજુ પણ માનવી નહીં ચેતે તો દુનિયા 'ટુવાલુ' માં ફેરવાઈ જશે...!

# સ્માર્ટફોનની નીચેનો આ 'વામન' હોલ કરે છે 'વિરાટ' કામ



આજના ઈન્ટરનેટ યુગમાં મોટાભાગના લોકો સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. જો તમારી પાસે એક સ્માર્ટફોન છે તો તમે એની ડિઝાઈનમાં અનેક પ્રકારના ફિચર્સ જોયા હશે. જેમ કે, સેલ્ફી કેમેરા, રિયર કેમેરા, ઓડિયો જેક, વોલ્યૂમ બટન અને સ્પીકર, પરંતુ શું તમે ક્યારેય એ વાત નોંધી છે કે એની નીચે એક નાનકડો હોલ હોય છે. જે ખૂબ જ નાની જગ્યા હોય છે. મોટાભાગના લોકો એવું સમજતા હોય છે કે આ હોલ માત્ર ડિઝાઈનનો એક ભાગ છે, જો કે એવું બિલકુલ નથી. એની કામગીરી જાણીને તમને પણ નવાઈ લાગશે.

શું કામ હોય છે આ નાનકડો હોલ

જો તમે આ હોલ વિશે ન જાણતા હોવ તો આજે અમે તમને આ વિશે જાણકારી આપીશું. ખરેખરમાં આ હોલ એક નોઈઝ કેન્સલેશન માઈક્રોફન છે જે કોલિંગ દરમિયાન એક્ટિવ થઈ જાય છે. આ માઈક્રોફોનનું કામ કોલિંગ એક્સપિરિયન્સને ખૂબ જ સારી બનાવે છે. જો આ માઈક્રોફોન ન હોય તો જે વ્યક્તિ કોલ પર વાત કરી રહી હોય તેને કોલિંગ દરમિયાન વાતચીત કરવામાં વાજ સાંભળવવામાં ખૂબ જ મુશ્કેલી પડી શકે છે. આ જ કારણે ખૂબ જ સમાન્ય દેખાતો આ હોલ કોઈ પણ સ્માર્ટફોન માટે ખૂબ જ જરૂરી હોય છે.

શું હોય છે એનું કામ?

તમને જણાવી દઈએ કે નોઈઝ કેન્સલેશનનું કામ વોઈસ ક્વોલિટીને વધુ સારી બનાવે છે. ખરેખરમાં જ્યારે કોલ પર વાત કરી રહ્યા હોવ તો અનેકવાર આસપાસ ખૂબ જ અવાજ થતો હોય છે. પરંતુ સામેની વ્યક્તિને માત્ર તમારો અવાજ સંભળાતો હોય છે. આવું થવા પાછળનું કારણ આ નાનકડો હોલ એટલે કે માઈક્રોફનનો હાથ હોય છે. કારણ કે આ માત્ર ખૂબ જ નજીક એટલે કે તેમારા અવાજને જ ટ્રેક કરતુ હોય છે અને સામેની વ્યક્તિને માત્ર તમારો જ અવાજ પહોંચાડતો હોય છે. આવામાં જો તમે પણ તમારા સ્માર્ટફોનમાં આ માઈક્રોફોનને જોશો તો તમને ખબર પડશે કે એ કેટલો કામનો છે.

## શું છે તેની પાછળનું ભૌતિકશાસ્ત્ર?

ભૌતિકશાસ્ત્રનો એક ખૂબ જ સરળ નિયમ એ છે કે સમાન કંપનવિસ્તારના તરંગો અને વિરોધી તબક્કાઓ એકબીજાને રદ કરે છે. ઉદાહરણ તરીકે, જો આપણે 1V વોલ્ટેજના ધ્વનિ તરંગને -1V ના વોલ્ટેજના ઊંધી ધ્વનિ તરંગ સાથે મિશ્રિત કરીએ, તો તેઓ એકબીજાને રદ કરશે અને અમારી પાસે છે, 0V સાચવવામાં આવશે. એ જ રીતે, માઈકમાંથી કેપ્ચર કરાયેલા બેકગ્રાઉન્ડ અવાજને ઉલટાવીને અને -1 વડે ગુણાકાર કરીને અને પછી પ્રાપ્ત પરિણામને મૂળ સિગ્નલ વોલ્ટેજ સાથે કનેક્ટ કરીને, આપણને જે આઉટપુટ મળે છે તે અવાજ રદ થાય છે.

# ઓઢવ વિસ્તારમાં યુવતી પર સામૂહિક દુષ્કર્મની ઘટના

ગુજરાત વંદન

**મોબાઈલ લૂંટી યુવતી સાથે બે યુવકોએ પરાણે માણ્યું શરીરસુખ, બ્લેડનાં ઘા પણ માર્યા**

શહેરના ઓઢવ વિસ્તારમાં બે યુવકોએ યુવતી પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે. યુવતીનો મોબાઇલ લૂંટીને યુવતી સાથે પરાણે દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. યુવતીએ પ્રતિકાર કરતા યુવતીને બ્લેડનાં ઘા પણ માર્યા હતા. બે આરોપીઓ વિરૂદ્ધ ઓઢવ પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

અન્ય એક ઘટનામાં, અમદાવાદમાં યુવકે એક જ સમાજની યુવતીને પ્રેમજાળમાં ફસાવી હોવાની ઘટના સામે આવી છે.

અલગ-અલગ હોટલોમાં લઈ જઈ દુષ્કર્મ આચરતો હતો. હવે છોડીને ભાગી ગયો છે. લગ્ન કરવાની લાલચ આપી યુવતી પર અનેક વખત દુષ્કર્મ ગુજાર્યો હતો. બાપુનગર પોલીસે દુષ્કર્મ સહિતનો ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

સલામ

## સલામ એ મહિલા સાંસદ રંજનબેનને..

# કીસી કી મુસ્કરાહટો પે હો નિસાર..,જીના ઈસી કા નામ હૈ..!

**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**

આપણાં દેશમાં એક સમયે ક્ષય-ટીબી- રોગ રાજરોગ ગણાતો હતો. ક્ષય એટલે નાશવંત...ધીમ ધીમે ક્ષય થાય...શરીર ઓછુ થતુ જાય એટલે જેને આ રોગ થયો હોય તેણે રિબાવવુ પડે. તેનો ઇલાજ રાજાઓને જ પોષાય એવી એક માન્યતા એટલા માટે હતી કેમ કે તેની સારવાર આજના કેન્સરની જેમ ભારે મોંઘી ગણાતી. પણ વિશ્વમાં મેડીકલ ક્ષેત્રે જેમ જેમ નવા નવા સંશોધનો થતાં ગયા, નવી નવી અસરકારક દવાઓ શોધાતી ગઇ તેમ તેમ આ રાજરોગ હવે રાજરોગ નથી પણ રોજનો રોગ હોય તેમ તેમાં વધુને વધુ દર્દીઓ ભારતમાં અને અન્ય ગરીબ દેશોમાં ઉમેરાઇ રહ્યાં છે.

સરકારે તેના અસરકારક અને કાયમી ઇલાજ માટે હવે સરળ વ્યવસ્થા કરી છે કે દર્દીને ઘેર બેઠા દવા મળે છે. તેમ છતાં મોટા ભાગના ટીબીગ્રસ્ત લોકો રોગ છુપાવવા દવા લેવાનું ને જાહેર કરવાનું ટાળતા જ્યારે આ રોગ કાબુ બહાર જાય ત્યારે જાગે છે અને સારવાર માટે ભાગે છે...! દુનિયાની ખતરનાક અને વ્યાપક ફેલાવો ધરાવનાર બિમારીમાં એક ટીબી એટલે કે ટ્યુબરકલોસિસ પણ છે. કોરોનાકાળમાં આ રોગના દર્દીઓને ભારે સહન કરવુ પડ્યુ કેમ કે ટીબી ફેફસાને અસર કરે છે અને કોરોના પણ.

આ રોગને નેસ્તનાબૂદ ના કરી શકાય...? એવા સવાલનો જવાબ સંશોધનકારો અને મેડિકલ નિષ્ણાતો આપતા કહે છે કે ચોક્કસ નાબૂદ કરી શકાય અને વિશ્વ આરોગ્ય સંસ્થા-હુ-દ્વારા 2030 સુધીમાં ભારત અને દુનિયામાંથી ટીબીનો ક્ષય કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. ભારત સરકારે 2030 નહીં પણ તે પહેલાં 2025માં દેશમાંથી ટીબીને દેશવટો આપવાની જાહેરાત કરી છે. જો આ ઝૂંબેશમાં પ્રજાના પ્રતિનિધિઓ જોડાય તો...? ઓહોહો..તો તો ટીબી જાય નાઠો..અને પોતાના શહેરમાંથી ટીબીનો સમૂળગો નાશ અને નિકાલ કરવા વડોદરાના ભાજપના મહિલા સાંસદ રંજનબેન ભટ્ટેએક એવી પહેલ કરી...એક એવી જ્યોત પ્રગટાવી કે જો તમામ સાંસદો તેનુ અનુકરણ કરે તો ભારતમાંથી ટીબી નામશેષ થઇ જાય અને ભારત દેશ ટીબીમુકત બની જાય..!

બે હજાર બાવીસના નવા વર્ષમાં વડોદરામાં એક અનોખો નવતર કાર્યક્રમ યોજાયો. જો કે તેમાં અભિનેત્રી હાજર રહી હોત તો તમામ ટીવી કેમેરા કવરેજ માટે આવ્યાં હોત તેમ છતાં સ્થાનિક સાંસદ અને મુખ્ય મહેમાન તથા યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ ખાસ હાજર રહ્યાં. એક શિક્ષિકા તરીકે આનંદીબેન રચનાત્મક પ્રયોગ કરતાં રહ્યાં છે. તેમણે યુપીમાં પ્રયોગ કર્યા બાદ ગુજરાતમાં તેની પહેલ વડોદરાથી સરૂ કરી છે. તેમની પ્રેરણાથી સાંસદ રંજનબેને વડોદરાને ટીબીમુકત બનાવવાની બીડુ ઝડપ્યુ. 2400 જેટલા ટીબીના દર્દીઓના તેઓ પાલકમાતા બન્યા..2400 ટીબીગ્રસ્ત દર્દીઓને તેમણે દત્તક લીધા..તેઓ સાજા થાય ત્યાં સુધી તેમની સારસંભાળની જવવાબદારી પ્રજાના પ્રતિનિધિ તરીકે રંજનબેને સ્વીકારી.

આનંદીબેનની પ્રેરણા હોય.. માર્ગદર્શન હોય..તંત્ર પાસેથી કામ લેવાની આવડત હોય અને મન મેં હૈ વિશ્વાસ પૂરા હૈ વિશ્વાસ..હમ હોંગે કામિયાબ એક દિન...નો જૂનૂન ધરાવનાર રંજનબેનના પ્રયાસોથી આવનારા સમયમાં વડોદરામાં 2400 દર્દીઓ ટીબીમાંથી કાયમી છૂટકારો મેળવીને એક નવુ જીવન જીવવા તરફ આગળ વધી રહ્યાં હશે....! 2400 દર્દીઓ સંપૂર્ણ સાજા થાય તો તેમના પરિવારજનો કેટલા ખુશ થાય...! કીસી કી મુસ્કારાહટો પે હો નિસાર...કીસી કા દર્દ મિલ શકે તો લે ઉધાર.... કીસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર..દીના ઇસીકા નામ હૈ... જેમની હાજરીમાં નવતર પ્રયોગ હાથ ધરાયો તે આનંદીબેન પટેલ માને છે કે, માર્ગો, શિક્ષણ, વીજળી અને પાણી સહિતના વિકાસ કામો કરવા સાથે લોકોના



★ ૨૪૦૦ ટીબીગ્રસ્ત દર્દીઓના બન્યા તારણહાર...
★ દરેક જનપ્રતિનિધિ તેમને અનુસરે તો ટીબીનો રોગ ગાયબ...
★ ટીબીના કલંકને મિટાવવા સાંસદ મેદાને..
★ કેન્સરગ્રસ્ત પતિ-સારવાર કરનાર ડોકટર જુનો પ્રેમી અને..

આરોગ્ય પ્રત્યે કામ કરવું એ પણ લોકપ્રતિનિધિઓની એક અગ્રતાક્રમની ફરજ છે...! . જેમણે જવાબદારી ઉપાડી તે સાંસદ રંજનબેન ભટ્ટ-વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પને સાકાર કરવામાં વડોદરા પાછું નહીં પડે. અહી લોકો દર્દીઓની સેવા કરવા માટે હર હંમેશા તૈયાર હોય છે. અને અમે આ કામ પર સુપેરે પાર પાડીને જ જંપીશું..

ભારતમાં 2019માં ટીબીને કારણે અંદાજે 80 હજાર લોકોના મોત થયા.... એ જ વર્ષમાં 24 લાખ નવા કેસો એકલા ટીબીના જ નોંધાયા. કોરોનાકાળમાં એક સમયે 3 મહિનામાં 15 હજાર લોકોના મોત થાય તો ટીબીથી 20 હજારના મોત થયા. દુનિયામાં પ્રત્યેક ચોથો ટીબીનો દર્દી ભારતીય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા( ડબલ્યુએચઓ)એ 2030 સુધીમાં દુનિયામાંથી ટીબીને દૂર કરવાનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતે તે પહેલા 2025માં ટીબીને દેશવટો આપવી જાહેરાત કરી છે.

કોરોનાની ત્રીજી લહેર નોક.. નોક..કરીને આવવાની તૈયારીમાં છે. ગુજરાતે પણ બીજી લહેરમાં ખૂબ યાતાઓ અને પીડા જોઇ અને અનુભવી.ઘરમાં કોઇ એક બિમારી આવી જાય ત્યારે ભારે મુશ્કેલી સર્જાતી હોય છે. દીકરી-દીકરાને બિમારી હોય તો તે ભણી શકતા નથી. તેઓ પગભર થઇ શકતા નથી. સમાજમાં તેમના લગ્ન કરાવી શકાતા નથી. દવાખાનાની સતત ચિંતા સાથે પરિવાર ઉપર આર્થિક ભારણ વધે અને. એમાંય ટીબી જેવા રોગ હોય તેવા સમયે અન્ય લોકો એવા પરિવાર સાથે સામાજિક અલગાવ કરી દે છે..એ સામાજિક પીડા એવી હોય છે કે કોઇનાથી સહન ન થાય,. આ ઘર તો ટીબીવાળુ છે...અહીં દિકરી ના અપાય ના લેવાય...એમ જ્યારે સાંભળવા મળે ત્યારે.....


લોકસભાના 543 અને રાજ્યસભાના 200 સાંસદો, ગુજરાતના 182 સહિત તમામ રાજ્યોના મળીને અંદાજે બે હજાર કરતાં વધુ ધારાસભ્યો અને નગરપાલિકા-મહાનગરપાલિકા તથા પંચાયતના સરપંચો અને સભ્યો એમ જો સૌ કોઇ વડોદરાના સાંસદ રંજનબેનમાંથી કે રાજ્યપાલ આનંદીબેન પટેલમાંથી પ્રેરણા લઇને પોતાના મતવિસ્તારમાં 10-10 ટીબીગ્રસ્તોને દત્તક લે તો....?

ટીબીના વિષયને લઇને કોઇ ફિલ્મ બની નથી પણ હાં, ટીબી પછી ખતરનાક ગણાતાં કેન્સર વિષયને લઇને સરસ મજાની રોમેન્ટીક ફિલ્મ જરૂર બની છે..? જો કે તે કોઇ ડોક્યુમેન્ટરી ટાઇપ ફિલ્મ નહીં પણ એક યાદગાર અને એ સમયના ધૂરંધર કલાકારોને લઇને ફિલમ બની હતી,. ફિલ્મની કથાવસ્તુમાં પત્નીનો જુનો પ્રેમી ડોક્ટર હોય છે અને પ્રેમિકાના પતિને કેન્સર. જુનો પ્રેમી ડોકટર પોતાની જુની પ્રેમિકાના માથે કલંક ના લાગે એટલે જુની પ્રેમિકાના પતિને બચાવવા પોતાનું બલિદાન આપી દે છે....!

ફિલ્મનુ નામ છે દિલ એક મંદિર. જેમાં ડોક્ટરની ભૂમિકા નિભાવી હતી જ્યુબીલીહીરો રાજેન્દ્રકુમાર, પ્રેમિકા હતી પાકિઝાફેમ મીનાકુમારી અને પતિના રોલમાં હતા જાની... રાજકુમાર..! . પતિને માલુમ થઇ જાય છે કે જે ડોક્ટર તેનો ઇલાજ કરી રહ્યો છે તે તેની પત્નીનો જુનો પ્રેમી છે. અને ડોક્ટર પણ આ વાત જાણી જાય છે કે જુની પ્રેમિકાના પતિને તેની જાણ થઇ ગઇ છે.. જો ઓપરેશન નિષ્ફળ જાય તો એમ લાગે કે જુની પ્રેમિકાને મેળવવા તેના પતિની બરાબર સારવાર ના કરી અને મારી નાંખ્યો. એ કલંક ના લાગે એટલે ડોક્ટર ધર્મેશ ls mc/ve કેન્સરના ઇલાજ માટેના અઢળક પુસ્તકો વાંચે છે, બીજા સિનિયરો પાસેથી કેન્સર રોગના ઇલાજની જાણકારી મેળવે છે, દિવસોના દિવસો ઉજાગરા પર ઉજાગરા કરતાં કરતાં તેની પોતાની તબિયત બગડી જાય છે અને ઓપરેશન સફળ થયાં બાદ તે પોતે મૃત્યુ પામે છે. તેની યાદમાં બન્ને પતિ-પત્ની તેની પ્રતિમા બનાવીને મંદિર બનાવે છે-દિલ એક મંદિર...!

1963માં બનેલી એ ફિલ્મ અને આરઝુ ફિલ્મમાં રાજેન્દ્રકુમારે ડોક્ટરની એવી અદભૂત ભૂમિકા નિભાવી હતી કે એ સમયે યુવાનો ડોક્ટર બનવા તેમાંથી પ્રેરણા લેતા હતા.તે સમયે કેન્સરમાંથી કોઇ દર્દી ભાગ્યે જ બચતા.. કેમ કે તેનો કોઇ સચોટ ઇલાજ ઉપલબ્ધ નહોતો. કેન્સર એટલે કેન્સલ...તે સમયની એવી માનસિકતામાં દિલ એક મંદિર ફિલ્મમાં દર્દીને બચાવતો દર્શાવી એ ફિલ્મે એક મેસેજ આપ્યો હતો કે કેન્સરમાંથી પણ માણસ બચી શકે છે...જો કે હવે ટીબીમાંથી લોકોને બચાવવાના જનપ્રતિનિધિના પ્રયાસોને બે હાથથી તાળી વગાડીને સન્માન તો બનતા હૈ..થેંકસ રંજનબેન...જન સેવા એ જ પ્રભુ સેવા...થેંકસ ..

# બોલિવૂડની બિગ બજેટ ફિલ્મો પર કોરોનાનું ગ્રહણ




**મોસ્ટ અવેટેડ ફિલ્મ 'RRR', 'રાધેશ્યામ' 'પૃથ્વીરાજ'ની રિલીઝ ડેટ પાછી ઠેલાતા પ્રેક્ષકો હતાશ**

ગુજરાત વંદન

2022ની શરૂઆતમાં કોરોનાની ત્રીજી લહેરને કારણે બોલિવૂડ તથા સાઉથ સિનેમાનું રિલીઝ કેલેન્ડર ખોરવી નાખ્યું છે. ગુજરાત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં કોરોનાની ત્રીજી લહેરના દસ્તકના દ્રશ્યો આપણે બધા જોઈ રહ્યા છે જેની સીધી અસર હવે સિનેમા જગત પર જોવા મળી દેખાઈ રહી છે. કેમ કે, બોલિવૂડનુ હબ સેન્ટર મુંબઈ તેમજ દિલ્હી સહિતના શહેરોમાં કર્ફ્યુ, અને અમુક સ્થળોએ થિયટરો બંધ સહિતના નિયત્રંણો સરકારી લાદી રહી છે જેના પગલે ગત ડિસેમ્બરમાં રીલીઝ થનારી 'જર્સી' પોસ્ટપોન કરાઈ ત્યારબાદ 'RRR', 'રાધેશ્યામ' તથા 'પૃથ્વીરાજ'ની રિલીઝ પોસ્ટપોન કરવામાં આવી છે. આ ત્રણ ફિલ્મ પર 1100 કરોડનો દાવ લગાવવામાં આવ્યો છે. જો પરિસ્થિતિ આવી જ રહી તે ફેબ્રુઆરી, માર્ચ 2022માં રિલીઝ થનારી તમામ ફિલ્મ પણ પોસ્ટપોન કરી દેવામાં આવશે.

એક રિપોર્ટ પ્રમાણે પરિસ્થિતિ નોર્મલ નહીં થાય ત્યાં સુધી ફિલ્મ રિલીઝ નહીં કરવાની મૂડમાં છે કારણ કે ફિલ્મ રિલીઝ કરીને નુકસાન કરવા માંગતા નથી જેના પગલે જ્યારે કોરોના-ઓમિક્રોનની અસર નોર્મલ થશે ત્યારે ફિલ્મ રિલીઝ અંગે વિચારશે. એટલુ જ નહીં જો પરિસ્થિતિ આવી જ રહી તે ફેબ્રુઆરી, માર્ચ 2022માં રિલીઝ થનારી તમામ ફિલ્મ પણ પોસ્ટપોન કરી દેવામાં આવશે.

દિલ્હી, હરિયાણા, છત્તીસગઢ તથા બિહારમાં થિયેટર બંધ છે.

મહારાષ્ટ્ર, તમિલનાડુ, પ.બંગાળમાં 50% ઓક્યુપન્સી સાથે થિયેટર ચાલે છે. ઉત્તર પ્રદેશ, ગુજરાત સહિત ઘણાં રાજ્યોમાં નાઇટ કર્ફ્યૂ હોવાથી રાતના શો બંધ છે.

નોંધનીય છે કે, કોરોના મહામારી કાળ બાદ દેશમાં ઓટીટી પ્લેટફોર્મની વધેલી લોકપ્રિયતાની પણ ફિલ્મ ઊદ્યોગ-થિયેટરો પર પ્રતિકૂળ અસર થવા પામી છે.

લોકો હવે ઘેર બેઠા ઓટીટી પ્લેટફોર્મ પર જ ફિલ્મો, વેબ સીરીઝ નિહાળતા હોઈ થિયેટરોમાં ફુટફોલ્સમાં મોટાપાયે ઘટાડો થતા બોલીવુડ ફિલ્મ ઊદ્યોગને સતત ફટકો પડી રહ્યો છે.






**ફિલ્મો મોકૂફ રખાઈ**

| ફિલ્મ | રીલીઝ તારીખ | મુખ્ય કલાકારો | બજેટ કરોડમાં |
|---|---|---|---|
| જર્સી | 31 ડિસેમ્બર | શાહદિ કપૂર, મૃણાલ ઠાકુર | 50 |
| RRR | 7 જાન્યુઆરી | રામચરણ,જુનિયર એનટીઆર | 450 |
| રાધેશ્યામ | 13 જાન્યુઆરી | પ્રભાસ, પૂજા હેગડે | 350 |
| પૃથ્વીરાજ | 21 જાન્યુઆરી | અક્ષય કુમાર, માનુષી છિલ્લર | 300 |

# 'પુષ્પા' હિટ થતા રશ્મિકાએ કહ્યું, વધારે જોઈશે 'પત્રપુષ્પમ...'



અલ્લુ અર્જુનની 'પુષ્પા' (પુસ્પઃ ધ રાઇઝ) હજુ પણ દર્શકો રાજ કરી રહી છે. OTT પર આ ફિલ્મનું પ્રીમિયર હોવા છતાં, દર્શકો આ ફિલ્મને માત્ર થિયેટરોમાં જ જોવા જાય છે. આ ફિલ્મ કોરોનાના ખરાબ તબક્કામાં બોક્સ ઓફિસ પર ન માત્ર મોટી રાહત લાવી છે પરંતુ આ ફિલ્મ સાથે જોડાયેલા લોકોને પણ ફાયદો થયો છે. આ ફિલ્મની સફળતાનો શ્રેય ભલે અલ્લુ અર્જુનને જાય છે, પરંતુ તેની સાથે કામ કરતી તેની કો-સ્ટાર રશ્મિકા મંદન્નાએ પણ ફિલ્મમાં તેના કામથી બધાને પ્રભાવિત કર્યા છે. હવે સમાચાર આવી રહ્યા છે કે પુષ્પાની સફળતાને ધ્યાનમાં રાખીને તેણે પોતાની ફી વધારી દીધી છે. તે હવે પુષ્પાના આગામી પાર્ટ-2 માટે વધુ પૈસાની માંગ કરી રહી છે. એક સમાચાર મુજબ, 'પુષ્પા'ની સફળતા બાદ આ ફિલ્મની લીડ એક્ટ્રેસે પોતાની ફી વધારી દીધી છે. જ્યારે તેણે 'પુષ્પાઃ ધ રાઈઝ' માટે 2 કરોડની માંગણી કરી હતી, ત્યારે હવે તેણે 'પુષ્પાઃ ધ રૂલ' માટે 3 કરોડની માંગણી કરી છે. તેણે ફિલ્મની અભૂતપૂર્વ સફળતાને ધ્યાનમાં રાખીને આ વધારો કર્યો છે. આ સમાચારમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મના નિર્માતાઓએ તેમની ફીમાં વધારાની માંગને સ્વીકારી લીધી છે કારણ કે પુષ્પાને પ્રેક્ષકો તરફથી અપેક્ષા કરતાં વધુ પ્રેમ મળ્યો છે અને તેના આગામી ભાગ માટે બઝ પહેલેથી જ ચાલુ છે.

આ ફિલ્મના શૂટિંગની તૈયારીઓ હજુ શરૂ થઈ નથી, પરંતુ તે પહેલા મેકર્સ બધુ નક્કી કરવા માંગે છે. મંદાના માટે આ અત્યાર સુધીની સૌથી વધુ ફી હશે.આ ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે રશ્મિકા મંડન્નાની જોડીને દર્શકોએ ઘણો પ્રેમ આપ્યો છે. બંને વચ્ચે એક રોમેન્ટિક ગીત પણ છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે તેમની વચ્ચે કેટલાક રોમેન્ટિક દ્રશ્યો પણ ફિલ્માવવામાં આવ્યા હતા જે પાછળથી નિર્માતાઓએ હટાવી દીધા હતા કારણ કે તેઓ ખૂબ જ રોમેન્ટિક હતા.

# રામાનંદ સાગરે રામાયણ રચી પૌત્રી સાક્ષીએ 'રામાયણ' કરી...

**સામાન્ય જીવનમાં લોકો પણ આવા પોશાક પહેરતા શરમાતા હોય છે, જ્યારે આવા જ આઉટફિટ પહેરીને સાક્ષી ચોપરા ફરી દેખાઈ**


ગુજરાત વંદન

રામાનંદ સાગરને તમે જાણતા જ હશો. આ એ જ રામાનંદ સાગર છે જેમણે રામાયણને પડદા પર લાવીને એક નવા યુગની શરૂઆત કરી હતી. આજે પણ લોકો એ જ રામાયણ જોવાનું પસંદ કરે છે. વર્ષ 2005માં તેમનું અવસાન થયું પરંતુ તેઓ આજે પણ લોકોના દિલમાં જીવંત છે. રામાનંદ સાગરના પુત્રો પણ સમાચારમાં રહ્યા છે અને તેમની પૌત્રી આ દિવસોમાં ઘણી ચર્ચામાં રહે છે.

રામાનંદ સાગરની પૌત્રી સાક્ષી ચોપરા ચર્ચામાં રહે છે જેનું કારણ છે તેનો ગ્લેમરસ અવતાર જ્યારે પણ સાક્ષી ચોપરા મીડિયાના કેમેરામાં કેદ થાય છે ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. મુંબઈના માર્ગોઓ પર તે એવા કપડા પહેરીને ફરે છે કે સામાન્ય જીવનમાં પણ લોકો આવા પોશાક પહેરતા શરમાતા હોય છે. આવા જ આઉટફિટ પહેરીને સાક્ષી ચોપરા ફરી દેખાઈ અને આ વખતે તેણે હોટનેસની તમામ હદો વટાવી દીધી.

સાક્ષી ચોપરાના પરદાદાએ ખૂબ જ પવિત્ર ટીવી શો લાવીને લોકોના દિલમાં જગ્યા બનાવી છે, પરંતુ સાક્ષી તેના બોલ્ડ એક્ટથી હેડલાઇન્સમાં છે. તેણે બિકીની અને ટોપલેસ મોડલ તરીકે પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. સાક્ષી હાલમાં જ બેબીડોલ ડ્રેસમાં જોવા મળી હતી, જેમાં તેના સ્તનની નિપ્પલ સ્પષ્ટ રીતે દેખાય છે. તેમના આ આઉટફિટને જેણે પણ જોયો તે આશ્ચર્યચકિત થઈ ગયો.

તમને જણાવી દઈએ કે સાક્ષી ચોપરા મોતી સાગરની પૌત્રી અને ફિલ્મ પ્રોડ્યુસર મીનાક્ષી સાગરની પુત્રી છે. સાક્ષી ચોપરા ટેલેન્ટ કંપની ચલાવે છે. હાલમાં, તે લોસ એન્જલસ, કેલિફોર્નિયામાં રહે છે. અમેરિકામાં તેણે ફિલ્મ અને એક્ટિંગનો કોર્સ પણ કર્યો છે. એટલું જ નહીં, જો તમે તેના ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ પર નજર નાખો, તો તે પોતાને એક સિંગર અને ગીતકાર તરીકે ગણાવે છે. સાક્ષીના શિક્ષણ વિશે વાત કરીએ તો, તેણે લંડનની ટ્રિનિટી કોલેજમાં અભ્યાસ કર્યો છે અને વેસ્ટર્ન વોકલ્સમાં ડિગ્રી મેળવી છે. તેણીનો પ્રથમ મ્યુઝિક વિડીયો નીના સિમોનની ક્લાસિક હિટ 'ફીલિંગ ગુડ' નું કવર હતું, જે તેના ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય રહ્યું હતું.





# જાની.. જાની કરીને દુશ્મનોને મ્હાત આપનાર રાજકુમારે ઠુકરાવી હતી 'ઝંઝીર ' ફીલ્મ...

દિવંગત અભિનેતા રાજ કુમારના ઘણા કિસ્સાઓ ફિલ્મ ઈન્ડ્સ્ટ્રીમાં જાણીતા રહ્યા છે. જ્યારે તે ડાયલોગ બોલતા હતા ત્યારે સિનેમા હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠતો. તેમની ફિલ્મો દર્શકોના દિલ જીતી લેતી હતી. રાજ કુમાર તેમના આખા બોલી સ્વભાવ માટે જાણીતા હતા. ગોવિંદાથી લઈને રામાનંદ સાગર સુધીના લોકો બેબાક અંદાજથી વાકેફ થયા છે. રાજકુમાર એવા હતા જેઓ તેમના કૂતરાને પણ પૂછી શકે કે શું તે ફિલ્મમાં અભિનય કરશે.?

રાજકુમાર-ગોવિંદાનો કિસ્સો-

રાજ કુમારે એકવાર ગોવિંદાના શર્ટનો રૂમાલ બનાવી દીધો હતો. 80ના દાયકાની આ વાત છે જ્યારે ગોવિંદા અને રાજ કુમાર ફિલ્મ જંગબાઝનું શુટિંગ કરી રહ્યા હતા. શોટ આપ્યા પછી ગોવિંદા રાજ કુમાર સાથે બેસ્યો હતો. તે સમયે ગોવિંદાએ પહેરેલ શર્ટ રાજ કુમારને ગમ્યો. રાજકુમારે ગોવિંદાને કહ્યું કે- 'તારો આ શર્ટ મને ગમે છે', આ સાંભળી ગોવિંદા રાજ કુમારને શર્ટ આપી દે છે. કેટલાક દિવસ બાદ રાજકુમાર ગોવિંદાના શર્ટનો રૂમાલ બનાવી તેને ખિસ્સામાં રાખી ફરતા હતા.

રાજકુમાર-રામાનંદ સાગરનો કિસ્સો-

રામાનંદ સાગર રાજકુમારને આંખે ફિલ્મમાં કાસ્ટ કરવા માંગતા હતા. પરંતુ રાજકુમારને સ્ક્રિપ્ટ પસંદ ન આવી અને તેણે પોતાના પાલતુ કૂતરાને અવાજ આપીને બોલાવ્યો અને કૂતરાને પૂછ્યું - શું તું આ ફિલ્મમાં રોલ કરવા માંગે છે?, ત્યારબાદ રાજકુમારે



રામાનંદ સાગરને કહ્યું કે 'જુઓ, મારો કૂતરો પણ આ રોલ કરવા નથી માંગતો'.

રાજકુમાર-પ્રકાશ મેહરાનો કિસ્સો-

રાજકુમારે એક ફિલ્મ દુર્ગંધના કારણે છોડી દીધી હતી અને તે ફિલ્મ ઝંજીર હતી અને તેમાં પાછળથી રાજ કુમારના સ્થાને અમિતાભ બચ્ચને અભિનય કર્યો હતો. પ્રકાશ મેહરા રાજકુમારને ફિલ્મમાં લેવા માંગતા હતા અને આ માટે તેઓ તેમની પાસે પણ પહોંચ્યા. ત્યારે રાજકુમારે પ્રકાશ મેહરાને કહ્યું કે 'તમારામાંથી બિજનૌરી તેલની ગંધ આવી રહી છે અને જેથી ફિલ્મમાં શુટિંગ તો દૂરની વાત છે હું તમારી સાથે એક મિનિટ પણ ઉભો ન રહું'

# મલાઈકા અરોરા-અર્જુન કપૂરનું બ્રેક અપ થઈ ગયુ? અઠવાડિયાથી ઘરમાં બંધ એક્ટ્રેસે નથી કરી વાતચીત!



કલેક્ટર રચિત સીટની તપાસમાં બહાર આવી ચોંકાવનારી વિગતો

# સરગાસણની નવ કરોડની જમીન સાત લાખમાં વેચી નાખવાનું કૌભાંડ

## એનએ થયેલી જમીનમાં કોલ્ડ સ્ટોરેજ ભાડેથી લેવાની વાતચીત કરી, બનાવટી 'પાવર ઓફ એટર્ની' બની ગયા...






ગુજરાત વંદન

રાજ્ય સરકારે ભૂ-માફિયાઓ પર અંકૂશ રાખવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટની રચના કરી છે. આ કાયદા હેઠળ અનેક કેસો પોલીસ દફ્તરે નોંધાયા છે. જેમાં એક ચૌંકાવનારો કિસ્સો એવો બન્યો છે કે, જ્યાં જમીનના ઉંચા ભાવ છે તે ગાંધીનગર સરગાસણની અંદાજે નવ કરોડની જમીન સાત લાખમાં વેચવાનું અને સબરજિસ્ટ્રાર કચેરીમાં મૂળ માલિકના ફોટાની જગ્યાએ બનાવટી માલિકાનો ફોટા મૂકીને સાક્ષીઓ દર્શાવીને ખેડૂતની જમીન પચાવી પાડવાનો એક કારસો રચવામાં આવ્યો હતો. જો કે જમીનના મૂળ માલિક ખેડૂત પરિવારને તેની જાણ થતાં કલેક્ટર દ્વારા રચિત સીટ સમક્ષ ફરિયાદ કરી હતી. અને તપાસમાં ખૂલ્યુ કે એક જબરજસ્ત કૌભાંડ છે અને તેમાં તંત્રમાંથી પણ કોઇની મિલી ભગત નકારી શકાય તેમ નથી.

મૂળ માલિક ત્રણ ભાઇઓ પૈકીના એક નારણભાઇ વાઘેલાએ 'ગુજરાત વંદન' સાથેની વાતચીતમાં આ સમગ્ર ગેરરીતી કઇ રીતે આચરવામાં આવી તેની સિલસિલાબંધ વિગતો જાહેર કરી હતી. જે અનુસાર ગાંધીનગરની સબ રજીસ્ટ્રાર કચેરીમાં સરગાસણની કરોડોની જમીનનાં મૂળ માલિકોની હાજરી વિના જ બારોબાર પાવર એટર્નીનો દસ્તાવેજ બની બની ગયો હતો. આથી મૂળ માલિકોએ સીટમાં અરજી કરતાં કલેક્ટરની તપાસમાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવતાં ચાર ઈસમો વિરુદ્ધ ઈન્ફોસિટી પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો દાખલ થયો છે.

ગાંધીનગરના સરગાસણ મુકામે રહેતાં શંકરભાઈ મોતીભાઈ પરમાર અને તેમના બે ભાઈઓ નારણભાઈ અને રમેશભાઈનાં નામે સરગાસણમાં વડીલોપાર્જિત

**જમીનના મૂળ માલિક ખેડૂત નારણભાઇ વાઘેલાએ ગુજરાત વંદન સાથે કરી વાતચીત**

એન.એ થયેલી જમીન આવેલી છે. જે જમીન ભાડે આપવાની હોવાથી વર્ષ - 2020 માં કુડાસણમાં રહેતાં સંજય ચાવડાએ અમરત ઠાકોર, રાજુ સિંધી, પરેશ પટેલ અને મૂકેશ સુરેશભાઈ પટેલ સાથે મિટિંગ કરાવી હતી. ત્યારે મૂકેશ પટેલે પોતાના ભાઈ દિપેશ પટેલ માટે અહીં સ્વામિનારાયણ વેજીટેબલ કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કહેતાં રૂ. 4 લાખ ભાડાની ચર્ચા થઈ હતી. જે વધારે લાગતાં બધા છૂટા પડી ગયા હતા.

બાદમાં મૂકેશ પટેલ તેના ભાઈ દિપેશ સાથે ફરીવાર શંકરભાઈ અને તેમના બે ભાઈઓને મળવા માટે આવ્યો હતો. અને રકઝકનાં અંતે ઉક્ત જમીન રૂ. 3.61 લાખના ભાડા થી લેવાનું નક્કી થયું હતું. તે સમયે મૂકેશ અને દિપેશ પટેલે પોતાને 70 વીઘા જમીન, પ્લાસ્ટિકના દાણાની ફેક્ટરી હોવાની પણ વાત કરી પંદર વર્ષથી રત્નદીપ બંગલો, થલતેજ અમદાવાદ રહેતાં હોવાનો ખુલાસો કર્યો હતો. જો કે તે સમયે શંકરભાઈએ આધાર કાર્ડ પુરાવા રૂપે માગતાં દિપેશનું જ આધાર કાર્ડ વોટ્સઅપ થકી મોકલી આપ્યું હતું. અને જમીનનો ભાડા કરાર પણ તૈયાર કરાવી શંકરભાઈને વાંચવા આપ્યો હતો.ત્યારે થોડા દિવસો પછી ઉક્ત જમીનના કાગળો બજારમાં ફરતા હોવાની સાથે સરગાસણ ચાર રસ્તા ચર્ચ પાછળ આવેલ નીસર્ગ સોસાયટીમાં રહેતા કેતન રામાનંદી અને રાહુલ પટેલ થકી જાણવા મળ્યું હતું કે રાજકોટની જે ડી ફાયનાન્સ કંપનીમાં તેમની જમીન પર 7 કરોડની લોન લેવાની પેરવી ચાલી રહી છે. આ સાંભળી શંકરભાઈ ચોંકી ઉઠયા હતા. અને તેમણે તકેદારીના ભાગરુપે વર્તમાન પત્રમાં જમીન લગતી જાહેર નોટિસ પણ પ્રસિદ્ધ કરાવી હતી. અને મૂકેશ પટેલ સાથે જમીનનો ભાડા કરાર કરવાનું પણ માંડી વાળ્યું હતું.

આ દરમિયાન તા. 27/10/2021 ના રોજ તેમની જમીન પાવર ઓફ એટર્ની થકી વેચવાની હિલચાલ ચાલી રહી છે. આ જાણીને શંકરભાઈ અને તેમના બંને ભાઈઓને આંચકો લાગ્યો હતો. કેમકે કોઈ દિવસ તેઓ સબ રજીસ્ટ્રાર કચેરી ગયા જ નથી કે સહીઓ પણ કરી નથી તો દસ્તાવેજ કેવી રીતે બની ગયો. આથી શંકરભાઈએ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે જરૂરી પૈસા ભરીને દસ્તાવેજની નકલ કઢાવી હતી જેમાં તા. 20/10/2021 ના રોજ ત્રણેય ભાઈઓએ દિપેશ પટેલનાં નામે પાવર ઓફ એટર્ની કરી આપી ઉપરાંત જમીનની અવેજીમાં 7 લાખના ચેક અને તેમની ખોટી સહીઓ કરાઈ હકીકત જાણવા મળી હતી. સૌથી આઘાતજનક વાત તો એ હતી કે જે પાવર એટર્નીનો દસ્તાવેજ થયેલો તેમાં ત્રણેય ભાઈઓ એટલે કે મૂળ માલિકોની જગ્યાએ અજાણ્યા ત્રણ માણસોના ફોટા ચોટાડવામાં આવ્યા હતા. અને સાક્ષીમાં ઇંદ્રજીતસિંહ જીવુંભા ચાવડા, પ્રદ્યુમનસિંહ દિલીપસિંહ ચાવડા(બન્ને રહે. જોટાણા) ની સહીઓ થયેલી હતી.

# દર મિનિટે દારૂની ૧૧ બોટલો ઝડપાઈ, મહારાષ્ટ્રમાં નહીં ગુજરાતમાં...

'પોલીસની સતર્કતાને કારણે દારૂ પકડવાના કેસમાં વધારો - ડીજીપી આશિષ ભાટિયા



ગુજરાત વંદન

છેલ્લાં બે વર્ષ કોવિડ-19 રોગચાળાથી પ્રભાવિત હોવા છતાં ડ્રાય સ્ટેટ ગુજરાત દારૂની દાણચોરીનું સાક્ષી બની રહ્યું છે. જે દારૂ ઝડપાયાના આંકડા પરથી આ સ્પષ્ટ થાય છે. વર્ષ 2021માં દર મિનિટે સરેરાશ 11 બોટલ ભારતીય નિર્મિત વિદેશી દારૂ (IMFL) જપ્ત કરવામાં આવી હતી. ગુજરાત પોલીસના આંકડાઓ અનુસાર પોલીસે 2020માં રૂ. 115 કરોડનો દારૂ જપ્ત કર્યો હતો જે 2021માં વધીને રૂ. 124 કરોડ થઈ ગયો. આ જપ્તીમાં દેશી દારૂ અને IMFL બંનેનો સમાવેશ થાય છે.

IMFLની શ્રેણીમાં 2020માં રૂ. 114 કરોડની કિંમતની 45.15 લાખ દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હતી જે 2021માં વધીને રૂ. 122 કરોડની કિંમતની 57.12 લાખ દારૂની બોટલો થઈ ગઈ હતી, એમ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું. રાજ્ય પોલીસે 2020માં રૂ. 1.95 કરોડની કિંમતનો 11.59 લાખ લિટર

**વિતેલા વર્ષમાં પ કડાયો અધધ.. ૧૨૪ કરોડનો દારૂ, ઝુમ બરાબર ઝુમ**

દારૂ અને 2021માં રૂ. 2.30 કરોડનો 17.54 લાખ લિટર દારૂ જપ્ત કર્યો હતો.

ગુજરાત પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 2020માં ગુજરાત પોલીસે રાજ્યભરમાં દારૂની જપ્તી માટે પ્રતિબંધ અધિનિયમ હેઠળ 1.53 લાખ કેસ દાખલ કર્યા હતા જે 2021માં વધીને 1.69 લાખ થઈ ગયા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, 2020માં લગભગ 1.64 લાખ અને 2021માં 1.67 લાખ આરોપીઓ બુટલેગિંગના આરોપ હેઠળ પકડાયા હતા. અધિકારીએ ઉમેર્યું કે, લગભગ ત્રણ મહિનાના લોકડાઉનને કારણે 2020માં દારૂની જપ્તી અને તેના કેસો ઓછા હતા.

2021માં કોવિડના વધતા કેસોને કારણે નિયંત્રણો હોવા છતાં પરિવહન પર કોઈ નિયંત્રણો નહોતા તેથી દારૂ ડ્રાય સ્ટેટમાં વહેતો રહ્યો. આંકડાઓ અનુસાર દારૂ પકડવાના કેસમાં હજુ પણ 21,583 આરોપીઓ ફરાર છે. વર્ષ 2019ની વાત કરવામાં આવે તો તે વર્ષે ગુજરાત પોલીસ દ્વારા રૂ. 215 કરોડની કિંમતની IMFL અને દેશી દારૂની લગભગ 68 લાખ બોટલો જપ્ત કરવામાં આવી હતી.

ગુજરાતના ડીજીપી આશિષ ભાટિયાએ જણાવ્યું કે, 'પોલીસની સતર્કતાને કારણે દારૂ પકડવાના કેસમાં વધારો થયો છે.' ગુજરાતમાં દારૂની હેરાફેરી અંગેના પ્રશ્નના જવાબમાં ભાટિયાએ કહ્યું કે, 'રાજ્યમાં આવતી દરેક ટ્રકની તપાસ કરવી માનવીય રીતે અશક્ય છે. પરંતુ અમે સતર્ક રહીએ છીએ અને હ્યુમન ઈન્ટેલિજન્સ અને ઇનપુટ્સની મદદથી દારૂ માફિયાઓ પર નજર રાખીએ છીએ.'

# રાજપૂત જ્ઞાતિપંચ ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલમાં શાંતિવન સ્ટનર્સનો શાનદાર વિજય







**અમદાવાદની ત્રણ પ્રતિષ્ઠિત કંપનીના માલિક ખુશ્બુ નિકુંજ પટેલ અને સમાજના અગ્રણી દ્વારા ટ્રોફી એનાયત કરાઈ**

ગુજરાત વંદન

હેબતપુર થલતેજ ખાતે અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ 2021-22નું આયોજન કરાયુ હતું. રવિવારે શાંતિવન સ્ટનર્સ અને સેટેલાઈટ સમેર્શસ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી ટીમનો જેમાં શાંતિવન સ્ટનર્સનો શાનદાર વિજય હતો. વિજેતા ટીમ સહિતના પ્લેયરોને અમદાવાદની ત્રણ પ્રતિષ્ઠિત કંપનીના માલિક ખુશ્બુ નિકુંજ પટેલ તેમજ સમાજના અગ્રણી કૌશિકભાઈ પરમાર, જેન્તીભાઈ રાજપૂત, પ્રફુલ્લભાઈ મકવાણા અને રમેશભાઈ રાજપૂત દ્વારા ટ્રોફીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



અમદાવાદના હેબતપુર થલતેજ સ્થિત રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આર્ગેનાઈઝેશન ગુલાબસિંહ સોલંકી, રાકેશ ચાવડા, પ્રગ્નેશ રાજપૂત સહિતના સમાજના અગ્રણીઓ કર્યું હતું જેમાં ટ્રોફી સ્પોન્સર ગુજરાત અમદાવાદની ત્રણ પ્રતિષ્ઠિત કંપની અને દિલીપ દશરથભાઈ રાજપૂતે કર્યું હતું.



આજે શાંતિવન સ્ટનર્સ અને સેટેલાઈટ સમેર્શસ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. શાંતિવને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગનો નિર્ણય કર્યો હતો. સેટેલાઈટે પ્રથમ બેટિંગ કરતા 117 રનનો ટાર્ગેટ આપ્યો હતો જે શાંતિવન સ્ટનર્સે 3 વિકેટ ગુમાવીને પાર પાડીને ફાઈનલમાં યાદગાર વિજય મેળવ્યો હતો. મેન ઓફ ધ મેચ જયસિંહ રાજપૂત અને મેન ઓફ ધ સીરીઝ જશવિન ચાવડાએ 4 ઈનિંગમાં 4 ફિફ્ટી સાથે કુલ 234 રન બનાવ્યા હતા અને બેસ્ટ બોલર ચિરાગ ડોડિયાને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.



# અમદાવાદીઓ, જો જો પતંગની સાથે કોરોના ન લાવતાં..!

* અમદાવાદમાં આ વખતે પણ ત્રીજી લહેર સડસડાટ શરૂ થઈ ગઈ છે... સાવધાન
* પતંગો ખરીદવા ભલે જાઓ પણ માસ્ક ચોક્કસ પહેરી રાખો અને અંતર જાળવો એતમારા જ હિતમાં છે..

ગુજરાત વંદન

ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં અમદાવાદ શહેર કોરોનાનું એપી સેન્ટર બન્યું હોય.તેવા સમયે ઉત્તરાયણનો મહાપર્વ પણ આવી પહોંચ્યો છે. અમદાવાદની ઓળખ એટલે પતંગોનો તહેવાર. લોકો દેશવિદેશથી અમદાવાદમાં પતંગો ઉડાડવા અને નિહાળવા આવતા હોય છે. અમદાવાદના કોટ વિસ્તારમાં હેરીટેજ મકાનોના ધાબા બુક થતાં હોય છે પતંગો ઉડાડવા માટે પણ આ વખતે ત્રીજી લહેર સડસડાટ શરૂ થઇ ગઇ છે તેથી 80 ટકા ધાબા બુકીંગ કેન્સલ થઇ ગયું છે.અમદાવાદમાં રોજના બે હજાર કેસો આવી રહ્યાં છે. 14મી ઉતરાયણ પૂર્વેના આખરી રવિવારે બજારોમાં લોકોની ખરીદી માટે ભારે ભીડજોવા મળી રહી છે. તેમજ આ ભીડમાં લોકો અને પતંગરસિયાઓ કોરોના ગાઈડલાઇનને ભૂલ્યા છે. જેમાં બજારમાં ન તો લોકોએ માસ્ક પહેર્યા છે અને ના તો સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું છે. આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બોલી બોલીને થાકી ગયા કે માસ્ક પહેરો,,જાન હૈ તો જહા હૈ પણ તેનું ઉલ્લંઘન છેવટે ભારે ન પડી જાય તેની કાળજી અમવાદીઓએ લેવી જોઇએ. ઐતિહાસિક અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં બજારોમાં ઉતરાયણની રોનક જોવા મળી રહી છે. તેમજ શહેરના કોટ વિસ્તારમાં પતંગ દોરીની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી. કોરોનાને કારણે પતંગ અને દોરીના ભાવમાં ધરખમ વધારો જોવા મળ્યો છે. તેમજ રાયપુર, ખાડિયા અને દિલ્લી દરવાજા ખાતે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદમાં કોરોના વિસ્ફોટ થયો છે.રોજના બે હજારથી પણ વધારે કેસ આવી રહ્યાં છે છતાં લોકો બેદરકાર છે. અમદાવાદમાં ભદ્ર બજારમાં લોકોની બજારમાં ખરીદી માટેની આ ભીડ જ સંક્રમણની સ્ફોટક સ્થિતિ સર્જશે. લોકો માસ્ક વગર બેરોકટોક ફરી રહ્યાં છે. જે યોગ્ય નથી. પોલીસ પણ લોકોને કહી કહીને થાકી જાય છે, પોલીસ પોતે માસ્કનું વિતરણ કરે છે.

# લગ્ન સમારોહમાં દરેક જાનૈયાઓએ માસ્ક પહેરીને નાચવુ પડશે..



* કોરોના માટે પોલીસની શી-ટીમ સરપ્રાઇઝ ચેકિંગ કરશે
* રાતે 10 વાગ્યાથી મોડું થશે તો ધરપકડ કરાશે
* મેરેજ રિસેપ્શન માટે પોલીસ મંજૂરી જરૂરી

ગુજરાત વંદન

ઉત્તરાયણે કમુરતા પૂરાં થતાં જ લગ્નની સિઝન શરૂ થઈ જશે. જ્યારે લગ્નપ્રસંગોમાં કોરોનાની ગાઇડલાઇનનું પાલન કરાવવાની જવાબદારી પોલીસને માથે નખાઈ છે. આથી શહેરમાં યોજાનારા તમામ લગ્ન સમારંભોની યાદી મેળવી પોલીસ વર-કન્યાના પરિવારને રૂબરૂ મળી લગ્નમાં 150 થી વધારે આમંત્રિતોને ન બોલાવવા સૂચના અપાઈ તથા રાત્રે 10 વાગ્યા પહેલાં પરિવાર, આમંત્રિતો, કેટરિંગ- ડેકોરેશનવાળા સહિતના લોકો ઘરે પહોંચી જાય તે રીતે લગ્નની વિધિ રિસેપ્શન કે જમણવાર પૂરા કરવાનું સમજાવશે.ઉત્તરાયણે કમુરતાં પૂરાં થતાં ત્યાર બાદ શહેરમાં મોટી સંખ્યામાં લગ્ન યોજાવાનાં છે. જોકે લગ્ન માટે વર-કન્યા પક્ષના સભ્યોએ 6થી 12 મહિના પહેલાંથી જ હોટેલ, ક્લબ, પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, બેન્ડવાજા, ડીજે, કેટરિંગ, ડેકોરેશન સહિતનાં બુકિંગ કરાવી લીધાં છે, પરંતુ હાલ કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી રાજ્ય સરકારે કેટલાંક કડક નિયંત્રણો લાદ્યાં છે. જોકે આ નિયંત્રણોમાં લગ્ન સમારોહમાં આમંત્રિતોની સંખ્યામાં કોઈ વધારો-ઘટાડો કરવામાં આવ્યો નથી. આથી હાલમાં લગ્નમાં 150 વ્યક્તિઓને બોલાવી શકાશે. લગ્ન સમારોહમાં કોરોનાની ગાઇડલાઇનના અમલની જવાબદારી પોલીસને સોંપવામાં આવી છે. આથી પોલીસ વર-કન્યાના પરિવારનો સંપર્ક કરીને તેમને કોરોના અંગેની ગાઇડલાઇનનું કડક પાલન કરવા માહિતગાર કરશે. પોલીસ કમિશનરે સૂચના આપી છે કે, દરેક લગ્ન સમારોહના સ્થળે જઈને વર-કન્યાના પરિવારને કોરોનાની ગાઇડલાઇન વિશે માહિતગાર કરવાના રહેશે. જો રાતે 10 વાગ્યા પછી લગ્ન કે રિસેપ્શન ચાલુ જણાશે તો પોલીસ જવાબદાર વ્યક્તિ સામે ગુનો નોંધી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરશે.

नेट डाकिया
દેશ-વિદેશના રોજે રોજના અને પળે પળના સમાચારો માટે વિઝિટ કરો નેટ ડાકિયા.કોમ
https://netdakiya.com